(ડ) ચોરી કરવાના ઇરાદાથી જ ના કબજામાથી કાઈ જ ની મીલકત લેવાને અ બ ને ઊશકેરે અ બ ના મનમા એવો વીસવાસ ઊતપન કરે કે તે મીલકત અ નીછે પછી સુધબુધીથી તે મીલકત અ ની છે એમ માનીને બ તે મીલકત જ ના કબજામાંથી લે તો એ ખોટી સમજણથી કામ કરયુ તેથી તેણે બદદાનતથી લીધી એમ કહેવાય નહી માટે તેણે ચોરી કરી એમ સમજવુ નહી પણ અ એ ચોરીમા મદદગારી કરી અને બ એ ચોરી કરી હોય ને જે શીક્ષ બ ને થાય તેજ શીક્ષાને અ લાયક છે એમ સમજવુ

ખુલાસો ૪ થો—કોઈ ગુનાહમા મદદગારી કરવી એ ગુનોહછે માટે એવી મદદગારીમાં મદદગારી કરવી તે પણ ગુનોહછે એમ સમજવું.

દ્રષ્ટાંત

જ નુ ખુન કરવાને ક ને ઉસકેરવાને અ બ ને ઊશકેરે તે ઊપરથી જ નુ ખુન કરવાને બ ક ને ઉશકેરે. અને બ ઊશકેરણી ઉપરથી ક તે ગુનોહ કરે તો પોતાના ગુનાને માટે બ ખુનની શીક્ષાને લાયકછે; અને તે ગુનોહ કરવાને અ એ બ ને ઉશકેરયો માટે અ પણ તેજ શીક્ષા ને લાયકછે એમ સમજવું

ખુલાસો ૫ મો—મસલતથી મદદગારીનો ગુનો કરવામાં એવુ કાંઈ જરૂર નથી કે જે સખસ ગુનોહ કરે તે સખસની સાથે તે મદદગારે તે ગુનાહ બાબત મનસુબો કરવો જોઈએ જે મસલત મુજબ તે ગુનોહ કરવામાં આવે તે મસલતમાં તે સામેલ થયો તો બસછે.

ઠરે કે અ એ જેહેર આપવું પછી તે ગોઠવણુ બ ક ને સમજાવે
એક તીજો સખસ જેહેર આપવાનોછે પણ અ નુ નામ કહે નહી ક જેહેર
કબુલ કરે અને સમજાવેલી રીતે વાપરવા સારૂ તે જેહેર તેઓ ને હવાલે
ને જેહેર આપે અને તેના જોરથી જ મરી જાય તો એ ઠેકાણે અ તથા
મળીને કઇ મસલત કરી નથી તો પણ જે મસલત મુજબ જ નું ખુન
સામીલ થયો માટે ક એ આ કલમમાં બયાન કરેલો ગુનોહ કરયો અને
સજાને લાયકછે એમ સમજવુ.

ટીકા.

મદદ કરેલો ગુનહો ખરેખરો બનેલ હોવો જોઇએ એવી કાંઇ જરૂર નથી ૪ ઇ. લો. રી. (કલકતા) પા. ૨૬૬

૧૦૯ અગર કોઇ માણુસ કાંઈ ગુનામાં મદદગારી કરે અને તે મદદગારી ઊપરથી તે મદદગારી કરેલુ કામ કરવામા આવે અને તે મદદગારીની શીક્ષાને માટે આ કાયદામાં કાંઈ સાફ ઠરાવ કરેલો નહી હોય તો તે ગુનાહને માટે ઠરાવેલી શીક્ષા તે માણુસને કરવામાં આવશે.

જો મદદગારી ઊપરથી મદદગારી કરેલુ કામ કરવામાં આવે અને તેની મદદગારીને માટે બીજે કાંઈ સાફ સીક્ષા ન ઠરાવી હોય તેની શીક્ષા.

ખુલાસો—કાંઇ કામ અથવા ગુનો મદદગારી ઉપરથી કરનામાં આવ્યો એમ કયારે સમજવુ કે જયારે તે કામ અથવા ગુનો તે મદદગારીમાં જે ઉસકેરણી અથવા મસલત થવા સાહાય આવ્યુ હોય તે ઊસકેરણી ઊપરથી અથવા તે મસલત મુજબ અથવા સહાયથી કરવામાં આવે તીયારે.

દ્રષ્ટાંત.

(અ) બ એક સરકારી નોકરછે તેણે પોતાના ઓધાનો અમલ ચલાવવામા અની ઊપર કાંઈ મહેરબાની બતાવવાના બદલામાં અ બ ને કાંઇ લાંચ આપવા માડે અને બ તે લાંચ લે, તો ૧૬૧ મો કલમમા બાયાન કરેલા ગુનામાં અ એ મદદગારી કરી એમ સમજવું.

(બ) ખોટી શાહેદી આપવાને અ બ ને ઉશકેરે અને તે ઊશકેરણી ઉપરથી બ તે ગુનો કરે તો અ એ તે ગુનામા મદદગારી કરી તથા બ ના જેવીજ શીક્ષાને તે લાયક છે એમ સમજવું.

(ક) અ તથા બ જ ને જેહેર આપવાની મસલત કરે. તે મસલત મુજબ અ જેહેર લાવીને બ ને હવાલે કરે એટલા સારૂ કે બ તે જેહેર જ ને આપે પછી તે મસલત મુજબ બ અ ની ગેર હાજરીમા તે જેહેર જ ને આપે અને તેથી

ટીકા.

સને ૧૮૭૦ નો આક્ટ ૨૭ મુજબ ગુનાની વ્યાખ્યામાં વીશેશ અને સથાનીક કાયદા વીરૂધ ગુનાઓનો હવે સમાવેશ થાયછે તોપણ તેમાં વીલાયતના કાયદા વીરૂધ ગુનાઓનો સમાવેશ થતો નથી એટલા માટે જ્યાં મુખીય ગુનેગાર માતર .એજ કાયદા મુજબ સીક્ષા લાએક હોય તાંહા એ ગુનો કરવાને હીંદુસતાનમા મસવરત કરવાના ગુનાને સાટ ૨ આ કલમ મુજબ શીક્ષને લાયક નથી (મુંબઈ પ્રા કે. વા. ૭ પા. ૧૧૬)

મુખ ગુનોહ કરનારને સજા થાય તોજ મદદગારને સજા થાય એમ નથી મુખી છુટી જાય અને મદદગારને સજા થઇ સકે છે. ૧ ઇલાકો (મુબઇ) પા. ૧૫

.કોઇએ કોઇ સખસ ઉપર ખોટી ફરીઆદ કરી હોય તેમા એક સાક્ષીએ સાક્ષી આપીહોય તો એ સાક્ષી આપનાર સખસ ઉપર એ ખોટી ફરીઆદ કરવામાં મદદગારી કરવાનુ તહોમત રખાય નહી. ૯ પ્રે. લા. રી. એપેનડીક્ષ) પ્ર. ૯.

મદદગારીના તહોમતમાં મુળ ગુનાહની કલમ દાખલ કરવી જોઇએ તેમજ કેવી રીતે મદદગારી કરી તે પણ બતાવવું જોઇએ ૧ વી૦ રી પ્ર. ૯

અગર મદદગારી કરેલો સખસ તે કામ મદદગારના ઇરદા કરતા જુદા ઇરદાથી કરે તો તે મદદગારીની શિક્ષા.

૧૧૦ અગર કોઇ માણસ કાંઇ ગુનામાં મદદગારી કરે અને મદદગારી કરેલો સખસ મદદગારના ઇરાદા અથવા જ્ઞાન કરતાં જુદાજ ઇરાદા કે જ્ઞાનથી તે કામ કરે, તો બીજા ઇરાદાથી અથવા જ્ઞાનથી નહી પણ મદદગારના જેવાજ ઇરાદાથી અથવા જ્ઞાનથી અગર તે કામ કરયુ હોય તો જે ગુનો થાય તે ગુનાને માટે ઠરાવેલી શીક્ષા તે માણસને કરવામા આવશે

એક કામમાં મદદગારી કરી હોય અને જુદુજ કામ બને તીયારે મદદગારીની જવાબદારી. સરત.

૧૧૧ અગર એક કામમા મદદગારી કરવામા અવે અને બીજુ કામ બને તો જાણે તેજ કામમાં મદદગારી હોય તેવીજ રીતે તથા તેટલેજ દરજજે તે મદદગાર તે બનેલાં કામને માટે જાબદાર છે પણ તે બનેલુ કામ તે મદદગારીનુ સંભાવ્ય ફળ હોવુ જોઇએ તથા જે ઊશકેરણી અથવા સાહાય અથવા મશાવરત તે મદદગારીમા આવી હોય તે ઊશકેરણીના જોરથી અથવા તે સાહાયથી, અથવા તે મશાવરત મુજબ તે કામ થવુ જોઇએ.

દ્રસ્ટાંતો.

(અ) જના ખોરાકમાં જેહેર ઘાલવાને એક બાળકને ઊસકેરીને અ તે કારણસર તે બાળકને કાંઇ જેહેર શોપે, પછી તે ઊશકેરણી ઊપરથી, ય નો ખોરાક જના ખોરાકની પાસે છે તહેમા ચુકથી તે જેહેર ઘાલે, તો એ ઠેકાણે, જો તે બાળકે તે ઊસકેરણીના જોરથી કામ કરયું હોય, અને સઘળો હાલ જોતા જે કામ થયું તે મદદગારીનું

સંભવિત ફળ હોય, તો અગર અ એ તે બાળકને ખાનાજ ખોરાકમાં ઝેહેર નાખવાને ઊસકેર્યા હોય એહેવીજ રીતે તથા તેટલેજ દરજ્જે અ જવાબદાર છે.

(અ) જ નું ઘર બાળીનાંખવાને અ બ ને ઊસકેરે, અને બ તે ઘરને આગ લગાડીને તેજ વખતે તહાં કાંઇ મીલકતની ચોરી કરે; તો અગર તે ઘર બાળવામા મદદગારી કરવાનો અ તકશીરવાર છે, તો પણ તેણે તે ચોરીમા મદદગારી કરી એમ શમજવું નહીં, કેમકે ચોરી તે જુદુજ કામ છે. અને તે બાળવાનું સંભાવ્ય ફળ નથી.

(ક) અપહરણના કારણસર મધર તે એક વાસેલું ઘર ફોડવાને અ બ તથા ક એઓને ઊસકેરે. અને તે કારણસર તે તેઓને શશાતર આપે પછી બ તથા ક તે ઘર ફોડીને અંદર જાય, અને તે ઘર માંહીલો એક માણસ જ તેઓની સાહામો થએથી તેઓ જ નું ખુન કરે, તો એ ઠેકાણે, જો તે ખુન તે મદદગારીનું સંભાવ્ય ફળ હોય, તો અ ખુનને માટે ઠરાવેલી શીક્ષાને લાયક છે એમ સમજવું.

મદદગારને મદદગારી કરે ખા કામના તથા બનેલાંકામની એ બંને શીક્ષા ક્યારે થઇ શકે.

૧૧૨ મદદગારી કરેલું કામ પણ કરવામાં આવે, અને ઊપલી કલમ મુજબ જે કામને માટે મદદગાર જવાબદાર છે. તે કામ પણ કરવામાં આવે, અને તે કામ જુદેજ ગુનોહ થાય, તો તે મદદગાર તે ગુનાહોમાંના હરએક ગુનાની શીક્ષાને લાયક છે,

દૃષ્ટાંતો.

એક સરકારી નોકરે કરેલી જપતીના સામો થવાને અ બ ને ઉસકેરે. પછી તે ઉપરથી બ તે જપતીની સામે થાય, અને સામો થવામાં બ તે જપતી કરનાર અમલદારને ખુશીપુરવક માહાવ્યથા કરે તો, તે જપતીની સામો થવાનો ગુનોહ તથા ખુશીપુરવક માહાવ્યથા કરવાનો ગુનોહ, એ બંને ગુના બ એ કરયા માટે બ એ બને ગુનાહની શીક્ષાને લાયક છે. અને અગર અ એ એમ જાણ્યુ હોય કે તે જપતીની સામો થવામા બ ખુશીપુરવક માહાવ્યથા કરશે હેવો સભવ છે તો અ પણ એ ગુનાઓમાંના હરએક ગુનાહની શીક્ષાને લાયક છે એમ સમજવું.

મદદગારી કરેલાં કામથી મદદગારના ધારયા કરતા જુદી અસર પેદા થાય તે અસરને માટે તે મદદગારીના જવાબદારી.

૧૧૩ એક મુકરર અસર પેદા કરવાના ઇરાદાથી મદદગાર સખસ કાંઇ કામમાં મદદગારી કરે અને તે મદદગારી ઉપરથી જે કામને માટે તે મદદગાર જવાબદાર હોય એવુ કાંઇ કામ તે મદદગારે ધારેલી હોય તે કરતા જુદીજ અસર પેદા કરે તો અગર તે મદદગારે તેજ અસર પેદા કરવાના ઇરાદાથી તે કામમા મદદગારી કરી હોય એવીજ રીતે તથા તેટલેજ દરજ્જે તે મદદગાર તે પેદા કરેલી અસરને માટે જવાબદાર છે પણ તે મદદગારી કરેલા કામથી તે અસર થવાનો સંભવ છે એમ તેણે જાણ્યુ હોય તો.

દ્રષ્ટાંત.

જ ને મહાવ્યથા કરવાને અ બ ને ઉશકેરે, પછી બ તે ઊશકેરણી ઉપરથી જ ને મહાવ્યથા કરે અને તેથી કરીને જ મરી જાય તો એ ઠેકાણે અગર અ એ એમ જાણ્યું હોય કે તે મદદગારી કરેલી મહાવ્યથાથી જ નુ મોત થશે એવો સંભવછે તો ખુને કરાવેલી શીક્ષા પામવાને ય લાયક છે એમ સમજવું.

૧૧૪ જે સખસ અગર ગેરહાજર હોય તો મદદગાર દાખલ શીક્ષા પામવાને લાયક થાય તે સક્ષને તે મદદગારોને લીધે જે કામ અથવા ગુનાને માટે શીક્ષા થઇ સકે એવુ હોય તે કામ અથવા ગુનો થતી વખતે તે સખસ જો તાંહા હાજર હોય તો તેણે તે કામ અથવા ગુનો કર્યો એમ સમજવું.

ગુનોહ થતી વખતે મદદગાર હાજર હોય તો.

ટીકા

કોઈ સખસને મદદગાર તરીકે ગેરહાજરીમાં જવાબદાર કરવાને એમ બતાવવું જોઇએ કે ખરેખર બનેલો ગુનોહ કરવમા તેણે સાહાય કરી હતી, ઉસકેરણી કરી હતી અગર મસલત કરી હતી (કા. ૧૦૭) એટલા સારૂ જ્યા કેટલાક કેદીઓએ મહાવ્યથા કરી હતી અને બાજા માતર પાસે ઉભા રહ્યા હતા. અને પુરાવા ઉપરથી એમ માલમ પડતુ હતુ કે એ હુમલો અનીસચીત હતો તથા એમ ઠરાવ કરવામા આવ્યો હતો કે જે લોકો પાસે ઊભાં હતા તેમને તે કામ ૧૦૭ તીજા ફકરા મુજબ એ કામમાં સાહાય કરવાને સારૂ મદદગાર તરીકે શીક્ષા થાય પણ કલમ ૧૧૪ મુજબ મુખીય માણસોને શીક્ષા થઇ સકે નહી. કારણ કે તેઓ ગેરહાજર હોય તો તેમને મુળગાએ સીક્ષા ન થઈ શકત (રેવીનીયુ સીવીલ એંડ કરીમીનલ રીપોરટર કલકતા કરીમીનલ રૂલીંગ વા૦ ૪ પા ૨૭

મુસલમાન અસતરી ધણીની મીલકતની ચોરી કરવામાં મદદ કરે તેને આ કલમ પરમાણે ગુનાની શીક્ષા થઇ સકે છે. (મુંબઇ હાઈ કોરટ તા૦ ૪ મારચ સને ૧૮૬૯.)

કોઇ હીંદુ અસતરી પોતાનુ અસતરીધન ધણીને કબજેથી તેની રજા વગર લઇ જાય તો તેના ઉપર ચોરીનો ગુનો સાબીત થતો નથી તેમ તેમા મદદગારીની શીક્ષા થઇ શકતી નથી (મુંબઇ હા. કો. તા. ૧૯ જાનેવારી સને ૧૮૭૧ વા. ૮ પા ૧૧)

જે વખતે કોઈ માણસ એકાદ ગુનોહ કરવામા મદદ કરેને ને ગુનો થતી વખતે હાજર રહે છે તો તે વખતે તેની ચોકસી કરવાની તે મુજબ અપરાધ કરયા બદલ આ કલમ પરમાણે કરવી જોઇએ મુંબઈ હાઈકોરટ તા૦ ૬ જુલાઇ સને ૧૮૭૧ વાલીયમ ૮ પાનુ ૧૬૪.

ખોટી પરતીજ્ઞા કરવા સીખવનાર ઉપર જયાં સુધી પરતીજ્ઞાનો ગુનોહ સાબીત થઓ નથી તયાં સુધી સીખવનાર ઉપર તહોમત લાગતુ નથી .રૂસલ અનકરાઇન " વાલીયમ [illegible] પા૦ ૫૧૭."

[illegible] હોવુ એટલે કે ગુનોહ થતી વખતે ગુનોહ બનીયાની જગોએ હ[illegible]

જઈ આપી શકે આરમબોલ્ડ પ્ર ૮.

ચોરી કરવા જનારમાના કેટલાક અંદર ચેરી કરવા જાય અને કેટલાક બાહાર ઉભા [illegible] તો તે બહાર ઊભા રહેનાર અંદર જનાર જેટલાજ ગુનેહગાર છે આરમબોલ્ડ પ ૧૦૧૮

કેઇ સખ્સ ચોર લોકો ચેરી કરી જે માલ આપે તે લઈ જવાનુ માથે લે અને તે [illegible]રમાણે તે પોતાના ઘર બહાર નીકળે પણ જ્યાં ગુનોહ બનીયો હોય ત્યાંથી એટલે ન[illegible] ન હોય કે જેથી મુખીય ગુનોહ કરનારને કાંઈ મદદ કરી શકે તો તે આ કલમ પરમા[illegible] ણેનો ગુનેગાર ઠરે નહી, આરમબોલ્ડ પા. ૧૦૧૮

ખોટા દસતાવેજનો અમુક ભાગ અમુક સખ્સે કરવો એવુ ઠરયું હોય અને તે પર[illegible] માણે જુદે જુદે વખતે દરેક સખ્સ પોતેપોતે માથે લીધેલુ કામ કરે તો તેઓ સઘળા[illegible] મુખીય ગુનેગાર તરીકે જવાબદાર છે અગર તે સઘળાએ ભેગા થઈ આ કામ પુરૂ કરયુ[illegible] નથી તોપણ આરમબોલ્ડ પ્ર. ૧૦૧૯

આ કલમ પરમાણે મદદગારને મુખીય ગુનોહ કરનાર જેટલો જવાબદાર ગણવા મા[illegible] દે જરૂરનુ છે કે ગુનેહ શરૂ થયાથી તે પુરૂ થતાં સુધી સઘળો વખત તે પાસે રહેલો [illegible] જોઇએ. પુરો થતા દરમીયાન તે ખસી જાય તો એ કલમ પરમાણે જવાબદાર નથ[illegible] [illegible] મુ. હા. રી. પા. ૪૯૭.

કેટલાક સખ્સો જોર જુલમથી માલ ઊડાવી લઇ જાય તો સઘળા એક સરખા જવા[illegible] બદારછે અગર એ કેટલાક સખ્સોએ તે માલ ઉડાવ્યો ન હોય તો પણ કેમકે સઘ[illegible] ભેગા હતા એટલે સઘળા એક સરખા જવાબદારછે ૮ બી. રી. પ્ર. ૫૯

૧૧૫ મોતની અથવા જીવતાં સુધી સમુદરપારની શીક્ષા થઇ શકે એવો કઇ ગુનો[illegible]

[illegible]મોતની અથવા જીવતાં [illegible]ની સમુદર પારની શીક્ષા [illegible] શકે એવા ગુનાઓમા [illegible]મદદગારી કરવામા આવે [illegible] તે ગુનોહ તે મદ[illegible] [illegible]ગારી ઉપરથી ન થાય તો [illegible] મદદગારીની સીક્ષા. અગર જેથી વ્યથા થા[illegible] [illegible] એવુ કાઇ કામ તે મ[illegible] [illegible]દગારી ઉપરથી કરવામા [illegible]આવે તો.

કરવામાં કોઈ માણુસ મદદગારી કરે અને તે મદદગારી [illegible] રથી તે ગુનોહ કરવામા આવે નહી તથા તે મદદગારી મા[illegible] સીક્ષા સબંધી આ કાયદામાં કાંઈ સાફ ઠરાવ નહી કરે[illegible] હેય તો તે માણસને સાત વરસની મુદત સુધીની [illegible] ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે. [illegible] તે દંડને પણ લાયક થશે અને અગર તે મદદ[illegible] જે કામને માટે તે મદદગાર જવાબદાર હોય [illegible] મથી કોઇ શખ્સને વ્યથા થાય એવુ કંઇ [illegible] આવે તો તે મદદગારને ચઉદ વરસની મદત સુ[illegible] ના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આ[illegible] [illegible] દંડને પણ લાયક થશે.

દ્રષ્ટાંત.

[illegible] જ નુ ખુન કરવાને અ બ ને ઉસકેરે પણ તે ગુનો કરવામા આવે નહી હવે અગ [illegible] જ નુ ખુન કરે તો તે મોતની અથવા છતા સુધી સમુદરપારની શીક્ષાને લાયક થાય એવુ છે માટે અ સાત વરસની મુદત સુધીની કેદને તથા દંડને પણ લાયકછે એમ સમજવુ અને તે મદદગારી ઊપરથી જો જ ને કાંઈ બ્યથા કરવામાં આવે તો તે માણસ અ ચઊદ વરસની મુદત સુધીની કેદને તથા દંડને લાયક થશે એમ સમજવું.

કેદની સીક્ષા થઈ સકે એવા ગુનામા મદદગારી કરવામા આવે અને તે ગુનો તે મદદગારી ઉપરથી ન થાય તો તે મદદગારીની શીક્ષા.

અગર તે મદદગાર અથવા મદદગારી કરેલો સખસ સરકારી નોકર હોય, અને તેનો ફરજ તે ગુનો અટકાવવાની હોય તો

૧૧૬ કેદની શીક્ષા થઈ શકે એવા કાંઈ ગુનામાં કોઈ માણસ મદદગારી કરે અને તે મદદગારી ઉપરથી તે ગુનો કરવામાં આવે નહી તથા તથા તે મદદગારને માટે સીક્ષા સબંધી આ કાયદામા કાંઈ સાફ ઠરાવ નહી કરેલો હોય તો તે માણસ ગુનાને માટે ઠરાવેલા પરકારની તથા તે ગુનાને માટે કેદના ઘણામા ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની અથવા તે ગુનાને માટે ઠરાવેલા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવસે અને અગર તે મદદગાર અથવા જેને મદદગારી કરી હોય તે સખસ સરકારી નોકર હોય અને તેની ફરજ તે ગુનો થતો અટકાવવાની હોય તો તે મદદગારને તે ગુનાને માટે ઠરાવેલા પરકારની તથા તે ગુનાને માટે કેદની ઘણામા ઘણી જે મુદત ઠરાવી હોય તેની અરધી મુદત સુધીની કેદની અથવા તે ગુનાને માટે ઠરાવેલા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

દ્રષ્ટાંત.

(અ) બ એક સરકારી નોકર છે. તે પોતાના હોદાનો અમલ ચલાવવામા અની ઉપર કાંઈ મેહેરબાની કરે તેના બદલામાં અ બ ને કાંઈ લાંચ આપે અને બ તે લાંચ લે નહીં તો અ ને આ કલમ મુજબ શિક્ષા થઈ શકે.

(બ) ખોટી સાહેદી આપવાને અ બ ને ઉશકેરે તો એ ઠેકાણે, અગર બ ખોટી સાહેદી આપે નહીં તો પણ અ એ આ કલમમાં બયાન કરેલો ગુનોહ કરયો અને તે મુજબ તેને શીક્ષા થઇ શકે એમ સમજવું

(ક) અ એક પોલીશ અમલદાર છે તેની ફરજ અપહરણ અટકાવવાની છે તે અપહરણ કરવામાં મદદગારી કરે, તો એ ઠેકાણે અગર તે અપહરણ ન થાય તો પણ તે ગુનાને માટે કેદની ઘણામા ઘણી જે મુદત ઠરાવી હોય તેની અરધી મુદતની કેદને તથા દંડને પણ અ લાયકછે, એમ સમજવું.

(ડ) અ એક પોલીશ અમલદાર છે. તેની ફરજ અપહરણ અટકાવવાની [illegible] પાસે તે ગુનોહ કરાવવામા બ મદદગારી કરે તો એ ઠેકાણે અગર તે અપહરણ [illegible] તો પણ તે અપહરણના ગુનાને માટે કેદની ઘણામા ઘણી જે મુદત ઠરાવી [illegible]

...ડપી મુદતની કેદને, તથા દંડને પણ (બ) લાયક છે, એમ સમજવું.

ટીકા.

એક તહોમતદાર ઊપર આ કાયદાની કલમ ૧૬૧ પરમાણેના ગુનામાં મદદગારી કરવા... તહોમત આ કલમના બીજા ભાગ પરમાણે આવ્યુ જે શખસને મદદગારી કરી હતી... શખસ સીવીલ સરજન હતો અને તે સરકારી નોકર નહેતો તેથી ઠરાવવામાં આવ્યુ... કે આ કલમના બીજા ભાગ પ્રમાણે તે મદદગારને વધુ સજા થાય નહી ૨૧ વીક...

૧૧૭ લોક પાસે અથવા કોઈ પણ વરગના દસથી વધારે શખસો પાસે...

લોક પાસે અથવા દસથી વધરે માણસો પાસેથી ગુનો કરાવવામા મદદગારી. } કરાવવામાં જે માણસ મદદગારી કરે, તેને તરણ... ત સુધીના બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા... થવા એ બને ની શીક્ષા કરવામા આવશે.

દ્રષ્ટાંત

અ એક સરીઆમ જગામા એક જાહેરનામુ ચોડે, અને તે મધે દસથી વધારે માણસોના એક તડવાળાઓને એવી રીતે ઉશ્કેરે કે તમારા સામા તડવાળા માણસો ફલાણી વખતે તથા ફલાણે ઠેકાણેથી એક વરગોડો લઈ જવાના છે તેઓની ઊપર હુમલો કરવાના કારણસર તમે તે વખતે તે ઠેકાણે એકઠા થજો, તો અ એ આ કલમમાં બયાન કરેલો ગુનો કરયો, એમ સમજવું.

ટીકા.

ઘણું મદદગારી કરેલા સખશોમાંનો દરેક જુદો અને અલાહદો ગુનો કરે એટલે કે જ્યાં કેદીએ બાર હેલકારીઓમાંના દરેકને તેનો કરાર તોડવા ઉસકેરયા તીયાં આ કલમ લાગુ નથી (રેવનીયુ જુડીસીઅલ એંડ પોલીસ જનરલ વ.૧ પા. ૧૦૫.

દસ સખસ દસ કરાર તોડવામા મદદગારી કરે તો સઘળા ઊપર આ કલમ પ્રમાણે એકજ તોહોમત રખાય નહીં જુદી જુદી મદદગારી કહેવાય (ક્રી. પ્ર. ૭૧.)

૧૧૮ મોતની અથવા જીવતા સુધી સમુદરપારની શીક્ષા થઈ શકે એવો કોઈ ગુનો...

મોતની અથવા જીવતા સુધી સમુદરપારની શિક્ષા થઈ શકે એવો કોઇ ગુનો કરવાની ધારણા છુપાવવી. અગર તે ગુનો થાયતો અગર તે ગુનો થાય તો } કરવો સેહેલ કરવાના ઇરાદાથી અથવા તે પો... થશે, એવો સંભવ છે એમ જાણ્યા છતાં અગ... સ, કાંઈ કામ અથવા કાયદા વરૂધ કસુર કરી... કરવાની ધારણા થઈ હોય તે ધારણા બુધિપુરવક... વા તે ધારણા બાબત પોતે જેને ખોટી જાણતો... કાંઈ વાત જાહેર કરે, તો તે માણસને જો તે ગુનો થાય તો સાત વરસની... ની બેમાંના ગમે તે પ્રકારની કેદના શિક્ષા કરવામા આવશે; અથવા જો તે... ય તો તે માણસને તરણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની... કરવામાં આવશે અને ગુનો થાયતો પણ અને ન થાય તો પણ ઊપલી શિ... દંડને પણ તે માણસ લાયક થશે.

દ્રષ્ટાંત

...ડાકાઈટીનો ગુનો થવાનો છે. તે એમ જાણ્યા છતાં આ માજીસ્ટ્રેટને એવી ખોટી ખબર કરે કે તેથી સામા રસ્તાપર એક ક નામની જગા છે ત્યાં ગુનો થવાનો છે અને એમ કરીને તે માજીસ્ટ્રેટને છેતરે એવા ઇરાદાથી કે તે ગુનો કરવો સેહેલ કરવો અને તે ધારણા મુજબ બ જગાપર તે ગુનો કરવામાં આવે તો અ ને આ કલમમુજબ શીક્ષા થઇ શકે.

૧૧૯ કોઇ માણસ સરકારી નોકર હોય, અને સરકારી નોકર દાખલ જે ગુનો થતો અટકાવવાની તેહેની ફરજ હોય એવો કોઈ ગુનો કરવો સેહેલ કરવાના ઇરાદાથી અથવા પોતાથી તે સેહેલ થશે એવો સંભવ છે એમ જાણીને અગર તે સરકારી નોકર કાંઇ કામ કે કાયદા વીરૂધ કસુર કરીને તે ગુનો કરવાની ધારણા થઈ હોય તે ધારણા ખુશી પુરવક છુપાવે, અગર તે ધારણા બાબત પોતે જેને ખોટી જાણતો હોય. એવી કઇ વાત જાહેર કરે તો તે માણસને જો તે ગુનો થાય તો તે ગુનાને માટે ઠરાવેલા પ્રકારની તથા તેને માટે કેદની જે ઘણામાં ઘણી મુદત ઠરાવી હોય તેની અડધી મુદત સુધીની કેદની, અથવા તે ગુનાને માટે ઠરાવેલા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામા આવશે. અથવા જો તે ગુનો મોતની અથવા જીવતાં સુધી સમુદ્રપારની શીક્ષા થઇ શકે એવો હોય તો તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે; અથવા જો તે ગુનો ન થાય, તો તે માણસને તે ગુનાને માટે ઠરાવેલા પ્રકારની તથા તેને માટે કેદની જે ઘણામાં ઘણી મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની, અથવા તે ગુનાને માટે ઠરાવેલા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

જે ગુનો અટકાવવાની પોતાની ફરજ હોય એવો કોઇ ગુનો કરવાની ધારણા કોઇ સરકારી નોકરે છુપાવવી.

અગર તે ગુનો થાય તો.

અગર તે ગુનો મોતવગેરેની શીક્ષા જોગ હોય તો.

અગર તે ગુનો ન થાય તો.

દ્રષ્ટાંત.

અ એક પોલીસ અમલદાર છે અને અપહરણ કરવાની જે જે ધારણા તેના જાણીમાં આવે તે સંઘળેની ખબર આપવાની કાયદા મુજબ તેની ફરજ છે. તેના જાણમાં એમ હોય કે બ અપહરણ કરવાની ધારણા કરે છે, અને તે તે ગુનો કરવો સેહેલ કરવાના ઇરાદાથી તે ખબર આપવામા કસુર કરે, તો એ ઠેકાણે કાયદા વીરૂધ કસુર કરીને. અ એ બ ની ધારણા છે તે છુપાવી માટે તે આ કલમના ઠરાવ મુજબ શાજાને લાયક છે એમ સમજવું.

૧૨૦ કેદની સીક્ષા થઇ શકે એવો કોઈ ગુનો કરવો સેહેલ કરવાના ઇરાદાથી અથવા તે પોતાથી સેહેલ થશે એવો સંભવ છે એમ જાણયા છતાં જો કોઇ માણસ કાંઈ કામ અથવા કાયદા વીરૂધ કસુર કરીને, તે ગુનો કરવાની ધારણા થઇ હોય તે ધારણા ખુશી પુ

કેદની સીક્ષા થઇ શકે એવો કોઇ ગુનો કરવાની ધારણા છુપાવવી.

અગર તે ગુનોહ થાય તો
અગર ન થાય તો.

રવક કુપાત્રે અથવા તે ધારણા બાબત પોતે જે તો હોય એવી કાઇ વાત જાહેર કરે તો તે મા
તે ગુનો થાય તો તે ગુનાને માટે ઠરાવેલા પ્રકારની તથા તે ગુનાને માટે કેદની જે
માં ઘણી મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની અને જો તે ગુનો ન થાય તો
તે ઘણામાં ઘણી મુદતની એક અષ્ટમાંસ મુદત સુધીની કેદની અથવા તે ગુનાને મા
ઠરાવેલા દંડની, અથવા એ બ નેની સીક્ષા કરવામા આવશે.

ટીકા.

આ કલમમાં "કાયદા વિરૂધ" એ શબ્દ જે લખીયાછે તેનો ઇરાદો ઘણુ કરીને જે
કામોમા આવી જાતની કસુર કાએદાશર થાય અને જે કામોમાં ન થાય તે વચ્ચે ભેદ બત
લવાનોછે. એમાભાગેજ તકરાર કરાયછે ચોરીનો ઇરાદો કરયાના વાત જે શખસના સાંભ
ળવામાં આવે તેના ઉપર દાહાડે તડકામાં અગર રાતરે અંધારે અગર જરૂરનુ કીમ પડ
મુકી પોલીસની સોધમા નીકળવાની ફરજછે તમજ કોઇ શખસ ગુનો કરવા ઇરાદો કર
નીવાત જેના તેને કાચા પાયા ઊપર ખબર મળી હોય તે વાત એકદમ જાહેર
વાની પણ તેની ફરજ નથી આમાટે કોઇ મુકરર ધારો કરાય નહી પણ ખુલુછે કે આ
દરેક પરસગે તે ખબરની ખાતરી તેના ઊપર જેટલો ભરૂશો રાખીયો હોય તે તથા
સામાનીય જરૂરીઆત અને જે લોકો તે ઇરાદો અટકાવી શકે તે લોકોને જાહેર કરવા
સગવડ બધુ ધીયાનમાં લેવુ જોઇએ કેફીયત ઘણુ કરીને એવી હોવી જોઇએ કે તેથી
મતવાળો શખસ મુખ ગુનેગારોના ગુનામાં મળતીઓ માલમ પડે કેટલાક કેદીઓ ઊપર
નનો ગુનો શાબેત થયો હતો અને પાંચમો કેદી જે મરનારની ઓરત હતી તેના ઉપર
લમ ૧૧૮ મુજબ તહોમત રાખીયુ હતુ તો તે બાયડી પોતાના ધણીને મારી નાખવા
ઇરાદા વિશે જાણતી અને તેનુ મોત કરવાના ઇરાદાથી પોતે વાકબ છતાં તેને ચેત
આપી નહી એમ માલમ પડવાથી મદરાસ હાઇકારટે એ ગુનો સાબેત થયાના ઠરાવને
કો આપો (શને ૧૮૬૮ નો ઇનસાફ ૩૦ જુઓ.

ભાગ ૬ઠો.

રાજ્ય વિરૂધ ગુનાઓ બાબત.

૧૨૧ જે માણસ રાણીની સામા લડાઈ કરે અથવા લડાઇ કરવાની
યત્ના લડાઇ કરવામા મદદગારી કરે તેને મોતની
સુધી સમુદરપારની શીક્ષા કરવામા આવસે
મીલકત સરકાર જપત થશે.

રાણીની સામા લડાઈ ક
રવાની કોસીસ કરવી અથ
વા લડાઇ કરવામાં મદદ
ગારી કરવી.

ટીકા.

એક દીવાની કોરટનુ હુકમનામુ બજાવવા માટે પરતીવાદીની મીલકત જપત કરવામાં આવી જપતી થયા પછી પરતીવાદીને આ કલમ પરમાણે સજા થઈ અને તેથી સરકારની દાંચ પણ એ મીલકત ઉપર ગઈ તેમાં ઠરાવવામાં આવ્યું કે સરકારની જપતી સજા થયાની તારીખથી નહી પણ ગુનોહ બન્યાની તારીખથી ગણાય અને તેથી સઘળી મીલકત સરકાર જપતી થાય. ૮ બે. લા. રી. પા. ૮૩ આ કલમ વીરૂધના ગુનાહની તજવીજ [illegible] વરશે થાય. મુદતનો હરકત નથી ૧૫ વી. રી. પા ૨૫ (ફોજદારી.)

[illegible] ૧૨૧ અ જે માણસ બરીટીસ ઇંડીઆમાં અથવા બરીટીસ ઇંડીઆ બહાર ૧૨૧ મી કલમ પરમાણે સીક્ષા કરા લાયક કાંઇ ગુનો કરવાનો અથવા બરીટીસ ઇડીઆનુ અથવા તેના કાંઇ ભાગનુ રાણી સાહેબનુ રાજ્ય છીનવી લેવાનો શંપ કરશે અથવા ઇંડીઆ સરકારને અથવા હરકોઇ ઇલાકાની સરકારને સાપરાધ બળથી અથવા સાપરાધ બળના દેખાવથી ડરાવવાનો સંપ કરશે તે માણસને જીવતાં સુધી અથવા થોડી મુદત સુધી સમુદરપાર મોકલવાની શીક્ષા કરવી અથવા ઘણામાં ઘણા દશ વરસ સુધી બેમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવી."

[illegible] મી કલમ પ્રમાણે શીક્ષા કરવા લાયક ગુનો કરવાનો સંપ કરવો.

ખુલાશો—આ કલમ પરમાણે સંપ કરવાનો ગુનો થવા સારૂ સંપ કરવાના કામમાં હરકોઇ કામ અથવા કાયદા વિરૂધ કસુર થવી જોઇએ એવુ સમજવુ નહી."

દ્રષ્ટાંત.

(અ) રાણીના શામા એક બંડ થાય તેમાં અ શામીલ થાય તો આ કલમમાં બયાન કરેલો ગુનો અ એ કરયો એમ સમજવું.

(બ) સીલોન મધેના બંડખોરોને હથીઆરો મોકલીને તીયાંના રાણીના રાજ્યની સામા બંડ કરવામાં અ હીંદુશતાનમાં રહીને મદદગારી કરે તો અ એ રાણીના સામા લડાઇ કરવામાં મદદગારી કરવાનો ગુનો કીધો એમ શમજવું,

ટીકા.

કોઇ મળતીઆની શાક્ષીને કાયદાની બાબત તરીકે પુસટીની જરૂર નથી (સને ૧૮૭૨ નો આકટ ૧ કલમ ૧૩૩) જો કે ચેતવણી તરીકે તેની જરૂરછે (રેવનયુ સીવીલ એંડ કરીમીનલ રીપોરટ કલકતા કરીમીનલ રૂલીંગ વા. ૧ પાને ૭૮ મદરાસ હાઇકોરટ રૂલીંગ વા. ૪ પાન ૭ મુબઈ કાઉન કેસોસ વા. ૩ પા. ૫૭ અને વા. ૬ કલમ ૭).

૧૨૨ જે સખસ રાણીની સામા લડાઇ કરવાના ઇરાદાથી અથવા લડાઇ કરવાને તઇઆર થવાના ઇરાદાથી માણસો હથીઆરો અથવા દારૂ ગોળા એકઠા કરે અથવા લડાઇ કરવાની બીજી રીતે તઇઆરી કરે તે સખસને જીવતાં સુધી સમુદરપારની, અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની સીક્ષા કરવામાં આવશે અને તેની સઘળી મીલકત સરકાર જપત થશે,

રાણીની સામા લડાઇ કરવાના ઇરાદાથી હથીઆરો વગેરે એકઠાં કરવા.

ટીકા.

રજા લીધા વગર પરદેશ જ. ે તથા લાવે તથા લાવવાની કોશીસ [illegible]
૧૮૪૧ નો એ.કટ ૧૮ કલમ ૧ તથા સને ૧૮૬૦ નો ૩૧ કલમ ૧૮ [illegible]
થઇ,સ.મત જપ્ત થશે કોરટે ગુનેગારની મીનકત જપતકરવીજ જોઇયે. ([illegible]

૧૨૩ રાણીની સામા લડાઈ કરવાની કાંઇ ધારણા થઈ હોય તે ધારણા કાઇ કા

લડાઇનુ કામ શેહેલ કરવાના ઇરાદાથી લડાઇની ધારણા છુપાવવી.

મ અથવા કાયદા વીરૂધ કસુર કરીને જો કોઇ માણસ છુપાવે અને તે એવા ઇરાદાથી કે એ પરમાણે તે ધારણા છુપાવેથી તે લડાઈ કરવી શેહેલ થાય અથવા એ પરમાણે તે છુપાવેથા તે લડાઇ કરવી શેહેલ થશે એવો સંભવછે એમ [illegible]ણા છતાં તો તે માણસને દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની [illegible] શીક્ષા કરવામા આવશે અને વળી તે દડને પણ લાયક થશે.

૧૨૪ હીંદુસતાનના ગવરનર જનરલ, અથવા કોઇ પરેસીડેનસીના ગવરનર અથવા

કાયદેસર અખતીઆર અમલમા આણાવવા અથવા ન આણાવવાના ઇરાદાથી ગવરનર જનરલ ગવરનર વગેરે પર હુમલો કરવો.

કોઇ લેફટીનેટ ગવરનર, અથવા હીંદુસતાનના ગવરનર જનરલની કઉનશીલના અથવા કોઇ પરેસીડેનસીની કાઉનસીલના કોઇ સભાસદના કાયદેસર અખતીઆર મહેલા કોઇપણ અખતીઆર તે ગવરનર જનરલ અથવા ગવરનર અથવા લેફટીનેંટ ગવરનર અથવા કાંઉસીલના સભાસદને સમજાવીને અથવા જબરજસતીથી તેની પાસે કોઇપણ રીતે અમલમાં આણાવવા અથવા ન આણાવવાના ઇરાદાથી જે માણસ તે ગવરનર જનરલ અથવા ગવરનર અથવા લેફટીનેંટ ગવરનર અથવા કાંઉસીલના સભાસદની ઊપર હુમલો કરે અથવા તેને ગેરવાજબી અટકાવ કરે, અથવા ગેરવાજબી અટકાવ કરવાની કોશીસ કરે, અથવા સાપરાધ બળથી અથવા સાપરાધ બળના દેખાવથી તેને ડરાવે, અથવા તે રીતે ડરાવવાની કોશીશ કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની સીક્ષા કરવામાં આવશે અને વળી તેને પણ લાયક થશે.

"૧૨૪ અ—કોઇ માણસ બરીટીસ ઇંડીઆમાં કાયદાની રૂઇએ જે સરકારનો

બે દીલી ઊતપન કરવી.

લ સથાપેલોછે તે સરકાર બાબત લોકોના મનમાં બેદીલી વીચાર બોલેલા શબદો વડે અથવા કોઇ વાંચે તેવા લખેલા શબદો વડે અથવા ઇસારત કરીને અથવા પ્રતક્ષ કાંઇ દેખાડીને અથવા બીજે [illegible] તે ઊતપન કરશે અથવા ઉતપન કરવાની કોશીસ કરે તો તેને જીવતાં સુધી અથવા હર [illegible] મુદત સુધી સમુદરપાર મોકલવાની શિક્ષા કરવી અને વળી જોઇએ તો દંડ પણ કરવો [illegible] ઘણા ઘણામાં ઘણા તરણ વરસ સુધીની કેદની શિક્ષા કરવી. અને વળી જોઇએતો દં[illegible]
[illegible] અથવા દંડ [illegible]

"ખુલાસો—સરકારી યોજના બાબતની જે નાપસંદી સરકારનો કાયદાસર માનવીના ધોરણને અનુશારીને હોય અને સરકારનો કાયદાસર અધીકાર નહી સરખો બાબત અથવા તેને હરકત કરવા બાબત કાયદા વીરૂધ રીતે કરેલી કોશીસ વીરૂધ સરકાર ના અધીકારને મદદ કરવાના ધોરણને અનુસરીને હોય તે ના પસંદીને બેદીલી સમજવી નહી વાસ્તે એવાજ પરકારની ના પસંદીજ લોકોના મનમાં લાવવાના ઈરાદાથી સરકાર ની યોજના બાબત ટીકા કરવી તે આ કલમના અરથ પરમાણે ગુનો થતો નથી."

રાણીની સાથે મઈતરી રાખનારા એશીયાના કોઈ રાજ નીઉપર લડાઈ કરવી.

૧૨૫. રાણીની સાથે મઈતરી હોય અથવા સલાહ હોય એવા એશીયાના કોઈ પણ રાજાના રાજ્યની સાહામાં જે માણસ લડાઈ કરે, અથવા લડાઈ કરવાની કોશિશ કરે. અથવા લડાઈ કરવામા મદદગારી કરે, તે માણસને જીવતાં સુધી સમુદરપારની શીક્ષા કરવામાં આવશે. અને તેની સાથે તેને દંડ પણ થઈ શકે; અથવા સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે અને તેની સાથે તેને દંડ પણ થઈ શકે અથવા દંડની શીક્ષા કરવામા આવશે.

રાણીની સાથે સલાહ રાખનારા કોઈ રાજાના મુલક પર લુટ કરવી.

૧૨૬ રાણીની સાથે મઈતરી અથવા સલાહ હોય એવા કોઈ પણ રાજાના મુલકપર જે માણસ લુટ કરે અથવા લુટ કરવાની તઈઆરી કરે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને તથા લુટ કરવામાં વાપરેની અથવા વાપરવાને ધારેલી. અથવા તે લુટમાંથી મળેલી જે મીલકત હોય તે મીલકત સરકાર જપ્ત થવાને પણ લાયક થશે.

૧૨૫ મી તથા ૧૨૬ મી કલમોમા લખ્યા પરમાણે લડાઈ અથવા લુટથી મળેલી મીલકત લેવી.

૧૨૭ ૧૨૫ મી તથા ૧૨૬ મી કલમોમાં લખેલા ગુનાહો માહેલા કોઈ ગુનાહ કરવામાં મળેલી કાંઈ મીલકત જે માણસ તે તે રીતે મેળવેલી છે એમ જાણીને લે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે, અને વળી તે દંડને તથા તે લીધેલી મીલકત સરકાર જપ્ત થવાને પણ લાયક થશે

સરકારી નોકરખુશી પુરવક પોતાના હવાલામા કોઈ રાજ્યકીય અથવા લડાઈના કેદીને નાશી જવાદે તે બાબત.

૧૨૮ જે માણસ, સરકારી નોકર છતાં, પોતાના હવાલામાંના કોઈ રાજ્યકીય કેદીને અથવા લડાઈના કેદીને, જે જગામાં તે કેદીને કેદ કરયો હોય તે જગામથી ખુશીપુરવક નસી જવાદે, તે માણસને જીવતા સુધી સમુદરપારની અથવા દસ વરસની મુદત સુધાની બેમાંના ગમેતે પરકારની કેદની શિક્ષા કરવામા આવશે, અને વળી તે દંડને પણ લાયક થસે.

૧૨૯ જે માણસ સરકારી નોકર છતાં પોતાના હવાલામાંના કોઈ રાજકીય

[illegible] ગફલતથી [illegible] હવાલામાંના કોઇ રાજકીય અથવા લડાઈના કેદીને નાશી જવા દે તે બાબત

અથવા લડાઇના કેદીને કેદની જે જગામાં તે કેદીને [illegible] હોય તે જગામાંથી ગફલતથી નાશી જવા દે તે [illegible] તરણ વરસની મુદત સુધીની આશાન કેદની શીક્ષા [illegible] આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૧૩૦ કોઇ રાજકીય કેદીને અથવા લડાઇના કેદીને કાયદેસર કેદમાંથી નાશી [illegible]

તેવા કેદીને નાસી જવામાં સહાય કરવું છોડાવવો અથવા ઘરમાં રાખવો.

જે માણુસ સહાય અથવા મદદ કરે, અથવા એવા કોઇ [illegible] જે છોડાવે. અથવા છોડાવવાની કોશીસ કરે અથવા એવો કેદી કાયદેસર કેદમાથી નાશી ગયો હોય તેને જે ઘરમાં રાખે અથવા સંતાડે અથવા એવા કેદીને પાછો પકડવામાં જે હરકત કરે, અથવા હરકત કરવાની કોશીશ કરે તે માણુસને જીવત સુધી સમુદ્રપારની, અથવા દસ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની સીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ પાતર થશે.

ખુલાસો જે રાજયકીય કેદીને અથવા લડાઇના કેદીને પોતાના વચન પરથી બ્રીટીસ ઇનડીઆની કેટલીએક મુકરર કરેલી હદમાં છુટો રહેવા દીધો હેય તે કેદી જે હદમાં છુટો રહેવાની તેને રજા હોય તે હદમાંથી બાહાર જાય તો તે કાયદેસર કેદમાથી નાશી ગયો એમ સમજવું.

ટીકા.

કલમ ૧૨૭ શીવાય આ બાબ મુજબ ગુનાઓ બાબતની ફરીઆદ સરકારે અથવા ગવરનર જનરલે કાંઉનશીલમાં આવી ફરીઆદ સાંભળવા હુકમ કરવા અથવા અધીકાર આપવા સતા આપેલી હોય તેવા અમલદારે હુકમ કરયો હોય અગર અધીકાર આપીઓ હોય અથવા એડવોકેટ જનરલે તે ફરીઆદ માડી હોય તે શીવાય કોઈ કોરટે લેવી નહી સને ૧૮૭૧ નો આકટ ૧૦ કલમ ૪૬૫ સને ૧૮૭૫ નો આકટ ૧૦ કલમ ૨૩૧).

૧૨૧ અ તથા ૧૨૪ અ કલમોમાંની હરકોઇ કલમ પરમાણે શીક્ષા કાવા લાયક હરકોઇ ગુનાની ફરીયાદ સથાનીક સરકરના હુકમ શીલાય કોઈ કોરટે લેવી નહી. (સને [illegible]૭૦ નો આકટ ૨૭ કલમ ૧૪).

બાબ ૭ મો,

જમીનપરની તથા દરીઆઇ ફોજ સબંધી ગુનાઓ બાબત

૧૩૧ રાણીની જમીન પરની અથવા દરીઆઇ ફોજમાંના કોઇ આફીસરે, સોલજરે

બંડમાં મદદગારી કરવી અથવા કેઇ શોલજરને કે ખલાસીને પોતાની નોકરીથી ભરમાટ કરવાની કોશીશ કરવી.

અથવા ખલાસીએ બંડ કરવામાં જે માણુસ મદદગારી કરે અથવા તેવા કોઈ આફીશર, સોલજર, અથવા ખલાસીને પોતાના પરજા ધરમથી અથવા પોતાના સેવા ધરમથી ભ્રસ્ટ કરવાની જે માણસ કોશીસ કરે તેને જીવતાસુધી સમુદરપારની. અથવા દસવરસની મુદત સુધીની બેમાના. ગમે તે પરકા[illegible]

આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે

...મમાં ''આફીસર'' અને ''સોલજર'' આ શબ્દો લખેલ છે ...લશકરનો વધારે સારો બંદોબસ્ત રાખવા બાબતના લશકરી આં... સને ૧૮૬૯ ના ૫ મા આકટના લશકરી આઈન જે માણસો લાગુ હોય તે ...ને સમાસ થાયછે એવું સમજવું.

ટીકા.

...ને ૧૮૭૫ ના આકટ ૨૧ તથા ૨૨ મુજબ સજા થઈ શકે વળી તેની તમામ જપત થઈ શકે અને સને ૧૮૨૭ ના કાએદા ૨૨ ની કલમ ૧૯-૨૫-૨૬ કાયમ છે. ...નો કરાની પુરવેતર મુદ્દતના ઊપર મીલકત પારકા નામ ઊપર કરવામાં આવી હ સે તો દસતાવેજ સાબીત થએ તે ઉપર સરકારનો દાવો ચાલશે નહી સને ૧૮૫૭નો આકટ ૨૫.કલમ.૩—૪

મીલકત જપત કરયા પછી એક વરસ દીવશની અદર નાશી જાનુ વ્યાજબી કારણ બતાવે તો મીલકત પાછી આપવા સને ૧૮૫૭ ના આકટ ૨૫ કલમ ૨.

બંડ કરવામાં. મદદગારી કરેવાથી જો બંડ થાયતો તેની શીક્ષા.

૧૩૨ રાણીની જમીનપરની અથવા દરીઆઈ ફોજમાના કોઈ આફીસરે સોલજરે અથવા ખલાશીએ બંડ કરવામાં જો કોઈ માણસ મદદગારી કરે અને તે મદદગારી ઉપર બંડ થાય તો તે માણસને મોતની અથવા જીવતાંસુધી સમુદરપારની અથવા દસ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ ઊપરી અમલદાર પોતાનો હોદો ચલાવતો હોય તે દરમીયાનમા તેની ઉપર કોઈ આફીસરે સોલજરે અથવા ખલાશીએ હુમલો કરવામા મદદગારી કરવી.

૧૩૩ રાણીની જમીનપરની અથવા દરીઆઈ ફોજમાના કોઈ આફીસરે સોલજરે ખલાશીએ કોઈ ઊપરી અમલદાર પોતાના હોદાનુ કામ કરતો હોય તેવામાં તેની ઊપર હુમલો કરવામ જે માણસ મદદગારી કરે તેને તરણ વરસની મુદત શુધીની બેમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવસે અને વળી તે દંડો પણ લાયક થશે.

જો હુમલો થાયતો તે હુમલામા મદદગારીનીશીક્ષા.

૧૨૪ રાણીની જમીન પરની અથવા દરીઆઈ ફોજમાંના કોઇ આફીસરે, સોલજરે અથવા ખલાશીએ કોઈ ઉપરી અમલદાર પોતાના હોદાનુ કામ કરતો હોય તેવામાં તેની ઊપર હુમલો કરવામા જો કોઈ માણસ મદદગારી કરે અને તે મદદગારી ઊપરથી તે હુમલો થાય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવસે, અને વળી તે દંડને પણ લાયક થશે.

૧૩૫ રાણીની જમીનપરની અથવા દરીઆઇ ફોજમાંના કોઇ આફીસરે, સોલજ

કોઇ સોલજર અથવા ખલાસીને નાશી જવામા મદદગારી કરવી.

રે અથવા ખલાસીએ નાસી જવામા જે માણસ મદદગારી કરે તેને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષ કરવામાં આવશે.

૧૩૬ રાણીની જમીનપરની અથવા દરીઆઇ ફોજમાંનો ફેલાણો આફીસર સોલજર

નાશી આવેલાને ઘરમાં રાખવો.

અથવા ખલાશી નાશી આવેલો છે એમ જાણીને અથવા એમ માનવાનુ કારણ છતાં નીચેનો અપવાદ ન લાગતાં જે માણસ તે અધીકારી, સોલજર અથવા ખલાસીને ઘરમાં રાખે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવમા આવશે

અપવાદ—કોઇ અસતરી પોતાના વરને ઘરમાં રાખે તેને આ ઠરાવ લાગુ

ટીકા.

સને ૧૮૬૫ ના આકટ ૨ કલમ ૩ પરમાણે અરમ.ર ઉપરથી નાશી આવનાર મદદ કરનારને સજા થઇ શકશે.

સારી ચાલનો જામીન ન મળવાથી કેદમાં હોય તેને નાશી જવામાં આશરો આપે તો તે આશરો આપનાર ગુનેહગાર થઇ શકતો નથી કેમ કે એવી રીતે કેદમાંથી નાશનારને પેનલકોડ કલમ ૨૨૪ પરમાણે સજા થએલી હાઇકોરટે રદ કરી (મદ્રાસ તા૦ ૧૯ જાનેવારી સને ૧૮૬૭ વા. ૩ ભાગ ૩ પાને ૨૩) પણ સને ૧૮૬૭ ના આકટ ૪ ની કલમ ૩ પ્રમાણે જેલ માંહીના કેદીને કોઇ આશરો આપશે એટલે બનાં કરેલી કાંઇ ચીજ કેદીને મેળવી આપવામાં મદદ કરસે તેને સને ૧૮૬૫ ના આ. ૪ ક. ૨૮ પ્રમાણે સજા થશે.

૧૩૭ જે વેહેપારી વાહાણમાં રાણીની જમીનપરની અથવા દરીઆઇ ફોજમાંથી કોઇ

કોઇ વેપારી વહાણમા માસ્તરની ગફલતથી કોઇ નાસી જનારો સંતાયો હોયતો.

નાશી જનારો સંતાયો હોય, તે વાહાણનો માસ્તર અથવા જે સખસના હવાલામાં તે વાહાણ હોય તે સખસ અગર તો તેના સંતાયાની વતની અજાણ્યો હોય તોપણ જો તે માસ્તર અથવા જે સખસના હવાલામા તે વાહાણ હોય તે શખશે પોતાનો હોદો બજાવવામાં કાંઇ ગફલત ન કરી હોત. અથવા વાહાણપર પાકો બંદોબસ્ત રાખીયો હોતતો તેને વાહાણમા તે વાત માલમ એવુ હોય તો તે માસતર અથવા જે સખસના હવાલામાં વાહાણ હોય તે સખસ પાંચસે રૂપીઆ સુધીના દંડને લાયક થશે.

૧૩૮ ફરમાણ કામ ના ફરમાનીનું કામ છે એમ જાણીને તે કામ રાણીની

કોઇ સોલજર અથવા ખલાસીને ના ફરમાનીનું કામ કરવામા મદદ કરવી.

રાણીની અથવા દરીઆઇ ફોજમાંના કોઇ આફીસરે, અથવા ખલાસીએ કરવામા જો કાંઇ માણસ મદદ કરે તે મદદગારીથી તે ના ફરમાનીનું કામ થાય,

સુધીની બેમાના ગમેતે પ્રકારની કેદની અથવા દંડની, અથવા બંનેની શીક્ષા કરવામાં આવશે.

સરકારની જમીનપરની અથવા દરીઆઈ ફોજને સારૂ અથવા રાણીની જમીનપરની અથવા દરીઆઈ ફોજના કોઈ ભાગને સારૂ કરેલા કોઇ લશ્કરી કાયદાને તાબે હોય એવા કોઇ સખસને આ કાયદા મુજબ આ બાબમાં બયાન કરેલા ગુનાહોમાંના કોઈ ગુનને સારૂ શીક્ષા થઇ શકશે નહીં.

કાયદાને તાબેનાસ આ કાયદા મુજબ થઇ શકે નહી.

રાણીની જમીનપરની અથવા દરીઆઈ ફોજમાંનો જે માણસ શોલજર નથી તે સોલજરનો પોશાક પહેરે | માણસ તેવો સોલજર પેહેરતો હોય એવો કઇ પોશાક પેહેરે, અથવા તેવો સોલજર જે ચિન્હ વાપરતો હોય તેના જેવું કાઇ ચીન્હ વાપરે એવા ઇરાદાથી કે તે તેવો સોલજર છે એમ માનવામાં આવે તો તે માણસને ત્રણ મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા પાચશો રૂપીઆ સુધીના દંડની અથવા બંનેની, સીક્ષા કરવામાં અવશે.

બાબ ૮ મો.

લોકની સમાધાની વીરૂધ ગુનાહો બાબત.

૧૪૧ જો પાંચ અથવા વધારે સખસોની એક મંડળી મળે અને જે સખસો તે મંડળીમાં હોય તેઓનો સામાનીય હેતુ નીચે લખ્યા પરમાણે હોય તો તે મંડળીને 'કાયદા વીરૂધ મંડળી' કહેવી.

પહેલો—હીંદુસતાનની કાયદા કરનારી અથવા હકુમત કરનારી સરકારને અથવા કોઇ પરેસીડેંસીની સરકારને, અથવા કોઇ લેફટીનેંટ ગવરનરને અથવા પોતાના હોદાને કાઈ કાયદેસર અખતીઆર અમલમા લાવતાં કોઈ સરકારી નોકરને શાપરાધ બળ કરીને અથવા સાપરાધ બળ દેખાડીને ડરાવવો અથવા,

બીજો—કાઈ કાયદો કે કેઇ કાયદેસર હુકમ બજાવતા હરકત કરવી અથવા.

ત્રીજો—કઇ બીગાડ અથવા સાપરાધ પરવેશ અથવા બીજો ગુનાહ કરવો અથવા.

ચોથો—કોઈ શખસની ઉપર સાપરાધ બળ કરીને અથવા તેને સાપરાધ બળ દેખાડીને, કાઈ મીલકતનો કબજો લેવો અથવા મેળવવો, અથવા કોઈ શખસનો આવવા જવાનો હક, અથવા પાણી વાપરવાનો હક અથવા બીજો જે નીરાકાર વસતુ સબંધી હક તે શખસના કબજામા કે ભોગવટામાં હોય તે તેના પાસેથી લઇ લેવો, અથવા કાઇ હક કે ધારેલો હક અમલમા લાવવો, અથવા,

પાચમો—શાપરાધ બળ કરીને અથવા સાપરાધ બળ દેખાડીને જે કામ કરવાની જે શખસની કાયદા પ્રમાણે ફરજ નહીં હોય તે કામ તે શખસ પાસે કરાવવું, અથવા જે કરવાનો તેનો હક કાયદા પરમાણે હોય તે કરતાં તેના પાસે કસુર કરાવવી.

ખુલાસો—જે મંડળી પરથમ મળતી વખતે કાયદા વીરૂધ ન હોય તે પાછળ
વીરૂધ મંડળી થઈ શકે.

ટીકા.

એકુ પામે જમીનના માલીકનું લેણુ ન છતાં તેને જમીનપરથી હાંકી કહાડવાની મ
જ કરવામાં આવે તેમાં એકુ લોકો વગર કપટે સામા થાય તો આ કલમ પરમાણે
દાર નથી. ૮ મ. હા. રી. પ્ર. ૧૧

કોઈ વરઘોડાને પરાણે અટકાવવો એ આ કલમની ચોથી રકમ પરમાણે ગુનોછે.
. હા. રી. પ્ર. ૩૫.

૧૪૨ જે હકીકતોને લીધે કોઈ મંડળી કાયદા વીરૂધ મંડળીમાં થતી હોય તે હકી

કાયદા વીરૂધ મંડળીનો અંગભુત તે શું.	કતો જણાયા છતાં જે માણસ ઇરાદાથી તે મંડળીમા સામેલ થાય અથવા તેમાં જારી રહે તે માણસને કાયદા વીરૂધ મં

ડળીનો અંગભુત સમજવો.

ટીકા.

જે ઠેકાણે ગેરકાયદે મંડળી મળેલી છે તે ઠેકાણે કોઈ માણસ પોતાની મીલકતને ઉ
પદરવ થાય નહી માટે પ્રતીબંધ કરવા સારૂ ગયો છે એવુ પુરાવાથી સાબેત થાય તો તે
ગેરકાયદે મંડળીમાં મળેલો કીવા તેમાં રહેલોછે એવુ ગણી શકાય નહી (કલકતા હા. કોરટ
તા० ૨૬ અપરેલ સને ૧૮૭૩ વા. ૧૯ પ્ર. ૬૬ મું.)

૧૪૩ જે માણસ કોઈ કાયદા વીરૂધ મંડળીનો અંગભુત હોય તેને છ મહીનાની મુ

શીક્ષા.	દત સુધીના બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અ

એ બંનેની શીક્ષા કરવામા આવશે

ટીકા.

સીક્ષા કરતી વખતે તેણે કાયદા વીરૂધ કરતીમા ભાગ લીધો એવુ સાબીત થવુ
જોઈએ. ૧ વી. રી. પ્ર. ૨०

એક પોલીસ સ્ટેશનનો અમલદાર બીજા પોલીસ સ્ટેશનના અમલદારને તેની હદન
એક ઘરનો ઝાડો લેવાનુ વારંટ મોકલે, તે અમલદાર પોતાના તાબાના માણસને મોકલે
પણ તેને કાંઇ વારંટ આપે નહી તેથી ઘરના માલીકો સામા થાય તો એ ઘરધણીઓ ઊપ
ર આ કલમ પરમાણે કે કલમ ૩૫૩ પરમાણે તહોમત આવે નહી રાણી વીરૂધ નારાયણ
૭ મ. હા રી. પ્ર. ૩०૯.

કાયદેસર મંડળી મળી હોય તેમાં મારામારી થાય તો તેઓએ હંગામાનો ગુનો કર્યો
થાય. ૧ વી. રી પ્ર. ૧૯.

૧૪૪ જીવ લેનાર કાંઈ હથીઆર અથવા જે મારેથી સામા માણસો પરાણુ જાય

જીવ લે એવુ કાંઈ હથીયાર પાસે છતાં કાંઇ કાયદા વીરૂધ મંડળીમા સામેલ થવું.	એવો સંભવ હોય એવી કાંઈ વસતુ પાસે છતાં જે માણસ કોઇ કાયદા વીરૂધ મંડળીનો અંગભુત થાય તેને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની અથવા દંડની એ

બનેની શીક્ષા કરવામાં આવશે.

૧૪૫ કોઈ કાયદા વીરૂધ મંડળીને કાયદામાં ફરમાવેલી રીતે વીખેરાઈ જવાનું [illegible]

કોઈ કાયદા વીરૂધ મંડળીને વીખરાઇ જવાનો હુકમ થયો છે એમ જાણ્યા છતાં તેમાં શામીલ થવુ અથવા જારી રહેવું.

પ્યુછે એવું જાણ્યા છતા જે માણસ તે કાયદા વીરૂધ મંડળીમાં શામીલ થાય અથવા જારી રહે તેને બે વરસની મુદત સુધીની બેમાંના ગમેતે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

કાયદા વીરૂધ મંડળીને વીખેરી નાખવા માજીશતરેટોનો અધીકાર કરી. પરો. કલમ ૪૮૦—૪૮૧.

પોતાની મીલકત બચાવવા રહેતુ એથી કાયદા વીરૂધ મંડળીમાં શામીલ થયો અથવા જારી રહયો ગણાય નહી ૧૯ વી. રી. પ્ર ૬૬.

૧૪૬ કોઇ કાયદા વીરૂધ મંડળીનો સમાનીય હેતુ પાર પાડવામાં તે કાયદા વીરૂધ [illegible]

સામાન્ય હેતુ પર પાડવામાં એ અંગભુતને વાપરેલુ બળ

મંડળી અથવા તેનો કોઈ અંગભુત બળ અથવા [illegible] વાપરે તો તે મંડળીના દરએક અંગભુતને હંગામાનો [illegible] કર્યો એમ સમજવુ.

૧૪૭ જે માણસ હંગામાનો ગુનો કરે તેને બે વરસની મુદત સુધીની બેમાંની ગમે

હંગામો કરવાની શીક્ષા.

તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

ટીકા.

[illegible] સાબીત થાય તે શખ્સને પોતાને કાંઈ વ્યથા અથવા [illegible]ને સજા થવી નહી જોઇએ રાણી વીરૂધ અજગર.

[illegible] મંડળીના અંગભુત હોવાનો એ બે ગુનાહની જુદી [illegible] ૧ વી રી. પ્ર. ૭

[illegible]નોહ કરાવવામાં આવે તે શખશોએ જીવ લે એવાં [illegible] હોય, હંગામો કરતા ખુન, મહાવ્યથાના ગુનાહગાર [illegible] કરવા જોઈએ ૩ હા. રી. પા. ૧૭૪.

[illegible] શખ્સ ઘણોજ જખમી થાય તે વખતે પહેલો હુમલો [illegible] વગર પોલીસ વચ્ચે પડવાનો અધીકારછે પોલીસ ત [illegible] ન હોય તો પોલીસને કોરટનો આશરો ગળવો જોઈ [illegible]

એ. ૮ વી. રી પા. ૩૬.

૧૪૮ જીવ લેનાર કાંઈ હથીઆર, અથવા જે મારેથી સાહાગા મણસને [illegible]

જીવ લેઓવું હીથયારપાસે રાખીને હંગામો કરવો.

એવો સંભવ હોય એવી કાંઈ વસ્તુ પાસે છતાં [illegible] ગામો કરે તેને તરણ વરસની મુદત સુધીની [illegible] પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

જીવલેણ હથીઆર પાસે રાખી જે સખશો હંગામનો ગુનો કરે તે ગુનો જે સખશના મકાન ઉપર હંગામો થાય તે સખસને ખંજર મારવાના ગુનાથી જુદો છે અને આ બીના ગુનાની શીક્ષા ક. ૩૨૪ મુજબ જુદી થાય (રેવન્યુ શીવીલ એન્ડ કરમીનલ રીપોરટ (કલકતા, કરમીનલ રૂલીઝ વા. ૩ પા. ૩૪)

એક તડનાં માણસેનો મોટો જથો આવી બીજા તડના માણસેના રસ્તામાં આડી અંડગો નાખી બેઠા તેથી કજીઓ સળગો. આ કજીઆમાં પેહેલા તડનું એક માણસ જખમી થયું તેથી તે માણસ અળગુ જઈ ઉભું અને આ કજીઆમાં કાઇ ભાગ લીધો નહીં તે માણસે ખસી ગયા પછી બીજા તડનુ એક માણસ મરણ ગયુ તેમા ઠરાવ્યાંમાં આવ્યું કે ઘાયલ થએલો સખસ જ્યારથી અલગ ઉભો તયારથી કાયદા વીરૂધ મંડળીના અંગભુત તરીકે બંધ પડયો અને તેથી તે પછી જે કતલ થયું તે માટે તે જવાબદાર નથી. રાણી વીરૂધ કબીનકાજી બં. લા. રી. પ્ર. ૧ (ફોજદારી)

એક સખસની માને બળગી લઈ જવાના કામ માટે એક કાયદા વીરૂધ મંડળી ભેગી થઈ અને એ કામ પાર પાડતાં એ માનો દીકરો મરણ ગયો તેમાં ઠરાવવામાં [illegible] કે જેટલા સખસો આ મંડળીના અંગભુત હોય તેટલા સખસો આ ખુન માટે [illegible] રછે ગુલામ અરફીનના કામમાં ૪ બે. લા. રી પ્ર ૪૭.

એક તકરારી જમીનના કડકા ઉપરથી કેટલાક સખસને હાંકી કાઢવાના હેતુથી એક કાયદા વીરૂધ મંડળી મળી. એ મંડળીમાંના એક અંગભુતે બંદુક ફોડી એમાંના એકને મારી નાખ્યો તેમાં ઠરાવવામા આવ્યું કે આ કતલ અકસમાત થયું છે ધારો રાખેલુ થયુ નથી માટે સઘળા ખુનના નહીં પણ આ કલમ પ્રમાણેના ગુનેહગાર છે રાણી વીરૂધ સાબતઅલી ૧૧ બે લા રી. પ્ર; ૩૪૭.

આવાં હથીઆર પાસે રાખી કાંઇ ગુનોહ કરવામાં આવે તો પણ એ ગુનાહની જવાબદારી એ મંડળીના અંગભુત ઊપર આવે છે ૭. વી રી. પ્ર. ૬૦.

૧૪૯. કોઇ કાયદા વીરૂધ મંડળીનો સામાનીય હેતુ પાર પડવામ તે મંડળીના કોઇ અંગભુતથી કાંઈ ગુનોહ થાય અથવા એવો કાંઇ ગુનોહ થાય કે તે હેતુ પાર પાડવામાં તે ગુનોહ થશે એવો સભવ તે મંડળીના અંગભુતેના જાણવામાં હોય તે ગુનોહ [illegible] જે જે સખસ તેજ મંડળીના અંગભુત હોય તે [illegible] તે ગુનહો કરયે એમ સમજવું.

કોઇ કાયદાવીરૂધ મંડળીના સામાનીય હેતુ પર પાડવામાં કઇ ગુનાહ થાય તોતે મંડળીનાપ્રતેકઅંગભુતનેતે ગુનાનો ભાગીદારસમજવો.

ટીકા.

ઘણા એક સખસો તકરારી જમીનના કકડામાથી એક માણસને કહાડી મુકવા ગયા ને ફરી સાગ્રા થયાથી તેમાંના એક જણની પાસે બંદુક હતો તે બંદુક છોડી સામે થનાર માણુસના પ્રાણ લીધા આ કામમાં એમ ઠરાવ થયો કે તે ખુનો ગુનેગાર છે પણ તે કાયદા વીરૂધ મંડળીના બીજા અંગભુતો આ કલમ મુજબ ખુનના ગુનેગાર નથી કારણ કે મરી ન ખવાનું કારણ અણુગીતબ્યું હતું અને એટલા માટે તે મંડળીનો તે શામાનીય હેતુ નહોતો, તેમ તે એવું પણ કામ નહોતુ કે જે તે મંડળોના બીજા અંગભુતોએ તે હેતુ પારપાડવામાં બનવાનો સંભવ હોય એમ જાણુ હોય (બગાળ લા. રીપોટ વા. ૧૧ પાને ૩૪૭)

આવા સખસો કાંઈ ગુનહો કરવા નીકળે રસ્તામા તેમની વાસે પોલીસના માણસો થય જેથી સઘળા જુદે જુદે રસ્તે ભાગે તેમાના એકની વાસે પોલીસનું માણુસ લાગે તેથી તે પોલીસના માણુસને તે નાશી જનાર મારી નાખે તો સાળા અંગભુતો આ ખુનને માટે જવાબદાર નથી. રાણી વીરૂધ વાહાબુદ આરમ પ્ર. ૧૦

કાયદા વીરૂધ મંડળીના અંગભુતને એ કાયદા વીરૂધ મંડળી હયાતી રહે તાંહાં સુધી એ કાયદા વીરૂધ મંડળીના એક માણુસે કાંઈ ગુનહો કરયો હોય તે દરેક ગુનાહ માટે જવાબનાર ગણુવા નહીં જોઈએ પણ તેમનો સાધારણ હેતુ પાર પાડવાને માટે જે કરત કરવામાં આવ્યાં હોય તે માટે કીંવા તે સાધારણ હેતુ પારપાડતાં અમુક કરત થશે એવું તે અંગભુત જાણુનો હોય તેવા કરત માટે તેને જવાબદાર ગણુવો જોઈએ ૨૦ વી. રી. પ્ર' ૫ (ફોજદારી)ફુલબેચ.

બે પારટી ઊપર હંગામો કરયાનો ગુનહો સાબીત થયો હોય તેમાંની એક પારટીમાં પાંચથી વધારેમાણુસ હતા તેઓને કજીઓ થયો તે કરવાને માટે ભેળા થએલાં મલમ પડયાં હતાં અને એવુ પણુ માલમ પડ્યુ હતુ કે તેઓને તેમનો સામેવાળો લડવાની તઈઆરીમા હોઈને લાકડીબંધ આવ્યા હતા અને લડયા હતા તેમાં ઠરાવવામાં આવ્યુ હતુ કે તેમને આ કલમ પરમાણે હગામો કરયાના ગુનેગાર ઠરાવ્યા છે તે બરોબર કરયુંછે કેમકે તેમની સાધારણ મતલબ તેના સામેવાળા ઊપર હુમલો કરવાની હતી. બીજી પારટીમાં ચાર માણુસ હતા પોતાની પારટી સાથે લડવામાં તેમની શું મતલબ હતી તે જણાયુ નહેતુ જે કજીઓ થયો તે જાહેર જગામા થયો નહોતો તમાં ઠરાવવામા આવ્યુ કે તેમને સજા થઇ છે તે વ્યાજબી નથી અને વળી એવુ પણ ઠરાવવામા આવ્યું કે જે કજીઓ થયો તે જાહેર જગામાં થયો હતતો એ બેઊ પારટીનો સાધારણ હેતુ કાઈ હુલડ કરવાનો હતો એવુ ગણાત. રાણી વીરૂધ મુજાફર હુશેન ૫ બં. હા. રી. પા, ૨૦૮.

કેટલાએક માણુસો (ઐ,નુ હરણ કરવાને ગયા તેમા એક શખસનુ ખુન થયુ તેથી ઠરાવવામાં આવ્યું કે સઘળા એ ખુન માટે જવાબદારછે ૪ બે. લા. રી. પ્ર. ૪૭.

૧૫૦ જે માણુસ કોઈ શખસને કોઈ કાયદાવીરૂધ મંડળીમાં સામીલ થવાને અથ

કોઈ કાયદા વીરૂધ મંડળીમાં સામેલ થવાને પઈસા આપવા કરીને કોઈ શખશોને રાખવા અથવા તેઓને રાખવામાં ચસમપોશી કરવી.

વા અંગભુત થવાને પઈશા આપવા કરીને અથવા કોઈ બીજી રીતે રાખે અથવા પઈશા આપવા કરીને અથવા [illegible] ઈ રીતે રાખવામાં મદદ કરે અથવા ચસમપોશી [illegible] ણુસને તે કાયદા વીરૂધ મંડળીના અંગભુત શખસ [illegible] પઈશા આપતા કરીને અથવા બીજી કાઈ રીતે રાખવા ઊપર થી તે રાખેલા શખસથી તે કાયદા વીરૂધ મંડળીના અંગભુત શખસ જે કાંઈ ગુનહો થાય તે ગુનહાને માટે જાણે તે માણુસે તે કાયદા વીરૂધ મંડળીનો અંગભુતજ હોય અથવા જાણે તેણે પોતેજ તે ગુનાહ કરયો હોય એવી રીતે શીક્ષા [illegible]માં આવશે.

ટીકા.

પઈસા આપવામાં આવતા હોય, તોજ આ કલમ પરમાણે તોહોમત આવે.

૧૫૧ જેથી લોકોની સુલેહમાં ગડબડ થાય એવો સંભવ હોય એવી પાચ અથવા વધા-

પાચ અથવા વધારે સખસોની કોઈ મંડળીને વીખરાઈ જવાનો હુકમ થયા પછી જાણી બુઝીને તે મંડળીમાં સામીલ થવું અથવા જારી રેહેવું.

રે સખસોની મંડળીને વીખરાઈ જવાનો કાયદેસર રીતે હુકમ થયા પછી જે માણુસ જાણી બુઝીને તે મંડળીમાં સામીલ થાય અથવા જારી રેહે તેને છ મહીનાની મુદત સુધની બેમાં-ની ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

ખુલાસો—અગર તે મંડળી ૧૪૧ મી કલમના અરથ પ્રમાણેની કાયદા વીરૂધ મંડળી નહોય તો તે ગુનેગારને ૧૪૫ મી કલમ મુજબ સીક્ષા કરવામાં આવશે.

ટીકા.

વીખરાઈ જવાનો હુકમ કરવાનો માજીસતરેટનો અધીકાર કરીમીનલ પ્રોશીજર કલમ [illegible]૦—૪૮૧.

૧૫૨ કોઈ સરકારી નોકર પોતાનો સરકારી હોદો બજાવવામાં કાંઈ કાયદા વીરૂધ

હંગામો બંધ પાડવા વીગેરેનુ કામ કરતો હોય તેવામા કોઈ સરકારી નોકરની ઊપર હુમલો કરવો. અથવા તેને હરકત કરવી.

મંડળીને વીખેરી નાખવાની અથવા કોઈ હંગામો કે બખેડો બંધ ડપાવાના મેહેનત કરતો હોય તેવામા તેની ઊપર [illegible] ણુસ હુમલો કરે અથવા હુમલો કરવાનો ડર દેખાડે [illegible] ને હરકત કરે અથવા હરકત કરવાની કોશીસ કરે [illegible] સરકારી નોકર ઊપર સાપરાધ બળ વાપરે અથવા તે [illegible] ડર દેખાડે અથવા તે વાપરવાની કોશીશ કરે તે [illegible]

[illegible] વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની અથવા દંડની અ[illegible] શીક્ષા કરવામાં આવશે.

૧૫૩ જે માણુસ [illegible] અથવા દુસ્ટતાથી કાંઈ કાયદા વીરૂધ[illegible]

કોઈ શખસના મનમા કરોધ ઊતપન કરે અને તે એવા [illegible] થી કે તે કરોધ હંગામાનો ગુનોહ કરાવે અથવા તે [illegible] હંગામાનો ગુનેહ કરાવશે એવો સંભવછે એમ જાણીને તે એ પરમાણે કરે તો અગર તે કરોધ ઊપન થવાથી હંગા[illegible] તે માણુસને એક વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની [illegible] દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે અને અગર હંગામાનો [illegible] થાય તો તે માણુસને છ મહીનાની મુદતસુધીની બેમાંના ગમે તે પરકારની કેદની [illegible] દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

[illegible]નપર કાંઈ કાયદા [illegible] મંડળી હોય તે જ[illegible] માલીક અથવા કબજેદાર.

૧૫૪ જયારે કાઇ કાયદા વીરૂધ મંડળી મળે અથવા હંગામો થાય તીયારે જે જમીનપર તે કાયદા વીરૂધ મંડળી મળે અથવા તે હંગામો થાય તે જમીનના માલીક અથવા કબજેદારને તથા તે જમીનમાં જેનો હક હોય અથવા જે હકનો દાવો કરતો હોય એવા શખસને એક હજાર રૂપીઆ સુધીના દંડની શીક્ષા કરવામાં આવશે પણ તે કયારે કે જો તે અથવા તેનો મુખતીઆર કે કારભારી, તે ગુનોહ થાય છે અથવા થયોછે એવુ જાણીને અથવા એવો સંભવછે એમ માનવાનુ કારણ છતા પાસેમાં પાસેની પોલીસની ચેકી પરના મુખ્ય અમલદારને તે બાબતની પોતથી બનતી જલદીમાં જલદી ખબર નહી આપે તે; અને તે ગુનોહ થવાનો છે એમ માનવાનુ તેને અથવા તેઓને કારણ છતા તે અથવા તેઓ તે ગુનોહ અટકાવવાને સરૂ પોતાથી બનતા સઘળા કાયદેસર ઈલાજો કામે નહી લગાડે તો અને તે ગુનોહ થયા પછી તે હંગામો બંધ પાડવાને અથવા તે કાયદા વીરૂધ મંડળીને વીખેરી નાખવને પોતાથી બનતા સઘળા કાયદેસર ઈલાજો કામે નહી લગાડે તો.

જે શખસના ફાયદા સારૂ કાઇ હંગામો કરવામા આવે તે શખસની જવાબદારી

૧૫૫ જો કોઈ શખસના ફાયદાને સારૂ, અથવા તેની વતી, કાંઈ હંગામો કરવામાં આવે અને જે જમીન બાબત તે હંગામો થાય તે જમીનનો તે શખસ માલીક અથવા કબજેદાર હોય અથવા તે જમીનમાં અથવા જે કાંઈ તકરાર ઉપરથી તે હંગામો થયો હોય તે તકરારના બાબતમાં, કાઇ હકનો તે શખસ દાવો કરતો હોય અથવા તેમથી તે શખસને કાઈ ફાયદો થયો હોય અથવા તેણે કાઈ ફાયદો કબુલ કરયો હોય તો તે શખસને દંડની શીક્ષા કરવામા આવશે પણ કયારે કે જો તે અથવા તેનો મુખતીયાર કે કારભારી તે હંગામો થવાનો સંભવછે અથવા તે હંગામો જેથી થયો હોય તે કાયદા વીરૂધ મંડળી મળવાને સંભવછે, એમ માનવાનુ તેને કારણ છતા તે મંડળી મળતી અથવા હંગામો થતો અટકાવવાને તથા તે હંગામો બંધ પાડવાને અને તે મંડળીને વીખેરી નાખવાને પોતપોતાથી બનતા સઘળા કાયદેસર ઈલાજો કામે નહી લગાડે તો.

ટીકા.

કોઇ જમીનદારની હદમાં કાંઇ અકસમાત અથવા અચાનક હુલડ થાય [illegible] થશે એવુ માનવાને તને કારણ નહોય તો અથવા એ હુલડ થશે એવુ સાધારણ રીતે ધારતો નહોય તો એ હુલડ માટે તે જમીનદાર જવાબદાર નથી. રાણી વો. હરકીશરાયુ ૩ વી રી. પ્ર. ૫૪.

અમુક શખશ અમુક જમીનનો માલીક છે અને એ જમીનના સંબંધમાં અગર જમીન ઉપર આ કલમ પ્રમાણેનો ગુનો થાય તો તે ગુના માટે એટલાજ કારણથી તેને [illegible]દાર ગણવો નહી જોઈએ તે અથવા તેનો વહીવટદાર આ કલમ પરમાણેનો ગુનો થવાનો છે એવુ જાણતા અથવા માનતા હોય તે છતાં એ ગુનોહ થતો અટકાવવા અ[illegible] થયો હોયતો ખેસારી દેવા બનતા ઇલાજ લીધા નહિ એવુ પુલી રીતે સાબીત થવુ જોઇએ ૧૨ વી રી. પ્ર. ૭૧.

જમીનદારે અનઘડ વહીવટદારી રાખવી હોય અને તેની ગેરઆવડતથી કાંઇ આવો [illegible]નોહ થાય તો જમીનદાર પણ જવાબદાર થાય છે જમીનદાર ઘણે દુર પલે નહેતો હો[illegible] અને હંગામો વગરે એકાએક થાય તો તે જવાબદારીથી છુંટો થઇ શકેછે (કરી. પ્ર. ૧૦[illegible]

૧૫૬ જો કોઇ શખસના ફાયદાને સારૂ અથવા તેની વતી, કાંઈ હંગામો કર[illegible]માં આવે અને જમીન બાબત તે હંગામો થાય તે જમીનને તે શક્ષ માલીક અથવા કબજેદર હોય અથવા તે જમી[illegible]માં અથવા જે કાંઇ તકરાર ઊપરથી તે હંગામો થયો હોય તે તકરારની બાબતમાં કાંઇ હકનો તે શખસ દાવો કરતે [illegible]ય અથવા તેમાંથી તે શક્ષને કાઇ ફાયદો ગયો હોય અથવા [illegible]ણો કાંઇ ફાયદો કબુલ કરયો હોય તો તે શક્ષ મુખતીઆર અથવા કારભારીને દંડની શી[illegible]ક્ષા ઠરાવવામા આવસે; પણ ક્યારે કે જો તે મુખતીઆર અથવા કારભારી, ને હંગામો થવાનો સંભવ, અથવા તે હંગામો જેથી થયો હાય તે કાયદા વીરૂધ મંડળી મળવાને સંભવછે એમ માનવાનુ તેને કારણ છતાં તે મંડળી મળતી અથવા હંગામો થતો અટકાવવાને તથા તે હંગામો બંધ પાડવાને અને તે મંડળીને વીખેરી નાખવાને પોતાથી બનતા સઘળા કાયદેસર ઇલાજો કામે નહી લગાડે તે..

જે માલીક અથવા કબજેદરના ફાયદાને સરૂ કાઇ હંગામો કરવામા આવે તે શખસના અખતીઆરની જવાબદારી.

૧૫૭ જે માણસ પોતાના કબજા કે હવાલા માહેના અથવા પોતાના અખતીઆર તળેના કોઇ ઘર કે જગામા કોઈ શખસોને રાખે, આવવા દ[illegible] અથવા એકઠા કરે અને ને એવુ જાણીને કે કોઇ કાયદા વીરૂધ મંડળીમા સામીલ થવાને અથવા સંગભુત થવાને એ શ[illegible]ખસોને પઈસા આપવા કરીને અગર કોઇ બીજીરીતે રાખેલા છે. અથવા પઇસા આપવા કરીને અથવા કોઇ બીજી રીતે રાખવાનાછે તો તે [illegible]

કોઇ કાયદા વીરૂધ મંડળીને સારૂ પઇસા આપવા કરીને રાખેલા સખશોને ઘરમા રાખવા.

ની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામા આવશે.

કોઈ કાયદા વીરૂધ મંડળી માં સામીલ થવા સારૂ પઈસા લેવા અથવા ભાડે રહેવું.

૧૪૮. ૧૪૧ મી કલમમાં લખેલા કામો માંહેલા કાંઈ પણ કામ કરવાને અથવા તેવાં કામાં મદદ કરવાને જે માણસ પઈસ લેવા કરીને અથવા કોઈ બીજી રીતે રહે, અથવા પઈસા લેવા કરીને કે કોઈ બીજી રીતે રહેવાનું કહે અથવા રહેવાની કોશીશ કરે તે માણસને છ મહીનાનાં મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામા આવસે અને ઊપર લખ્યા પ્રમાણે પઈશા લેવા કરીને અથવા કોઈ બીજી રીતે રહયા પછી, જે માણસ જીવ લેનારૂ કાઈ હથીઆર

હથીઆર બંધ થઈને ફરવુ

અથવા જે મારેથી સામા માણસનો પ્રાણ જાય એવી કાંઈ વસતુ સાથે લઈને ફરે અથવા ફરવાનું કબુલ કરે કે કહે, તે માણસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની સીક્ષા કરવામા આવશે.

બખેડો.

૧૫૯ જયારે બે અથવા વધારે સખસો કોઈ જાહેર જગામાં મારા મારી કરીને લોકની સુલેહમા ગડબડ કરે, તીયારે, તેઓએ તે "બખેડો" કરયો એમ સમજવું.

બખેડો કરવાની શીક્ષા.

૧૬૦ જે માણસ બખેડો કરે તેને એક મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એકસો રૂપીયા સુધીની દંડની અથવા એ બંનેની શિક્ષા કરવામાં આવશે.

બખેડો અટકાવવા માજીસ્ટરેટનો અખીકાર કી. પ્રા. કો કલમ ૫૧૮.

બાબ ૯ મો.

સરકારી નોકરોના અથવા તેઓ સબંધી ગુનાઓ બાબત.

૧૬૧ જે માણસ સરકારી નોકર હોય અથવા સરકારી નોકર થવાની ઊમેદ રાખતો

કાંઈ સરકારી નોકરીના કામ સબધી કાયદેસર મહેનતાણા સીવાય કોઈ સરકારી નોકરે કાંઈ બીજો અવેજ લેવો.

હોય તે માણસ પોતાના હોદાનુ કાંઈ કામ કરવા અથવા ન કરવાના કારણ દાખલ અથવા બદલામા અથવા પોતાના હોદાને અમલ ચલાવવામા કોઈ શક્ષની ઊપર મહેરબાની અથવા નારાજી કરવા અથવા ન કરવાના કારણ દાખલ અથવા બદલામા અથવા હીંદુસતાનની કાયદા બાંધનારી કે હકુમત કરનારી સરકારની જોડે, અથવા કોઈ પરેસીડેનસીની સરકારની જોડે અથવા કોઈ લેફટી નેંટ ગવરનરની જોડે, અથવા કોઈપણ સરકારી નોકરની જોડે, તેના સરકારી હોદા સંબંધી કોઈ શક્ષને માટે અથવા કોઈ શક્ષની વીરૂધ કાઈ વગ ચલાવવાના અથવા વગ ચલા

ગાની કોસીસ કરવાના કારણ દાખલ અથવા બદલામાં કોઈપણ સક્ષ પાસે લેવા બાજી કાંઈ સબબને માટે કાયદેસર મેહેનતાણાં સિવાય બીજો કાંઈ અથવા મેળવે, અથવા લેવાને કબુલ કરે, અથવા મેળવવાની કોસીસ કરે તો ત્રણ વરસની મુદત સુધીના બેમાના ગમે તે પરકારની કેદની, અથવા દંડ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ખુલાસો—"સરકારી નોકર થવાની ઊમેદ રાખતો હોય" અગર કોઈ રી નોકર થવાની ઊમેદ રાખતો ન હોય અને તે બીજાઓને એમ સમજાવે કારી નોકરી મળવાના છે અને તીયરે હું તમારૂ કામ કરી આપીશ અને એ ઓને ઠગીને કાંઈ અવેજ મેળવે તો તે ઠગાઈનો ગુનેગાર થઈ શકે પણ તે મમાં બીયાન કરેલા ગુનાનો તકસીરવાર ગણાય નહી.

"અવેજ" અવેજ શબ્દ વડે એકલા પઇસાજ અથવા જેની કીમત પઇસા કે એવો અવેજ સમજવો નહી.

"કાયદેસર મેહેનતાણું" કાયદેસર મેહેનતાણું" એ શબ્દોવડે કોઈ સરકારી નોકર જે મેહેનતાણું કાયદા મુજબ માગી શકે તે મહેનતાણુંજ સમજવું નહીં પણ જે સરકારની તે નોકરી કરતો હોય તે સરકારની તેને જે જે મહેનતાણું લેવાની પરવાનગી હોય તે સઘળા મેહેનતાણાનો તેઓમાં સમાવેશ થાયછે.

"કરવાનું કારણ અથવા બદલો" કોઈ શખસ જે વસતુ કરવાનો ઇરાદો રાખતો ન હોય તે વસતુ કરવાના કારણ દાખલ અથવા જે વસતુ તેણે કરી ન હોય તે વસતુ કરવાના બદલામાં કાંઈ અવેજ લે, તો તે શબ્દેમાં દાખલ થાય છે.

દ્રષ્ટાંત.

(અ) એક મુનસફ અ એક સરાફ જ ની તરફનું હુકમનામું કરી આપવાના બદલામાં પોતાના ભાઈ ક જના પાસે જ ની પહેડીમા એક જગા અપાવે તો અ એ આ કલમમાં બીયાન કરેલો ગુનો કરયો એમ સમજવું.

(બ) એક કુમક કરનારા રાજાના દરબારમાં રેસીડેંટના હોદાપર છતાં તે રાજાના દ પાસેથી અ એ લાખ રૂપીઆ લે અને એમ નહી માલમ પડે કે પોતાના હોદાનું લાગુ મુકરર કામ કરવા અથવા ન કરવાના કારણ દાખલ અથવા બદલામાં અથવા ... ... માટે બરીટીશ સરકારની સાથે કાંઈ મુકરર બાબતમા વગ ચલાવવા અથવા ... ની કોશીશ કરવાના કારણ દાખલ અથવા બદલમા અ એ ઊપલી રકમ ... એમ માલમ પડે કે પોતાના હોદાનો અમલ ચલાવવામાં તે રાજાની ઊપર ... ની રાખવાના કારણ દાખલ અથવા બદલામાં અ એ તે રકમ લીધી તો અ એ આ કલમમા બીયાન કરેલો ગુનો કરયો એમ સમજવું.

(ક) કોઈ સરકારી નોકર અ જને એમ ખોટુ સમજાવે કે સરકારની સાથે મારા

થકથી તને બેનાબ મળ્યો અને એમ કરીને તે ચાકરીના બદલામાં જ તેને કંઈ નાણું આપે એમ કરે, તો એ આ કલમમાં બીયાન કરેલો ગુનો કરયો એમ સમજવું.

ટીકા.

કવામા આવ્યું નોહોતું કાંઇ પુરાવો લેવામા આવ્યો નહોતો, પણ તોહોમતદારોએ કબુલ આર રાખવાનુ કબુલ કરવાથી માજીસટરેટે એક સરકારી નોકરના જાહેર કરેલા હુકમની અમાનતા ગણી કલમ ૧૮૮ પ્રમાણે સજા કરી આ અમાનતાથી માણુસની જીંદગી તન દુરસતી અથવા સલામતીને હરકત થાય એવો કાંઈ પુરવો નહોતો તેમાં ઠરાવવામા આવ્યું કે શીક્ષા રદ કરવી જોઈએ કરમીનલ પરોશીજર કોડમા જે રૂલ બતાવ્યો છે તે ધ્યાનમાં રાખવાની ભલામણ કરવામાં આવી. ૩ બે. હા. રી. પ્ર. ૧૪૯ (એપેનડીકસ) આ કલમ પ્રમાણે તોહોમતદારોને ગુનેગાર ઠરાવતાં અવલ અમુક કામથી તહોમતદારે દુર રહેવું એવો હુકમ બહાર પડયો છે એવું તહોમતદાર જાણતો હતો એવું સાબીત થવું જોઈએ રાણી વીરૂધ રામતુનુ સીંગ કો. ઈ. ડા પ્ર. ૩૪૩ આ કલમ પરમાણે ગુનેહગાર ઠરાવતી વખતે તહોમતદારને જે હુકમ કરેલો તે લખેલો કરેલો હતો એ જરૂરનું છે કો. ઈ ડા પ્ર. ૩૪૩. જે સરકારી નોકરે હુકમ કાઢયો હોય તેને તેવો હુકમ કાઢવા અધીકાર ન હોય તો તે હુકમ ન માનનારા ગુનેહગાર નથી ૩ મુ હા રી પ્ર ૫૩ રાણી વીરૂધ બેડા તાનાજી ૫ મુ હા. રી પ્ર ૨૧ રાણી વીરૂધ બીહલ લક્ષમણ ૫ મુ હા રી પ્ર ૧૩ (કેઈજ) કે આ હુકમ ઉપર અપીલ થઇ હોય તો અપીલનો ઠરાવ બહાર પડતાં સુધી તે હુકમ ન માનો એવું ગણી આ કલમ પ્રમાણે તહોમત લેવાય નહીં ૨ મુ હા રી પ્ર ૩૮૪ આવું કામ જે માજીસતરેટનો હુકમ તોડયો હોય તે પોતે ચલાવી શકે નહિં ૧૦ મુ હા. રી ૪૨૪ કી પ્રો. કોડ કલમ ૪૭૩ આવો હુકમ નહીં માનવાથી કાયદાસર રહેલા સખસને દુખ અડચણ કે નુંકસાન થવુ જોઇએ અથવા થશે એવું જોઇએ, નહી તો ગુંનેહો બનતો નથી. ૪ મ. હા રી. પ્ર ૬.

કોઇ સરકારી નોકરને નુકશાન કરવાનો ડર દેખાડવો

૧૮૯ કોઇ સરકારી નોકરને પોતાના સરકારી ઓહોદાના અમલ સબધી કાંઇ કામ કરવાને, અથવા કંઈ કામ ન કરવાને અથવા કાંઈ કામમાં ઢીલ કરવને લલચાવાના કારણસર તે સરકારી નોકરને ખુદને અથવા જે શખસની સાથે તે સરકારી નોકરને સબધ છે એમ પોતે માનતો હોય એવા કોઈ સખસને, કાંઇ નુકશાન કરવાનો, જે માણુસ ડર દેખાડે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારના કેદની અથવા દડની અથવા એ બંને શીક્ષા કરવામા આવશે.

કોઇ સરકારી નોકરનો આસરો માગવાની અરજ કરવાથી દુર રહેવાને કોઈ સખસને લલચાવવા માટે તેને નુકશાન કરવાનો ડર દેખાડવો

૧૯૦ કાંઇ નુકશાનથી કોઇનું રક્ષણ કરવાનો અથવા કરાવવાનો જે સરકારી નોકરને કાયદા મુજબ અખતીઆર હોય એવા કોઇ સરકારી નોકરની આગળ કોઇ સખસને કાંઇ નુકશાનથી પોતાનું રક્ષણ કરાવવા બાબત કાયદેસર અરજ ન કરવાને અથવા અરજ કરે તો અટકાવવાને લલચાવવાના કારણસર, જે માણુસ તે સખસને કાંઇ નુકસાન કરવાનો ડર દેખાડે તે માણુસને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની. અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

બાબ ૧૧ મો.

ખોટી પુરાવા તથા સરકારી ઇનસાફ વીરૂધ ગુનાહ બાબત.

કાંઈ સોગંદથી અથવી કાયદાના ખાસ ઠરાવથી સાચુ બોલવાને જે માણસ કાયદા સાહેદી આપવી. | મુજબ બંધાયલો હોય અથવા કાંઈ પણ બાબત સબંધી એકરાર કરવાને કાયદાથી બંધાએલો હોય તે માણસ એવી કાંઈ વાત કહે કે જે હોય અને જે ખોટી છે એમ તે જાણતો કે માનતો હોય અથવા ખરી છે એમ માનતો હોય તો તે માણસે ખોટી સાહેદી આપી એમ સમજવું.

ખુલાસો ૧લો—કાંઈ વાત મોહોડેથી કહી હોય અથવા કોઈ બીજી રીતે કહી હોય તેને આ કલમના અરથ પ્રમાણેની વાત સમજવી.

ખુલાસો ૨જો—સાહેદી આપનાર શક્ષ પોતાના માનવા બાબત જે ખોટી વાત કહે તે પણ આ કલમના અરથ પ્રમાણેની વાત સમજવી અને જેમ જે વસતુ કોઈ શક્ષ જાણતો ન હોય ને તે કહે કે હુ જાણુછું તેથી તે શક્ષ ખોટી સાહેદી આપાનો ગુનેગાર થાય તેમજ જે વસતુ તે માનતો નહી હોય તે વીસે તે એમ કહે કે હુ એ માનું છું તો તેથી પણ તે શખસ ખોટી શાહેદી આપીવાનો ગુનેગાર થઈ સકેછે.

દ્રસ્ટાંત.

(अ) ज नी ऊपर ब नो हजार રૂપીઆનો એક વાજબી દાવો છે તેની મજકુરીમાં ઈનશાફની વખતે अ આવીને એવા ખોટા સોગંદ ખાય કે ब નો દાવો વાજબી છે એમ ज ને કબુલ કરતા મેં સાભળયો. તો अ એ ખોટી સાહેદી આપી એમ સમજવું.

(ब) કાંઈ સોગંદથી સાચુ બોલવાને બંધાયલો છતાં, अ એ પ્રમાણે કહે કે ફલાણી સહી जની લખેલી છે એમ હુ માનુ છુ અને ज ની લખેલી છે એમ તે ન માનતો હોય તો એ ઠેકાણે अ જે વાત પોતે ખોટી જાણે છે તે કહેછે, માટે તેણે ખોટી સાહેદી આપી એમ સમજવું.

(क) ज ના અક્ષરનુ વલણ अ જાણે છે અને તે એ પ્રમાણે કહે કે ફલાણી સહી ज ની લખેલીછે એમ હું માનુછું અને તેમજ તે સહી તેની લખેલી છે એમ अ સુધબુધીએ માનતો હોય તો એ ઠેકાણે अ ની વાત ફકત તેના માનવા વીશેછે અને તેના માનવા વીશે તે સાચીછે માટે અગર તે સહી ज ની લખેલી ન હોય તોપણ अ એ ખોટી સાહેદી આપી એમ શમજવુ નહી.

(ड) કાંઈ સોગંદથી સાચુ બોલવાને બંધાએલો છતાં अ એ પ્રમાણે કહે કે ફલાણે દહાડે ज ફલાણે ઠેકાણે હતો એમ હુ જાણુંછું અને તે બાબત अ કાંઇ જાણતો ન હોય તો અગર તે દહાડે ज તે ઠેકાણે હતો કે નહી તોપણ अ એ ખોટી

…જવું

…કોઇ સમજાવનારો કે તરજુમો કરનારો છે અને તે જે વાત … રીતે સમજાવવા અથવા તેનો તરજુમો કરવાને સોગંદથી બંધાયેલોછે … અથવા લેખની એવી સમજણ આપે અથવા એવો તરજુમો કરે અથવા તે [સમ… તરજુમો ખરોછે એમ શરટીફીકેટ આપે કે તે સમજણ અથવા તરજુમો … અને તેને ખરો માનતો ન હોયતો અ એ ખોટી સાહેદી આપી એમ સમજવું.

૧૯૨ જે માણસ કાંઇ બીના બનાવે, અથવા કાંઇ ચોપડી કે દફતર મધે કાંઇ… ખોટો પુરાવો બનાવયો | ખોટી રકમ લખે અથવા કાંઇ લેખ કરે અને તેમા કાંઇ ખોટી વાત લખે એવા ઇરાદાથી કે કોઇ ઇનસાફી મુકરદમામાં અથવા કોઈ સરકારી નોકરની આગળ તેના સરકારી હોદાથી કાયદા મુજબ ચાલતા મુકદમામાં, અથવા કોઇ લવાદની આગળ તે બીના ખોટી રકમ અથવા ખોટી વાત પુરાવમા રજુ થાય તથા તે રજુ થનારી બીના અથવા ખોટી રકમ અથવા ખોટી વાતથી તે મુકદમામાં પુરાવા ઉપરથી જે શખસ… કાંઇ અભીપ્રાય બાધનાર હોય તે શખ્સના મનમા તે મુકદમાના ફેંસલાને લગતી કાંઇ જ… રૂરની બાબત સંબધી ખોટો અભીપ્રાય આવે તો તે માણસે ખોટો પુરાવો બનાવ્યો એ… મ સમજવું.

દ્રષ્ટાંત.

(અ) જ ની એક પેટીમાં અ કાંઈ ઘરેણું મુકે એવા ઇરાદાથીકે તે ઘરેણું તે પે… માંથી જડે તથા એ બીનાથી જ ની ઉપર ચોરી સાબેત થાય તો અ એ ખોટો પુરાવો … નાવ્યો એમ સમજવું.

(બ) અ પોતાની દુકાનના ચોપડામાં એક ખોટી રકમ લખે એટલા સારૂ કે કોઈ ઇનસાફની કોરટમાં તે પુરીકર પ્રમાણ દાખલા વાપરવો તો અ એ ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવું.

(ક) જ ની ઉપર બદમસ્તરતનો ગુનોહ સાબીત કરવાના ઇરાદાથી અ જ ના જે… વા અક્ષર કરીને એક કાગળ લખે એવી રીતે કે જાણે તે કાગળ તે બદમસ્વરત માંહેના કોઇ શોબતીને લખેલો હોય અને પોલીસના અમલદારો ફલાણે ઠેકાણે ખોળ કરસે એ… વો સંભવછે એમ જાણીને તે કાગળને ઠેકાણે મુકે તો અ એ ખોટો પુરાવો બનાવ્યો એમ સમજવું.

ટીકા.

ખોટી વાત એવી હોવી જોઇએ કે જેથી કામના ગુણદોશ વીશે એક અગતીઆની બાબત ઉપર ઇનસાફી અમલદારનો ખોટો અભીપ્રાય બંધાય એટલા માટે જ્યારે એક … વકીલ કે જેના પાશે ખરૂ વકીલાતનામુ હતુ તેણે તે ઉપર માજીસતરેટની શહી બનાવી … રે એમ ઠરાવ થયો કે આ તહોમત કલમ ૧૯૨ મુજબ ભાગતુ નથી કારણ કે … તનામુ કાઈ પુરાવો નહોતો અને જડજના મનમાં તેના ખરાપણા વીશે કાંઇ…

તો તેથી એ મુકદમાના ઠરાવને કાંઇ અગર થતી નથી (મદરાશ હાઇકોરટ વાલ્યુ પાને ૩૭૨).

જયા કોઈ શખસના ઉપર જુદા જુદા ઇનસાફદારો આગળ વીરૂધ વાતો કેહેવાને સારૂ તેમાંની કોઈ વાતનુ તહોમત મુકવા ઇરાદો હોય તો એવી દરેક વાત ઉપર ફરીઆદ થવાને સારૂ યોગ મંજુરીયત જોઇએ (મુ. હા વા. ૧૧ પા. ૨૪.)

૧૯૩ જે માણસ કાઇ ઇનસાફી મુકદમાના કોઇપણ ભાગમાં ઇરાદાથી ખોટી સાહેદી આપે અથવા કોઇ ઇનસાફી મુકદમાના કોઇપણ ભાગમાં વપરાય એવા કારણસર ખોટો પુરાવો બનાવે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે તથા બીજી કોઇ બાબતમાં જે માણસ ઇરાદાથી ખોટી સહેદી આપે અથવા ખોટો પુરાવો બનાવે તે માણસને તણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ખોટી સાહેદી તથા ખોટા પુરાવાની વાત.

ખુલાસો ૧લો—કોઇ કોરટ મારસલ અથવા મીલીટરી કોરટ આવરીકવેસટની આગળ તજવીજ ચાલતી હોય તેને ઇનસાફી મુકદમો સમજવો.

ખુલાસો ૨જો—કોઇ ઇનસાફની કોરટની આગળ મુકદમો ચાલતા પહેલાં કાયદાએ ફરમાવેલી તજવીજ થતી હોય તેને ઇનસાફી મુકદમાનો એક ભાગ સમજવો પછી તે તજવીજ કોઈ ઇનસાફની કોરટની આગળ નહી થતી હોય તોપણ.

દ્રષ્ટાંત.

જ ને તેનો ઇનસાફ થવા સારૂ કમીટ કરવો જોઇએ કે નહી એ ઠરાવવા સારૂ કોઇ માજીસ્તરેટની આગળ ચાલતી તજવીજમાં અ સોગદ ખાઇને એવી વાત કહે કે જે ખોટીછે એમ તે જાણતો હોય તો એ તજવીજ ઇનસાફી મુકદમાનો એક ભાગ છે માટે અ એ ખોટી સાહેદી આપી એમ સમજવું.

ખુલાસો ૩ જો—કોઇ ઇનસાફની કોરટે કાયદા મુજબ કાઇ તજવીજ કરવાનુ ફરમાવીયુ હોય અને તે તજવીજને કોઈ ઇનસાફની કોરટના હુકમ મુજબ થતી હોય તો તે તજવીજને ઇનસાફી મુકદમાનો એક ભાગ સમજવો પછી તે તજવીજ કાઇ ઇનસાફની કોરટની આગળ નહી થતી હોય તોપણ કાઇ જમીનનો હદ મુકરર કરવા સારૂ એક ઇનસાફની કોરટે કોઈ અમલદારને તે જગોપર મોકલ્યો હોય તે અમલદારની આગળ થતી તજવીજમા અ સોગદ ખાઇને એવી એક વાત કહે કે જે ખોટી છે એમ તે જાણતો હોય તો એ તજવીજ ઇનસાફી મુકદમાનો એક ભાગ છે માટે અ એ ખોટી સહેદી આપી એમ સમજવુ.

ટીકા.

...હેદીની આ કાયદામા નાખીયા આવી નથી આ કલમ

મુજબ તેનો અરથ એવોછે કે "ચાલતા કેસના સંબંધમાં ઇનસાફ આપવામાં કોરટે લીધેલો ઉપાય" (મદરાસ હાઈકોરટ ફેસલા) જો કે જે ભાગમા ખોટી ... આ હોય તે ભાગ એવો હોય કે તેમાં કાંઇ ફેસલા આપી સકાય નહી ... નો છેડો આવે અને પછી ફરી ફેસલો આપવામાં આવેજ નહી(સને૧૮૭૨ ... ની કલમ ૪ માં ઇનસાફી મુકદમાની વાખીયા એવીછે કે કાંઈ કામ ચાલતુ હોય ... રાવો લેવામાં આવે છે અથવા લેવાનો અધીકાર છે અથવા દફતરમાં દાખલ ... ના ઉપરથી જે કામમાં સીક્ષાનો ઠરાવ અથવા શીક્ષાનો હુકમ અથવા આપ ... વામાં આવે છે તે કામ સમજવું. (સને ૧૮૭૨ ના આકટ ૧૦ની કલમ ૫૧૯ ... ના હુકમો ઇનસાફી મુકદમા નથી પણ કલમ ૫૨૧ મુજબ હુકમ ઇનસાફી ...

પણ જ્યાં ઇનસાફી મુકદમાઓની સાથે બીલકુલ સબંધ નહિ એવા કોઈ બીજા કામ ને સારૂ તજવીજ ચાલતી હોય ના તેનુ બીજી રીતે છે જ્યાં એક માજીસતરેટના ઉપર ... નામો કાગળ આવ્યો જેના કેટલાક શબ્દો ઉપર ખુનનુ તહોમત મુકયું હતું. અને એ માજીસતરેટે એ ખુન શોધી કાડવાને નહી પણ કાગળનો લખનાર નકી કરવાને પુરાવો લીધો તાંહાં એમ ઠરાવ થયો કે એ તજવીજ ઇનસાફી મુકદમાનો ભાગ નથી અને ગુનો સાબેત થયાનો ઠરાવ થાકી શકતો નથી (રેવનીયુ સીવીલ એંડ કરીમીનલ રીપોરટર કલકતા કરીમીનલ રૂલીંગ વા. ૧ પા. ૨૧) અને એવીજ રીતે જ્યા એ તજવીજની મતલબ એક નીંદા ભરેલી અરજીનો લખનાર શોધી કાડવાની હતી તીયાં પણ તેવોજ ઠરાવ થયો મુબઈ હા. કો. રી. વા. ૧૧ પા. ૧૧ ફક્તએક ખોટી વાતો એકેજ જુબાનીમાં આવી હોય તો તે એકજ ગુનો થાય છે મદરાસ હાઈ કોરટ રૂલીંગ વા. ૬ પા. ૨૭૧ સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૬૮ મુજબ હીંદુસતાનના ફોજદારી કાયદા મુજબ કલમ ૧૯૩—૧૯૬—૧૯૯—૨૦૭—૨૦૫—૨૧૧—અગર ૨૨૮ મી કલમોમા બતાવેલા ... કારી ઇનસાફ વીરૂધ કોઈ ગુનો કોઈ ફોજદારી અથવા દીવાની કોરટ આગળ થયથી વીરૂધ કરવામા આવ્યો હોય તેરા ગુનાની ફરીઆદ સદરહુ દીવાની અથવા ફોજદારી કોરટ અથવા તેની ઉપરી કોરટની મંજુરી સીવાય કોઇ ફોજદારી કોરટ સાંભળી શકે નહીં અને એ મંજુરી કલમ ૪૭૦ માં બતાવ્યા પ્રમાણે આપવી જોઈએ આ કલમ મુજબ મંજુરી સાધારણ નીયમ મુજબ જે કોરટની આગળ ખોટા સોગંદ ખાધાનુ કહેવાતુ હોય તે કોરટની આગળ પેહેલ વેહેલી કરવી જોઇએ (મદરાસ હાઈ કોરટ વા. ૬ પા. ૯૨ મંજુરી વગર ચલાવેલું કામ બીલકુલ અખતીઆર બહાર છે અને તે મુજબ કરેલો કોઈ પણ ગુનો સાબીત થયાનો ઠરાવ રદ કરવો જોઇએ (બંગાલા લા. રીપોરટ વા. ... પા. ૩૧. ખોટા પુરાવાને સારૂ ફરીઆદ ચલાવવાની મંજુરી આપવા ના પાડવાનું એ ... કારણ નથી કે જે અમલદારની આગળ અરજી કરીછે તે અમલદારના પેહલાના અમલદારની આગળ ખોટો પુરાવો આપવામા આવ્યો હતો કેમકે જો અખતીઆરી જુદા

તો પણ કોરટ તેની તેજ છે (મદરાસ હાઇ કોરટ રૂલીંગઝ વા, ૭ પા, ૧૨. જે માજીસ તરેટની આગળ ખોટો પુરાવો આપવામાં આવ્યો હોય તે માજીશતરેટ તેજ ગુનો કલમ ૧૭૩ મુજબ કમીટ કરવાને સારૂ તેનો ઇનસાફ કરી શકે નહી (મુંબઇ હાઇકોરટ રીપોરટ વા ૧૦ પા. ૭૩. જે સખસના ઊપર પ્રથમ ૧૯૩—૧૯૪ અથવા ૧૯૫ મી કલમ મુજબ ગુનેગાર થયો હોય તે બીજી વખત તેજ ગુનાને સારૂ ફટકાને પણ લાયક છે (સને ૧૮૬૪ નો આકટ ૬ કલમ ૪). કલમ ૧૯૩ પ્રમાણે ગુનાની સાબીતી થયાં છતા કલમ ૧૮૧ પ્રમાણે અપરાધ સબીત કરયો તે ગેરકાયદે છે (મુ. હા. કો. તા૦ ૨૫ અપરેલ સને ૧૮૭૧ વા. ૮ પા. ૨૬) પોતાના ભાઇની જગો ઉપર પોતે ઊભો રહીશાક્ષી આપી તેમાં આ કલમ પ્રમાણે ખોટી પ્રતીગનાનો ચરજ રાખવો જોઇએ અને કલમ ૪૧૬ પરમાણે વેશ લઇ ઠગાઇ કરવાનો ચારજ રહે નહી (મુ. હા. કો. તા૦ ૫ નવેમબર સને ૧૮૬૩ વા. ૧ ભાગ ૧ પા. ૮૯). કલમ ૧૯૩—૧૯૪—૧૯૫ પરમાણે કમીટ કરવામા અમુક હકીકતો જેથી ગુનો થયો તે હકીકતો કેદીએ બોલેલા સબદોમાં હમેશાં બતાવી છે આથી કેદી બરાબર તહોમત શમજી સકશે (મુંબઇ હાઇકોરટ તા૦ ૨૨ જુ. સને ૧૮૭૦ નંબર ૯૬૫). ખોટો પુરાવો આપવાના કામમાં જે હકીકત તહોમતદાર પોતે ખોટી જાણતો હતો તે જાણી જોઇને ખરા દાખલ કહી એવુ બતાવવું જોઇએ બેં લા. રી. એ. પા. ૬૬. જે કામમા જુબાની આપી તે ઇનસાફી કામ હતું અને તે કામ ચાલતી વખતેજ તેણે ખોટી હકીકત કહી એવું સાબીત થવું જોઇએ ૧ બેં. લા. રી પ્ર. ૧૩ (ફો. અ)

એક જણે ઘુઘી પુરવક રેલવેનો કેટલોક સામાન કોઇ સખસના ઘરમાં અને ખેતરમાં છુપાવવામાં મદદ કરી એવા ઇરાદાથી કે એ ઘરના અને ખેતરના ધણીને શીક્ષા થાય તેમાં ઠરાવવામાં આવ્યું કે તહોમતદાર ઊપર આ કલમ પ્રમાણે ખોટો પુરાવો બનાવ્યાનુ અને કલમ ૪૧૪ પરમાણે ચોરેલી મીલકત જાણી જોઇને છુપાવવામાં મદદ કરયાનુ એવા બે તહોમત લાવી શકાય ૧ ઇ. લા. રી. પ્ર ૨૭૮ (અલ્હાબાદ). આ કલમ પરમાણેનો ગુનહો કરી. ક્રી. કોડની કલમ ૪૭૩ પરમાણે કોરટનો તીરસકાર છે. તેથી એ કલમ પરમાણે જે માજીસતરેટ હજુર એ ગુનોહ કરવામાં આવ્યો હોય તે માજીસતરેટ ઇનસાફ કરી સકે નહી ૧ ઇ. લા. રી. (અલહા.) પા. ૧૧૫. જે માજીસતરેટ પાસે એ ગુનોહ કરવામા આવ્યો હોય તે માજીસતરેટને તે ગુનાહનો ઇનસાફ કરવાનો અધીકાર હોય તો સને ૧૮૭૨ના આકટ ૧૦ માની કલમ ૪૭૧ પરમાણે તેને કાંઇ હરકત નથી. આ કલમ પરમાણે ગુનો બનવા માટે તહોમતદારનો ઇરાદો ખરાબ હતો કે નહી તેની જરૂર નથી જે કહયું તે ઇરાદા પુરવક કહયું જે હકીકત તેણે કહી તે ખોટી જાણતો હતો એવુ સાબીત થાય પછી તેણે તે ઇરાદાથીજ કહી એમ ગણવુ જોઇએ ૩ અ. હા. રી. પ્ર. ૧૩૩ એક સખસ કોરટમા આવ્યો તારે એ દીવસે જે જે કેસમા તેની જુબાની લેવામા આવે તેમાં તેણે સાચુ બોલવુ એવી પરતીગના તેને એકજ વખતે આપ[illegible] મા આવી એ દીવસના કેસના જે કેસ જણાવીઆ નહોતો તે કેસ પણ તેજ દીવસ[illegible]

ળ્યો તેમાં તે ખોટુ બોલ્યો તેમાં ઠરાવવામાં આવ્યુ કે તેણે આ કલમ પરમાણે ગુનોહ કરયો ર ગ. હા. રી. પા. ૪૩. આ કલમ પરમાણેના તહોમતમાં તહોમતદારે કયો ખોટો પુરાવો આપીઓ તે ખસુસ ન બતાવવુ જોઈએ. વી. રી. પા. ૭૧. એક કેદીએ મા જીસતરેટ પાસે સાક્ષી તરીકે જે જુબાની આપી તેથી શેશન જજ આગળ જુદીજ આપી. આ ખોટી જુબાની કાંતો સેશન જજ પાશે આપી અગર કંતો માજીસતરેટ પાસે આપી એવા તહોમતથી તેને સજા થઈ તેમાં ઠરાવવામાં આવ્યુ કે એ શીક્ષા બરાબર થઈછે વ ળી એવુ પણ ઠરાવ્યુ કે સેસન જજ પાસે આપેલી જુબાની માજીસતરેટ પાસે ચાલેલા કામમાં પુરાવામા લીધી તે પણ બરોબર થયુંછે. બેં. હા. રી. વધારાનુ પુસતક પાનુ ૫૨૧. મોફસીલમાં ખોટો પુરાવો આપવાના તહોમતથી એકજ સાક્ષીના વગર ટેકાવાળા પુરાવાથી શીક્ષા થઇ શકે નહી બેં. હા. રી વધારાનુ વો. પા. ૪૧૭. શેશન જજ માજી સતરેટ પાસે ખોટો પુરાવો આપાનો ગુનોહ કમીટ કરી શકે નહી પણ પોતાનીજ કોરટમાં એવો ગુનોહ બનીયો હોય તો નેમ કરી શકેછે ૨ બં. હા. રી. પાનુ ૩૫ (બા કે.) એક સાક્ષીએ માજીસતરેટ પાશે કામ ચાલ્યુ તેમાં અમુક જણે ખુન કરયુ એવી જુબા ની આપી અને સેશન જજ પાસે બીજા જણે ખુન કરયુ એવી જુબાની આપી તેમાં ઠરા વવામાં આવ્યુ કે તહોમતદારને આ કલમ ૧૯૩ પરમાણે સીક્ષા થાય પણ કલમ [illegible] પરમાણે સીક્ષા થાય નહી કેમ કે પોતાની જુબાનીઉપરથી કોઈને મોતની સજા થશે એવુ સાક્ષી જાણતો નથી ૩ બે હા. રી. પાનુ ૨૫. એક માજીસતરેટ પાસે નનામી અરજી આવી તેમા અમુક જણે અમુક જણનુ ખુન કરયુ છે એવા ખબર લખ્યા હતા એ અરજી લખ વાની કોણે છે તે નકી કરવા માટે માજીસતરેટે તજવીજ ચલાવી તેમા કોઈ ખોટુ બો લ્યુ તેથી ઠરાવવામા આવ્યું કે આ તપાસ ઇનસાફી તપાસ કે તેનો ભાગ નહોતો જેથી સાક્ષી ઉપર ખોટી જુબાની આપવાનુ તહોમત આવી શકે નહી ૫ વી. રી. પા ૭૨ રાણી વીરૂધ જીભાઈ વજા ૧૧ મુ. હા. રી. ૧૧ જે જુબાનીમાં તહોમતદારે ખોટો ગજકુર કહયા નુ કહેવામા આવ્યુ હોય તે જુબાની સાબીત થવાની જરૂરછે કા. ઇ. ડા. પાનુ ૩૧૧ આ દેશમા આવા ગુનહાની સખત સજા કરવી જોઇએ પણ જો તહોમતદાર કબુલ કર તો હોય અને કોરટ પાસે દયા માગતો હોય તોજ ઓછી શીક્ષા કરવી રાણી વીરૂધ ગર ગીન આહીર ૭ વી રી પા. ૬૭. ખોટુ તહોમત મુકવુ અને જાણી જોઇને ખોટી જુબા ની આપવી એ બે ગુના એક બીજાના ભાગ નથી માટે તેને જુદી જુદી શીક્ષા થવી જો ઇએ ૭વી.રી. પાનુ ૫૯. આ કલમ પરમાણેનુ તહોમત સાબીત કરવા માટે તહોમતદારે જે જુબાની આપી હોય તે સાદા સોગન ઉપર નહી. પણ શોગન લેવાના કાયદા પરમાણે ધ રમ ઇમાનથી સાચુ કહેવાને પરતીજ્ઞા લીધેલી હોવી જોઇએ ૪ વી રી પાનુ ૨૪. બીજાને નામે જુબાની આપવી તે આ કલમ પરમાણેનો ગુનો થાયછે કલમ ૪૧૯ પરમાણે વેશ લઇને ઠગાઈ કયાનો ગુનોહ થતો નથી ૧ મુ. હા રી. પાનુ ૮૯. સમન બજાવ્યાનો ખોટો રીપોટ કરે તો કલમ ૧૮૧ પરમાણે નહી પણ આ કલમ પરમાણે ગુનો કરયો કહેવાય ૯

ખી રી. પાનુ ૨૭ ખોટો પુરાવો આ નામા જે ઈરાદાની જરૂર છે તેનુ અનુમાન હકીકત ઉપરથી થઇ શકેછે ૨ વી રી. પ્ર. ૬૩. એકજ જુબાનામાં એકથી વધારે હકીકત જુદીજુદી કહી હોય તે દરેકો માટે જુદુ જુદુ તહોમત નહી આપવુ જોઇએ એકજ તહેમત આ પવુ જોઇએ ક્ર. ઇ. ડા. પાનુ ૩૫૩. કમીશનર પાશે સોગન લઈ ઈરાદાથી ખોટી હકીક ત જાહેર કરે તો તહોમતદારે આ કલમ વીરૂધ ગુનેહ કરયો ગણાય ૮ મુ હા. રી. પા. ૧૧ (ફોજદારી). સોગન લઇ જે હકીકત ખોટા કહયાનુ તહોમત હોય તે હકીકત તહોમતદા ર કહે તો પોતે ગુનામા આવો જાય એવુ હતુ તોપણ આ કલમ પરમાણે તે તહોમતમાં કાયદાસર બચાવ નથી ઈ મ. હા૦ રી૦ પ્ર૦ ૩૯ કોઈ હીંદુ વટલીને ક્રીસ્થન થયો હોય તે ને ખરીસ્તી ધરમ પરમાણે પરતીજ્ઞા ન આપી હોય તો તેણે કહેલા ખોટા બજકુર માટે તે ણે આ ગુનેહ કરયો ગણાય નહી ૪ મ. હા. રી. ૧૮૫.) આ કલમ પરમાણેના તહો મતમાં એક શાક્ષી આવી કહે કે તહોમતદાર ખોટુ બોલ્યો છે તો તે પુરતુ નથી કેમકે હેતો તહોમતદારે સોગન ખાઈ કહયુ કે આમછે તેની વીરૂધનો સાક્ષી કહેછે કે આમ છે એ તો સોગન સામસામા અથડાયા જેવુ થયુ ગુડો પાનુ ૩૦૪–૫ જે ખોટી જુબાની આપી તે કેશને લગતી નહોતી એવા કારણથી તહોમત ઉડી જાય નહી ૫ મુ. હા૦ રી. પાનુ ૬૮ (ફોજ). એકના એક કેસમાં બે જણે ઉપર આ કલમ પરમાણેનો ગુનો કરયાનુ તહોમત હોય તો બેઊની જુદી જુદી તજવીજ કરવી જોઇએ ૫ મુ. હા. રી. પાનુ ૫૫ (ફો.) જે કેસમાં ખોટી જુબાની આપીયાનુ તહોમત હોય તે મુળ કેસ ફરીઆદીને ફરીઆદ કરવા હક નોહોતો એવા કારણ વીગરેથી ના સાબીત થય તો પછી ખોટી જુબાની આપનારને પ ણ છોડી મુકવો જોઇએ કેમ કે તેણે જે જુબાની આપી તે કામ ઇનસાફી કામ ગણાયુ નહી ૮ મુ. હા રી. પાનુ ૩૭ ફેજ.) જગલ ખાતાના અમલદારી તેમજ બીજા કોઈ અધીકારી જેમને કાઈ તજવીજ કરી ઠરાવ ભરવાનો અખતીઆર નથી તેમની પાસે કાંઈ ખોટી હકીક ત કહેવામાં આવે તો તે આ કલમ પરમાણે ગુનો નથી ૧૨ મુ. હા. રી. પાનુ ૧. તહો મતદારનાં સહીઓ મેળવી જે પુરાવો મેળવ્યો હોય તે ઉપરથી આ કલમ પરમાણેનુ તહોમતસ્થાપીત થઈ શકે ૫ વી. રી. પ્ર ૯૮ (ફોજદારી) (म) નામના શખશે ज નામના સખસને (क) નામના સખસનુ નામ લઇ સટાંપ ઓફીસમાંથી સટાંપનો કાગલ લઇ આવ વા કહયું તે પ્રમાણે क ના નામનો કાગળ (ज) લાવ્યો આ કાગળ क વીરૂધ ઈનસાફની કોરટમા વાપરવો એવો (म) નો ઇરાદો હતો તેમા ઠરાવવામાં આવ્યુ કે આ ગુનેહ ખોટો પુરાવો બનાવ્યાનો થયો ૨ ઇ લા. રી. (અલહા.) પ્ર. ૧૦૫.

દેહાંત શીક્ષા જોગ ગુનો કોઇની ઊપર સાબીત કરવાના ઈરાદાથી ખોટી શાહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.

૧૯૪ જો કોઈ માણસ ખોટી શાહેદી આપે અથવા ખોટો પુરાવો બનાવે એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઇ સખસની ઊપર આ કાયદા મુજબ (સને ૧૮૭૭ ના આકટ ૨૭ મા પ્રમાણે અથવા ઈંગલંડ દેશના કાયદા મુજબ") દેહાંત શીક્ષા જોગ હોય એવો કોઈ ગુનેહ સાબીત થાય અથવા તેમ કરવાથી સાબીત થ

અગર તેમ કરવાથી કોઈ બેગુનાહ સખ્સની ઉપર ગુનો સાબીત થઈ તેનો જીવ લેવામાં આવે તો | એવો સંભવછે એમ જાણ્યા છતાં તો તે માણસને જીવતાં સુધી સમુદરપારની અથવા દસ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ પાત્ર થશે અને અગર તે ખોટી સાહેદીને લીધે કોઈ બે ગુનાહ સખ્સના ઉપર ગુનો સાબીત થઈને તેનો જીવ લેવામાં આવે તો તે ખોટી સહેદી આપનાર સખસને અગર તો મોતની અથવા ઉપર બીયાન કરેલી શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

એક માણસ ખુનના ગુના સારૂ અના ઈનસાફની વખતે એમ કહેછે કે એ ખુન એ કરયુ નથી પણ બ જે તુરંગમાં નથી તેણે કરયુ છે તો આ એ કલમ ૧૯૪ મુજબનો કરયો નથી કારણ કે આ પુરાવાથી કોઈ શખસના ઉપર દેહાંત સીક્ષા જોગ ગુનો સાબીત થતો નથી એ માણસ ફકત ૧૯૩ મી કલમ મુજબ શીક્ષા જોગછે બં. હા. એપેલેંટ કરીમીનલ જુરીસડીકસન વા. ૩ પા. ૩૫.

૧૯૫ જે માણસ ખોટી સાહેદી આપે અથવા ખોટો પુરાવો બનાવે એવા ઈરાદાથી કે તેમ કરવાથી કોઈ શખસની ઉપર આ કાયદા મુજબ (સને ૧૮૭૦ ના આકટ ૨૭ પ્રમાણે અથવા ઈંગલાંડ દેસના કાયદા મુજબ) દેહાંત સીક્ષા જોગ નહી પણ જીવતાં સુધી સમુદરપારની અથવા સાત વરસ અથવા તેથી વધારે મુદત સુધી કેદની શીક્ષા થઈ શકે એવો કોઈ ગુનોહ સાબીત થાય અથવા તેમ કરવાથી સાબીત થશે એવો સંભવછે એમ જાણ્યા છતાં તો તે માણસને જે માણસની ઉપર તે ગુનોહ સાબીત થયો હોય તેને જે સીક્ષા કરવામાં આવે તે શીક્ષા કરવામાં આવશે.

(સમુદરપારની અથવા કેદની શીક્ષા થઈ સકે એવો ગુનો કોઈની ઉપર સાબીત કરવાના ઈરાદાથી ખોટી સહેદી આપવી અથવા ખોટો પુરાવો બનાવવો.)

દ્રષ્ટાંત.

એક ઈનસાફની કોરટની આગળ અ ખોટી સાહેદી આપે, એવા ઈરાદાથી કે તેમ કરવાથી જ ની ઉપર ડાકાઈટીનો ગુનો સાબીત થાય ડાકાઈટીની શીક્ષા જીવતાં સુધી સમુદરપારની અથવા દસ વરસની મુદત સુધીની દંડ સાથે અથવા દંડ વીના, કેદની છે તો અ સમુદરપારની અથવા દંડ સાથે કે દંડ વીના કેદની સીક્ષાને લાયક છે.

ટીકા.

પોતાનુ ઘર પોતે બાળીને તે બાબત બીજાની ઊપર આરોપ મુકવો તે કલમ ૨૧૧ મુજબ ગુનો છે કલમ ૧૯૫ લાગતી નથી (કલકતા હાઈકોરટ તા૦ ૨૮ અગસટ સને ૧૮

૧૯૬ કાંઈ શાહેદી ખોટીછે અથવા પુરાવો બનાવટનોછે એવુ જાણીને જે સ દુસ્ટભાવથી તે સાહેદી અથવા પુરાવાને આવા ખરા પુરાવાની માફક વાપરે અથવા વાપરવાની કોસીસ કરે તે મા

(ખોટો પુરાવો.)

...પી હોય અથવા ખોટો પુરાવો બનાવ્યો હોય એવી રીતે શીક્ષા

ટીકા.

આ કલમ મુજબ તુહોમત રાખવામા બે વાતો બતાવવાનીછે એકતો એક પુરાવો ખોટો અગર બનાવટને છે અને બીજુ એ કે એ પુરવો ખોટોછે એમ જાણુ ગા હતુ એ પક્ષકારે ખોટો પુરાવો હાજર કર્યો એટલીજ વાતથી તે શખશ ગુનેગાર છે એ ગુનાછે એટલુંજ બતાવવાનો છે તો સહુસે "એમ ઠરાવ કરવામા આવ્યો છે કે દેવાદારે એવો શાક્ષી આપીયો કે જેણે લેણદારને પઈશા આપતા જોયાની ખોટી વાત લખાવી તે વાત દેવાદારના ઉપર બીજાને જુઠા સોગંદમાં નાખવાનુ તહોમત સાબીત કરવાને જોઈએ તેવો પુરાવો છે" (મોરલી સડાઇ જેઇટ ઓફ ઈંડીઅન કેસીસ વા. ૧ પા. ૧૨૨.)

અને એવીજ રીતે બીજા કામમા પણ હતુ જયાં તે પક્ષકારે વકીલની મારફત ખોટો સાક્ષી રજુ કર્યો (મોરલી શડાઈ જેસટ ઓફ ઈનડીઅન કેસીસ વા. ૧ પાને ૧૭૧) પણ જયા કેદી તેના બાબતમા જુઠા સોગંદ ખાધેલા તે વખત ગુનેગાર લાયક નહોતો અને જુઠા સોગંદ લેવરાવવામા સામેલ પણ માલમ પડયો નહી ને જો કે તે વખત તે હાજર હતો અને પોતાને ફાયદો પણ થયો તોપણ તેને છોડી દીધો (મોરલી સડાઈ જેસટ ઓફ ઈં. કે. વા. ૧ પા. ૧૭૩.

ખોટુ સારટીફીકેટ આપવું અથવા તે પર સહી કરવી.

૧૯૭. જે સરટીફીકેટ આપવાનુ અથવા જે સરટીફીકેટપર સહી કરવાનુ કાયદામાં ફરમાવ્યું હોય એવું સરટીફીકેટ, અથવા જે હકીકતના પુરાવામાં જે સરટીફીકેટ કાયદા પરમાણે લઇ સકાય તેવી કાંઈ હકીકત બાબતનુ કાંઈ સરટીફીકેટ કાંઇ જરૂરની બાબતમાં ખોટું છે એમ જાણીને અથવા એમ માનીને જે માણસ તે સરટીફીકેટ આપે અથવા તે પર સહી કરે તેને જાણે તેણે ખોટી સાહેદી આપી હોય એવી રીતે શીક્ષા કરવામા આવશે.

કાંઈ જરૂરની બાબતમાં ખોટુ છે એવુ જાણીતુ સરટીફીકેટ ખરાની માફક વાપરવુ.

૧૯૮ એવુ કાંઇ સરટીફીકેટ કાંઇ જરૂરની બાબતમાં ખોટુ છે એમ જાણીને જે માણસ ભુસ દુસટ ભાવથી તે સરટીફીકેટને ખરા સરટીફીકેટની મારફક વાપરે અથવા વાપરવાની કોસીસ કરે તેને જાણે તેણે ખોટી સાહેદી આપી હોય એવી રીતે શીક્ષા કરવામા આવશે.

કાયદા પરમાણે પુરાવામા લેઈ સકાય એવા કોઇ એકરારમા લખેલી ખોટી હકીકત.

૧૯૯ જે એકરાર કોઈ ઈનસાફી કોરટ અથવા કોઈ સરકારી નોકર અથવા બીજો શખસ કાંઈ હકીકતના પુરાવા દાખલ કબુલ કરવાને કાયદાથી બંધાએલો અથવા અખતીઆર પામેલો હોય એવા કોઈ એકરાર ગણે જે કારણસર તે એકરાર કરવામાં અથવા વાપરવામા આવે તેને લગતી કાઈ જરૂરની બાબત સંબંધી

હોય એવી તથા ખોટીછે એવું પોતે જાણતો કે માનતો હોય એવી અથવા ખરો પોતે ન માનતો હોય એવો કાંઇ કેફીયત જે માણસ તે એકરાર કરે અથવા તે હીકરે તે માણસ લખે તો તે માણસને જાણે તેણે ખોટી સાહેદી આપી હોય એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

એવો કાંઈ ખોટો જાણેલો એકરાર ખરાની માફક વાપરવો.

૨૦૦ એવો કાંઈ એકરાર કાંઇ જરૂરની બાબતમાં ખોટોછે એમ જાણીને જે માણસ દુશટ ભાવથી તે એકરારને ખરા એકરારની માફક વાપરે અથવા વાપરવાની કોસીસ કરે તેને જાણે તેણે ખોટી સાહેદી આપી હોય એવી રીતે શીક્ષા કરવામાં આવસે.

ખુલાશો—જે એકરાર કરતાં કાંઈ ગેર શીરસતે વાત બની હોય તે સબબ ઉપરથીજ પુરાવામાં કબુલ નહી થઈ શકતો હોય તેને પણ ૧૯૯ મી તથા ૨૦૦ મી કલમોનો અરથ પરમાણેનો એકરાર સમજવો.

કાંઈ ગુનો કરનારને બચાવવાના ઈરાદાથી તે ગુનો થવાનો પુરાવો ઊડાવવો અથવા તે બાબત ખોટી ખબર આપવી.

૨૦૧ કાંઈ ગુનોહ થયોછે એવું જાણીને અથવા એવું માનવાનું કારણ છતાં જે માણસ તે ગુનેગારને કાયદા મુજબ થતી શીક્ષાથી બચાવવાના ઇરાદાથી તે ગુનો થવાનો કંઇ પુરાવો ઊડાવે અથવા એજ ઇરાદાથી જે માણસ પોતે ખોટી જાણતો અથવા માનતો હોય એવી કાંઈ ખબર તે ગુનાહ બાબત આપે તે માણસ ને અગર જે ગુનોહ થયો, એવું તે જાણતો અથવા માનતો હોય તે ગુનાહને માટે મોતની શીક્ષા થઈ શકતી હોય તો. સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે માણસ દંડનો પણ લાયક થશે અને જો તે ગુનાહને માટે જીવતા સુધી સમુદ્રપારની અથવા દસ વરસ સુધીની કેદની સીકશા થઈ શકતી હોય તો તે માણસને તરણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે માણસ દંડને પણ લાયક થશે અને જો તે ગુનાને માટે દસ વરસથી ઓછી મુદત સુધીની કેદની શીક્ષા થઈ શકતી હોય તો તે માણસને તે ગુનાહને માટે ઠરાવેલા પરકારની તથા તે ગુનાને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

દ્રષ્ટાંત.

ન એ જ નું ખુન કરયું છે એવું જાણીને ન ને શીક્ષાથી બચાવવાના ઇરાદાથી સંતાડવામા બ ને આ મદદ કરે તો સાત વરસની બેમાંના ગમે તે પરકારની કેદને દંડને પણ અ લાયક છે.

ટીકા.

બંગાળાની હાઇકોરટે એમ માનયું છે કે આ કલમ બીજાએ કરેલા ગુનાનો પુરાવો ઉ

ડાવી દેવાને લાગુછે પોતે કરેલા ધુનાનો પુરાવો ઊડાવી દેવાને લાગુ નથી (રેવન્
એ‌ંડ કરીમીનલ રીપોર્ટ કલકતા સરકયુલર એ‌ંડ લેટરસ) જે શખસ ગુનો કરીને
—,ને પુરાવો સંતાડે તેને બે ગુનાની શીક્ષા થઈ સકે નેહી (રેવનીયુ શીવાલ એ‌ંડ ક્
રી. કલ. કરી. રૂલીગઝ•વા. ૩ પા ૩.

કોઈ ગુનાહ બાબત ખબ
ર આપવાની જેની ફરજ
હોય તે સખસે ઈરાદાથી
ખબર આપવામાં કસુર ક
રેતો.

૨૦૧ જે ગુના બાબતની કાંઈ ખબર આપવાની જે માણસની કાયદા પરમાણે ફર
જ હોય તે માણસ તે ગુનોહ થયોછે એવુ જાણીને અથવા
એવુ માનવાનુ તેને કારણ છતા ઈરાદાથી તે ખબર આપવા
મા કસુર કરે તો તે માણસને છ મહીનાની મુદત સુધીની
બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા બે
બનેની સીક્ષા કરવામાં આવશે.

ટીકા.

પોલીસ અમલદારે જે ખબર પોતાના ઉપરીને કરવાની ફરજછે તે ન કરેતો સન
૧૮૬૭ ના આકટ ૭ ની કલમ ૨૬-૩૫ પોલીસ પટેલ અથવા ગામ પોલીસનો માણસ
ખબર આપવમા કસુર કરે તેણસને ૧૮૬૭ ના આકટ ૮ ની કલમ ૯.

આપઘાત કરે તે ગુનો નથી વાસતે મદદ વગે કરનારને આ કલમ લાગુ નથી મુ.
હા. કો. તા૦ ૯ મે સને ૧૮૬૨.

કાઈ ગુનો થયો હોય તે
ની ખોટી ખબર આપવી.

૨૦૩ કાંઇ ગુનોહ થયોછે એવુ જાણીને અથવા એવુ માનવાનુ કારણ છતા તે ગુ
ના બાબત પોતે ખોટી જાણતો અથવા માનતો હોય એવી
કાઈ ખબર જે માણસ આપે તેને બે વરસની મુદત સુધીની
બેમાના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા બે
બેની શીક્ષા કરવામાં આવશે.

કોઈ લેખને પુરાવા દાખ
લ હાજર થતો અટકાવવા
ને તેનો નાશ કરવો.

૨૦૪ કોઈ ઇનસાફની કોરટમાં અથવા કોઈ સરકારી નોકરની આગળ તેના ઓદા
ના જોરથી કાયદા પરમાણે ચાલતા કોઈ મુકદમામાં જે લેખ
કોઈ માણસ પાશે કાયદા પ્રમાણે પુરાવા દાખલ હાજર કરા
વી શકાય એવો કાઇ લેખ તે માણસ છુપાવે અથવા તેનો ના
સ કરે અથવા ઊપર લખ્યા મુજબની કોરટ કે સરકારી નોકર
ની આગળ પુરાવા દાખલ તે લેખ હાજર થતો અથવા વાપરતો અટકાવવાના ઇરાદાથી
અથવા તે કારણસર તે લેખ હાજર કરવાનો તેને કાયદા પ્રમાણે સમન અથવા હુકમ
થયા પછી તે માણસ તે આખા લેખને અથવા તેમાંના કાંઈ ભાગને ચેરી નાખે અથવા
વંચાય નહી. એવો કરે તો તેને બે વરસની મુદત સુધીની બેમાના ગમેતે પ્રકારની કેદની
...ની શીક્ષા કરવામા આવશે.

...રીતે કોઈ બીજાનો વેશ લે, અને તે વેશ લઇને કાઈ ક

મુલાત કરે અથવા કાંઈ મજકુર કહે અથવા ...
લો કરાવે. અથવા કાંઈ હુકમ કહડાવે અથવા ...
કે બીજી તરેહનો જામીન થાય અથવા કોઈ દીવાની કે ...
ની મુકદમામાં કાંઈ બીજુ કામ કરે તે માણસને ત્રણ વરસની મુદત સુધીની કેદમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બન્નેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

તહોમતવાળા સખસને દગાબાજીથી થએલો નફો કે ફાયદો આ ગુન્હા... ન તત્વ નથી એટલા માટે જ્યાં પહેલા કેદીના ઉપર ચોથા કેદીનો વેશ લે... મુક્યુ હતું અને ચોથા ઉપર પહેલાને વેશ લેવામાં મદદગારી કરવાનુ તહોમત મુક્યું હતું ત્યાં ગુનો સાબીત થયાનો ઠરાવ બાહાલ રાખીઓ હતો (મદ્રાસ હાઈકોરટ વા. ૧ પાનુ ૪૫૦) પણ મદ્રાસ હાઈકોરટે હમણા એ ઠરાવને અનુસરીને ચાલવા ના પાડીછે. તેઓ કહેછે કે ફોજદારી કાયદાની કલમ ૨૦૫ મુજબ ખોટો વેશ લેવાનો ગુનો થવાને એક ખોટું નામ ધારણ કરયું છે એટલુજ બતાવવાનું બસ નથી હમે ધારીએ છીએ કે તેમાં એમ પણ દેખાડવુ જોઈએ કે એ ધારણ કરેલુ નામ કાંઈ બીજા શખસમાં ખોટી રીતે ... ના સાધન તરીકે વપરાવુ જોઈએ ફકત ધારણ કરેલા નામનો ઉપીયોગ બાજુ કાંઈ ... ન હોયતો ગુનો નથી એ ગુનો ક્યારે થાય કે જ્યારે બીજો કાંઈ કામ, અથવા ચાલતી ... ની સાથે તેનો સબંધ હોય ત્યારે અને ૨૦૫ મી કલમ મુજબ ખોટો વેશ લેવાના ... નાની મતલબ હગરી ધારણા પ્રમાણે બીજો જણાવેલો સખસતુ એવો ઢોંગ કરવો (મુ... હા. કો. વા. ૪ પા. ૧૮).

કાંઈ મીલકત સરકાર જપ્ત થતી અથવા હુકમનામુ બજાવવામાં આવતી અટકાવવા સારૂ તે મીલકત દગાબાજીથી ખસેડવી અથવા છુપાવવી.

૨૦૬ જો કોઈ માણસ કાંઈ મીલકત અથવા તે મહેનો કાંઈ હક દગલ બાજીથી ખસેડે કે છુપાવે અથવા કોઈ શખસના નામ ઉપર ... કરે કે કોઈને સવાધીન કરે એવા ઇરાદાથી કે તેમ કરવાથી ... ઇનસાફની કોરટે અથવા બીજા મુખતીઆર અધીકારી ... કાંઈ શીક્ષાનો હુકમ કરયો હોય અથવા કાંઈ હુકમ તે કરશે એવો સંભવછે એમ તે માણસ જાણતો હોય તે હુકમ મુજબ તે મીલકત અથવા તે મહેલો હક સરકાર જપ્ત થતો અથવા દંડને પેટે વસુલ થતો અટકે અથવા કોઈ ઇનસાફની કોરટે કાંઈ દીવાની મુકદમામાં કાંઈ હુકમનામુ અથવા હુકમ કરયો હોય અથવા કાંઈ હુકમનામુ કે હુકમ તે કરશે એવો સંભવછે એમ તે માણસ જાણતો હોય તે હુકમનામુ બજાવવામાં તે મીલકત અથવા તે મહેલો તે હક લેવાતો અટકે તો તે માણસને બે વરસની મુદત સુધીની કેદમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા

...ચેડી હોય તે બદદાનતથી ખસેડી એવું સાબીત થવું જોઈએ.

૨૮ વી. રી. ૬૫. હુકમનામું ન બજે એવા હેતુથી મીલકત છુપાવવામાં આવે તો ગુનો નહો થાયછે ગુર ચંદરનકરજૂતો વીરૂધ કરીશન મોહનસીંગ ૨ બે. લા. રી. પા. ૪ (સ્પેશીઅલ નંબર.)

૨૦૭ ફલાણી મીલકત અથવા તે માંહેલા ફલાણા હક ઉપર મારો કાંઈ હક અથવા વાજબી દાવો નથી એવું જાણીને જે માણસ દગલબાજીથી તે મીલકત અથવા તે માંહેલો તે હક કબુલ કરે અથવા લે, અથવા તેનો દાવો કરે અથવા જે માણસ કોઈ મીલકત અથવા તે માંહેલો કાંઈ હકપરના કાંઈ હક બાબત કોઈ તરેહની ઠગબાજી કરે, એવા ઈરાદાથી કે તેમ કરવાથી કોઈ ઈનસાફની કોરટે અથવા બીજા મુખ્તીઆર અધીકારીએ કાંઈ શીક્ષાનો હુકમ કરયો હોય અથવા કાંઈ હુકમ તે કરશે એવો સંભવછે એમ તે માણુસ જાણતો હોય તે હુકમ મુજબ તે મીલકત અથવા તે માહેલો તે હક સરકાર જપત થતો અથવા દંડને પેટે વસુલ થતો અટકે અથવા કાંઈ ઈનસાફની કોરટે કોઈ દીવાની મુકદમામાં કોઈ હુકમનામું અથવા હુકમ કરયો હોય અથવા કાંઈ હુકમનામું કે હુકમ તે કરશેં એવો સંભવછે એમ તે માણસ જાણતો હોય તે હુકમનામું અથવા હુકમ બજાવવામાં તે મીલકત અથવા તે માહેલો તે હક લેવાતો અટકે તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

> કાંઈ મીલકત સરકાર જપત થતી અથવા હુકમનામુ બજાવવામા લેવાતી અટકાવવા સારૂ દગલબાજીથી તે મીલકતપર દાવો કરવો.

૨૦૮ કોઈ શખ્સે ફરીઆદી કરયા ઉપરથી જે રકમ લેણી ન હોય તે રકમને માટે અથવા તે શખ્સને જેટલી રકમ દેવી હોય તે કરતાં વધારે રકમને સારૂ અથવા જે મીલકત પર કે તેના જે હકપર તે શખ્સનું કાંઈ પહોંચતુ ન હોય એવી મીલકતને સારૂ, અથવા એવા હકને સારૂ જે માણસ દગલબાજીથી પોતાની ઉપર કઈ હુકમનામું કે હુકમ કરાવે અથવા થવા દે અથવા કાંઈ હુકમનામું કે હુકમ પુરો થયા પછી અથવા જે વસતુ સંબધી તે પુરો થયો હોય તે વસતુ સબંધી જે માણસ દગલબાજીથી પોતાની ઉપર તે હુકમનામું કે હુકમ બજવાવે અથવા બજવાદે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

> જે રકમ લેણી નથી તેને સારૂ દગલબાજીથી હુકમનામું થવા દેવું.

દ્રષ્ટાંત.

અ જ ની ઉપર એક ફરીઆદી કરે અને મારી ઉપર હુકમનામું થશે એવો સંભવછે એમ જાણીને ન જેનો જ ની ઉપર કંઈ વાજબી દાવા નથી તેણે ફરીયાદી કરે

થી વધારે રકમનુ હુકમનામુ જ દગલબાજીથી પોતાની ઉપર થવા દે
ના હુકમનામાનો રૂઇએ જ ની મોલકતનુ જે વેચાણ થાય તેમાંથી જે
જે તેમા ન પોતાને હીસ.બે અથવા જ ના ફાયદાને સરૂ ભેગો ભળે તો આ
મુજબ જ એ ગુનોહ કરયો એમ સમજવું.

ટીકા.

કોઈ લેણદારને હરકત કરવા નહી પણ નીશાકપટપણે કેઇ હીંદુ પોતાની મીલકત
કાઇને બક્ષીસ કરી દે તો આ કલમ પરમાણે તેણે ગુનહો કરયો કહેવાય નહી ૪ મ.
હા. રી. પ. ૮૪.

કોઈ ઇનસાફની કોરટમાં બદદાનતથા ખોટો દાવો કરવો.

૨૦૯ જે માણસ દગાબાજીથી અથવા બદદાનતથી અથવા કોઈ શખશને નુક
શાન કરવાનો કે દુખ આપવાના ઈરાદાથી કઈ દાવો ખો
છે એમ જાણીને કેઇ ઇનસાફની કોરટમાં તે દાવો
માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે
રની કેદનો શીક્ષા કરનામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.

બજી ગએલુ હુકમનામુ ફરી બજાવવા અરજ કરેતો કલમ ૨૧૦ પરમાણે
થાય આ કલમ જે કોઈ ઇનસાફી કોરટમા ખેટો અથવા કપટવાળો દાવો કરે તેને
ગુ પડે છે અને તે દાવાની કોરટ જયા મુળ દાવો દાખલ થયો હોય તેનેજ લાગુ
શાણી વી. બેગમ મેહેતુમ કો. ઈ. ડા. પા. ૩૩૭.

જે રકમ લેહેણી ન હોય તેને સારૂ દગલબાજીથા હુકમનામુ કરાવી લેવું.

૨૧૦ જે રકમ લેણી ન હોય તે રકમને સરૂ અથવા લેહેણી હોય તે
વધારે રકમને સારૂ અથવા જે મોલકત ઉપર કે તેમાંના
હક ઊપર પોતાનુ કઈ પોહોચતુ ન હોય એવી મોલકતને
સરૂ અથવા એવા હકને સરૂ જે માણસ દગલબાજીથી કો
ઈ શખસની ઉપર કાઈ હુકમનામુ કે હુકમ કરાવી લે અથવા કંઈ હુકમનામુ કે હુકમ
પુરો થયા પછો અથવા જે વસતુ સબંધી તે પુરો થયો હોય તે સબંધી જે માણસ
દગલબાજીથી કોઈ શખસની ઉપર તે હુકમનામુ કે હુકમ બજાવાવે અથવા દગલબાજી
થી એવુ કઈ કામ પોતાને નામે થવા દે અથવા કરવાની રજા આપે તે માણસને બે
વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંને
ની સેક્ષા કરવામાં આવશે.

નુકશાન કરવાના ઇરાદા થી મુકેલુ ગુનાહનુ ખોટુ તોહમત.

૨૧૧ જો કોઈ માણસ કોઈ સખસને નુકશાન કરવાના ઈરાદાથી તે સખશની
ઉપર કાઈ ફોજદારી કરે અથવા કરાવે, અથવા કોઈ શખસ
ની ઉપર કઈ ગુનોહ કરયાનુ ખોટુ તહોમત મુકે અને તે
એવુ જાણીને કે તે શખશની ઉપર તે ફોજદારી કરવા અથ

વા જે તહોમત મુકવાનું કંઈ વાજબી અથવા કાયદા મુજબ કારણ નથી તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે અને અગર તે ફોજદારી કરે તેવા કોઈ ગુનાહનાં ખોટાં તહોમતપરથી કરે કે તે ગુનાહને માટે મોતની અથવા જીવતાં સુધી સમુદરપારની અથવા સાત વરસની કે તેથી વધરે મુદતની કેદની શીક્શા થઈ શકતી હોય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.

એ તહોમત ખોટું છે એ બબતનું જાણપણું માણસે અલબત દરેક મુકદમાની બીના ઉપરથી અનુમાન કરવુ જોઈએ પણ એ અનુમાન તહોમત મુકતી વખતે જે હકીકત જણાવેલી હોય અથવા ધરાએલી હોય તે ઉપરથી બ ધવું જોઈએ પુરી તજવીજ કરયાથી જે જાણવામા આવે તે ઉપરથી થવુ ન જોઈએ અને એ પ્રરમાણે ખોટુ તહોમત મુકવાના તહોમતવાળા શખસને જે ખબર ઉપરથી તેણે તેમ કરયું હોય તે ખબર તથા તહોમતવાળા શખસ વીરૂધ જે ગપ અથવા વેહેમ ચાલતો હોય તે બતાવવા દેવો જોઈએ અલબત એ કાંઈ એનો ગુનો સાબીત કરવાને નહી પણ પોતે ખુશીપુરવક આ લોછે એમ બતાવવાને (મુ. હા. વા. ૩ પા. ૧૬). જે શખ્સના ઉપર શરસ્ટી કરમ વીરૂધ ગુનોહ કરયાનુ તહોમત સાબીત થયુ હોય તે માણસને જો તે પહેલાં તેનો તેજ ગુનોહ સાબીત થયો હોય તો ફટકાની પણ સજા થઈ સકે (સને ૧૮૬૪ નો આક્ટ ૬ ક. ૪). આ કલમમાં કેદ તથા દંડ બને છે વાસતે એકલો દંડ કરયો તેથી ફરી તજવીજને મોકલ્યું. મુ હાં. તા. ૫ અગસ્ટ સને ૧૮૬૩.) ખોટી ફરીઆદ કેવી રીતની હતી તે ઠરાવમાં તથા મંથલી કેલેનડરમાં લખવુ જોઈએ (મુ. હા. તા. ૪ નવેમબર સને ૧૮૭૩ અવંજ'લઈ પોચ ઉપર ટોકીટ ચોડી આપતો નથી તેથી પીનલકોડ પરમાણે ગુનો નથી ને તે આરૂ ટોકીટ ચોડી રસી' આપવા ના કબુલ કરે તેને વાસતે ખોટી ફરીઆદ કરી તે બાબત કલમ ૨૧૧ પરમાણેનુ તહોમત ચાલે નહી (મુ. હા. તા૦ ૧૩ નવેમબર સને ૧૮૬૩). જે માણસના ઉપર કેદીએ તહોમત મુક્યું છે તેમાં કેદી જે ખબર ઊપર ચાલીઓ હોય તે તેને બતાવવા દેવી જોઈએ વળી જયારે તેણે તહોમત મુકયું તારે તે ખોટુ અને અપુરણછે એવુ કેદી જાણતો હતો એમ સાબેત થવુ જોઈએ ફકત કેદીએ મુકેલા તહોમતની વાતજ ખોટી અને અપુરણ છે એટલુંજ કહયાથી ગુનો સાબીત ગણાય નહી મુ. હા. કો. તા. ૨૦ જુન શને ૧૮૬૬ વા. ૩ પા. ૧૬). આ ગુનો સ્થાપત થવા માટે કોરટમા આવી ખોટુ તહોમત મુકયું એ પુરતુછે. કરેલી ફરીઆદ ઊપરથી તે બાબતનુ કામ ચાલેલું ન હોય તે માટે હરકત નથી ૧ ઈ. લા. રી. (અલહાબાદ). પા. ૪૯૭. તહોમતદારે જે કારણથી ફરીઆદ કરી તે કારણ વાજબી નથી એવુ તે જાણતો હતો એ પુરતુંછે રાણી વા. ચંડા કો. ૪'. પા. ૨૫૦ પોતે બે

તાનુ ઘર બાળી બીજા શખ્સ ઉપર તે બાળવાનુ તહોમત લાવે તો તેણે આ કલમ પરમાણે ગુનો કરયો કહેવાય. ક્રી. ઈ. ડા. પા. ૩૫૦. પોલીસથી તપાસ થઈ શકે ગુનાહની ફરીઆદ કોઈ કરે અને પોલીસ એ બાબત તપાસ કરે પાછળથી તે ગુનોહ તેણે કરયો ન હોયે એવુ જણાય તો ફરીઆદી ઉપર આ કલમ તહોમત આવે ક્રી. ઈ. ડા. ૩૫૦. આ કલમની બીજી રકમ પરમાણે તહોમતદારને એકલા દંડની સજા થાય નહી. ૧ મુ. હા. રી. પા. ૩૪. કોઈ અમલદાર કોઈને ઇજા કરવા માટે ખોટુ તહોમત મુકે તો તેને પણ આ કલમ પરમાણે સજા થાય. ૧૧ વી. રી. પા. ૨. કરેલો ફરીઆદ ખોટી ઠરી ગુનેગારને છોડી મુકવાં આવે એટલા ઉપરથી ફરીઆદીએ ખોટી ખબર આપી એવુ થતુ નથી આ કલમ અરથ પરમાણે એ તહોમત બદદાનતથી મુકયુ હોય. ઇજા કરવા મુકયુ હોય એવુ તહોમત મુકવા કાંઈ વાજબી કે કાયદેશર કરણ નહોતુ એવુ શાબીત થાય તીયારે ખોટી ફરીઆદ કરી કહેવાય (ફરી. ૫. ૧૫૫)માત્ર અરજી આપે પણ ફોજદારી રીતે કામ ચલાવવામાટે તેમાં અરજ કરવામા ન આવે તો એ અરજીમા ખોટુ તહોમત મુકવા જેવી હકીકત હોવાથી ખોટી ફરીઆદકરી એમ થતુ નથી ૩ મ. હા. રી. પ્ર. સને ૧૮૬

એક પોલીસ અમલદારે માજીસતરેટને એવો રીપોટ કરયો કે મારી પાસે કે જણે ચોરી થયાની ફરીઆદ કરી પણ તે ફરીઆદ ખોટીછે આથી માજીસતરેટે ખોટી ફરીઆદ કરવાનુ કામ ચલાવવા ફરમાવ્યુ તેમા ઠરાવવામાં આવ્યુ કે પરથમ માજીસટરેટે ચોરીનું કામ ચલાવવુ જોઇએ ૧૬ વી. રી. પા. ૭૭. મુળ ખોટુ તહોમત મુકતી વખતે જેણે શાક્ષી આપી હોય તેને એ ખોટા તહોમતના કામમાં મદદગાર ગણવો નહી જોઇએ (મેન પા. ૧૮૨). કયુ ખોટું તહોમત મુકયુ તે ફેસલામાં જણાવવું જોઇએ તથા કયાલંડરમાં પણ તે આવવું જોઇએ ૧ મુ. હા. રી. પા. ૮૭. મળેલી ખબર ઉપરથી ફરીઆદ કરી હોય તે ના શાબીત થાય તેથી ખોટું તહોમત મુકયું થતું નથી. મળેલી ખબર ખરી માનવાને તેને કારણ હોયતો પછી ફરીઆદ નીશફળ જાય તો હરકત નથી. આ કલમમા ગુનોહ છે તે ખોટી ખબર જાણ્યા છતા ફરીઆદ કરે તે ગુનેહો ગણે છે. ૩ મ. ા. રી. પા. ૧૬ (ફોજ). જે કામમા ખોટું તહોમત મુકવાનુ કહેવામાં આવતુ હોય તે કામ ખોટી ખબર આપવાનુ કામ ચાલે તીયારે ચાલતુ હોવુ જોઇએ. ફેંસલો થઈ ગએલો હોવો જોઇએ. ૧ ઈ. લા. રી. (અલહાબાદ) પા. ૫

૨૧૨. કઈ ગુનોહ થયો હોય, અને ફલાણો શખસ તે ગુનાહનો કરનાર છે, એ

કોઈ ગુનેગારને ઘરમા રાખવો.	જે માણસ જાણતો હોય, અથવા એવું માનાવાનું જેને કારણ હોય, તે માણસ જો તે સખસને કાયદા પરમાણે

શીક્ષાથી બચાવવાને ઘરમા રાખે અથવા કેથાં શંતાડે, તો અગર તે ગુનાહને મોતની શીક્ષા થઈ શકતી હોય, તો તે માણસને પાંચ વરસની મુદત સુધીનો એમાં

...ત શી ... જો જીવતાં મુ સુદરપારનો અથવા શીક્ષા જોગ હો...

ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે. અને તે દંડને પણ લાયક થશે; અને અગર તે ગુનાહને માટે જીવતાં સુધી સમુદરપારની; કે દશ વરસ સુધીની કેદની શીક્ષા થઈ શકતી હોય, તો તે માણસને તરણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની સીક્ષા કરવામા આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે; અને અગ...

...ગુનાહને માટે દશ બરસ સુધીની નહી પણ એક વરસ સુધીની કેદની સીક્ષા થ...તી હોય તો તે માણસને તે ગુનાહને માટે ઠરાવેલા પ્રકરની તથા તે ગુનાહને ...કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેનો પા મુદત સુધીની કેદની, અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

• અપવાદ—ગુનેહગરના વરથી અથવા ગુનેહગરની વહુથી ગુનેહગારને ઘરમં રાખવા કે સંતાડવાનું કામ થયું હોય, તો તે બાબતમાં આ ઠરાવ લાગુ પડશે નહી.

દ્રષ્ટાંત.

બ એ ડાકાઇટીનો ગુનોહ કર્યો છે એમ જાણીને કાયદા પરમાણે બતો શીક્ષા થી ત ને બચાવવાના હેતુથી અ બ ને જાણી બુઝીને સંતાડે તો એ ડેકાણુ બ જીવતા સુધી સમુદરપાર થવાને લાયક છે માટે અ તરણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદને લાયક છે અને વળી તે દંડને પણ લાયક છે.

ટીકા.

આ કલમના અપવાદથી જાણવામા આવશે કે ગુનેહગરની બાયડી ઉપર આ કલમ પ્રમાણેનું તહોમત લાવી શકાય નહીં. કેમકે બયડો ધણીનો બીકે છુપાવે છે એવું કાયદો મને છે. બાયડીને લાભ મળે પણ ધણીને, છેકરાને અને બીજા કોઇને લાભ મળતો નથી. આ. પ્ર. ૧૦૨૮. બાઇડીને આ અપવાદનો લાભ મળે એટલા માટે તે તહોમતદારની કાયદેસર ઓરત છે એવું સાબીત થવું જોઇએ, મો. માર્ટીન કહે છે કે જો પુરૂષ સથે રહેતા હોય તો આ અપવાદનો લાભ ઓને મળે (જુઓ [તેના ફોજદારી પુરાવનું પુસ્તક પ્ર. ૧૭).

કોઈ ગુનેહગરને સીક્ષા થી બચાવવાને બક્ષીસ વગેરે લેવી.

૨૧૩. પેતે કાઈ ગુનોહ છુપાવવાના, અથવા કાઈ ગુનાહની કાયદેશર સીક્ષાથી કેઈ સખસને પોતે બચાવવાના અથવા કાયદેસર શીક્ષાએ પોહોચાડવાને કોઈ સખસની ઉપર પોતે કાંઈ મુકરદમો નહી ચલાવવાના બદલામા જે માણુસ પોતને વાસતે અથવા કાઈ બીજા શખ્શને વાસતે કાંઈ અવેજ કબુલ કરે, અથવા મેળવવાની કોશીશ કરે અથવા કબુલ કરવાની હા કહે, અથવા કાઇ મીલકત પોતે અથવા બીજાની વતી પાંછો લે, અથવા પાછી મેળવવાની કોશીશ કરે, અથવા પાછી લેવાની હા કહે તે માણસને ...

હને માટે મોતની સીક્ષા થઈ સકતી હોય તો સાત વરસની મુદત સુધીની

તે ગુનાહ જો દેહાંત શીક્ષા જોગ હોય તો. તેગુનાહ જો જીવતા સુધીસ મુદરપારના અથવા કેદની શીક્ષા જોગ હોય તો.

ના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામ આવશે વળી તે દંડને પણ લાયક થશે; અને અગર તે ગુનાહને માટે જીવતા સુધી સમુદરપારનો અથવા દશ વરસ સુધીની કેદની શીક્ષા થઈ શકતી હોય, તે તે માણસને તરણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે. અને અગર તે ગુનાહને માટે દસ વરસ સુધીની કેદની શીક્ષા નહી થઇ શકતી હોય તો તે માણસને તે ગુનાહને માટે ઠરાવેલા પરકારની તથા તે ગુનાહને માટે કેદની ઘણામાં ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

૨૧૪ કોઈ સખસ કઇ ગુનો છુપવે તેના અથવા તે કંઈ ગુનાહનો કાયદેસર શી

કોઈ ગુનેગારને બચાવવાના બદલામાં કાંઈ બક્ષીશ આપવી અથવા મીલકત પાછી આપવી.

ક્ષાથી કોઈ શખસને બચાવે તેના અથવા કાયદેસર સોક્ષા પહોચાડવાને કોઈ શખશની ઊપર તે કઈ મુકદમો નહી લાવે તેના બદલામાં જે માણસ તે શખસને કાંઈ આપે અથવા બદલો વાળે અથવા અવેજ આપવાનુ કે લો વાળવાનું કહે અથવા કબુલ કરે અથવા કંઈ મીલકત તે શખસને પાછી આપવાનુ અથવા અપાવવાનું કહે અથવા કબુલ કરે તે માણસને અગર તે ગુનાહને મા

તે ગુનો જો દેહાંત શીક્ષા જોગ હોય તો.

ટે મોતની શીક્ષા જો થઈ શકતી હોય તો સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર તે ગુનાને માટે જીવતાં સુધી

તે ગુનેહ જો જીવતાં સુધી સમુદરપારનો અથવા કેદની શીક્ષા જોગ હોય તો.

સમુદરપારનો અથવા દશ વરસ સુધીની કેદની શીક્ષા થઈ શકતી હોય તો તે માણસને તરણ વરસની મુદત સુધીની બે મ ના ગમે તે પરકારની કેદની સીક્ષા કરવામાં આવશે અને વળી દંડને પણ લાયક થશે અને અગર તે ગુનાહને માટે દસ વરસની મુદત સુધીની કેદની શીક્ષા નહી થઈ શકતી હોય તો તે માણસને તે ગુનાહને માટે ઠરાવેલા પરકારની તથા તે ગુનાહને માટે કેદની ઘણામા ઘણી જે મુદત ઠરાવી હોય તેની પા મુદત સુધીની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

અપવાદ—જે બાબતમાં થએલો ગુનેહ ગુનેગારના ઈરાદા સાથે નીસબત નરાખતું ફકત તેનું કઈ કામ કાજ હોય અને જે કામને માટે જેને નુકશાન થયુ હોય તે શખશ દીવાનીમા ફરીયાદ કરી સકતો હોય તે એવી કોઈપણ બાબતને ૨૧૩ ૨૧૪ મી કલમો ઠરાવેને લાગુ પડતા નથી.

દ્રશ્તાંત.

(અ) ખુન કરવાના ઈરાદાથી ઝ ય ની ઊપર હુમલો કરે તો એ ઠેકાણે

]

...હો સાથે નીસબત નહી રાખતો ફકત હુમલો નથી માટે
...થતો નથી અને તે કારણને લીધે તે માંડી વળાય નહી.
...ની ઊપર હુમલો કરેતો એ ઠેકાણે ગુનોહ જેછે તે ગુનેગારનો
...નીસબત ન રાખવુ ફકત કામછે અને તે હુમલાને માટે વૅ દીવાનોમા ફરીઆ
...શકેછે માટે તેઆ અપવાદમા દાખલ થાયછે અને તે માંડી વળાયછે.

(ક) અ પોતાનો વર કે પોતાની વહુ હયાત છતાં બીજી વહુ કે, બીજો વર ક
...ગુનોહ કરે તો એ ગુનાહ બાબત દીવાનીમા ફરીઆદ થઈ શકતી નથી માટે તે
...વળાય નહીં.

(ડ) વ એક ધણીવાળી અસતરીની જોડે છીનાળુ કરે તો તે ગુનહો માંડી

ટીકા.

...૧૪૩, ૧૫૧, ૧૫૩ નો બાજો ભગ, ૧૫૪, ૧૫૫,
... ૧૯૨, ૧૭૩, ૧૭૪, ૧૭૫, ૧૭૬, ૧૭૭ નો પહેલો
..., ૧૮૩, ૧૮૪, ૧૮૫, ૧૮૬, ૧૮૭, ૧૮૮, ૨૦૨, ૨૨૮,
...૭૩, ૨૭૪, ૨૭૫, ૨૭૬, ૨૭૭, ૨૭૮, ૨૭૯, ૨૮૨, ૨૮૩, ૨૮૪,
... ૨૮૮, ૨૮૯, ૨૯૦, ૨૯૧, ૨૯૨, ૨૯૩, ૨૯૪, ૩૩૪, ૩૩૬,
... ૩૫૮, ૪૨૬, ૪૯૭, ૪૯૦, ૪૯૧, ૪૯૨, ૫૧૦, બાબતના કામમા રા
... છે. ક્રી. ક. ૪ અને ૧૪૮. બુધી પુરવક મહાવ્યથા કરયાની
...ાદ મહો માહે માંડી વળાય નહી. ૭ અ. હા. રી. પ્ર. ૩૦૨ બુધી પુરવક
... કરયાનો ગુહહો મહોમાંહે મંડીવાળી શકાય ૧૦ મું. હા. રી. પ્ર.
... મનુષ્ય હરણનું તહોમત પાછું ખેંચી લઈ શકાય છે. ૨૨ વી. રી. પ્ર.
... છીનાળનો ગુહો મહો મહે માંડી વાળી શકાય છે એવું આ કલમના
...) દરસાંતથી જણાય છે. પરંતુ હાલ એવો ઠરાવ થયો છે કે છીનાળાનો કેશ સેશન
...ટ થાય ત્યા સજા થાય તો પછી અપીલ વખતે મહો માંહે માંડી વાળી શકાય નહી
...ઈ. લા. રી. (અલાહબાદ) પ્ર. ૩૮૯. "બુધી પુરવક," ઈરાદા પુરવક," "કપટથી"
... "બદયાનતથી" એ અથવા એવી વાખ્યા જે ગુનહાનો હોય તે બાબતની ફરીઆ
...ાંડી વાળી શકાય નહી અને તેથી બુધી પુરવક મહાવ્યથા કરયાનું તહેમત માહો
...વાળી શકાય નહી. ૧ ઈ. લા. રી. (મુંબઈ) પ્ર. ૧૪૭.

... શખશની પાસેથી તે શખસની કંઈ જંગમ મીલકત આ કાયદાથી
... } શીક્ષા થઈ શકે એવા કંઇ ગુનાથી ગઈ હોય તે શખસને
... પાછી } તે મીલકત પાછી મળવામા મદદ કરવાના બાનાથી અથવા
...વા સા }
...ી ના } મદદ કરવા સારૂ જે માણસ કંઈ અવેજ લે અથવા લેવા
} નેં હા કહે અથવા કબુલ કરે તે જો તે ગુનેગારને પકડાવ

મે તથા તેની ઊપર તે ગુનોહ સાબીત કરવાને પોતાથી બનના સઘળા [illegible] નસગાડે તો તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમેતે પરકારની [illegible] પણ દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

૨૧૬ કોઈ શખ્સની ઉપર કાંઈ ગુનો સાબીત થયો હોય, અથવા કાંઈ ગુનાનું તહોમત મુકાયું હોય અને તે ગુનાને સારૂ તે શખ્સ કાય દેશર કેદમા હોય તે શખ્સ જો તે કેદમાંથી નાશી જાય અથવા કોઈ સરકારી નોકર પોતાના સરકારી હોદાને કાયદે સર અખતીઆર અમલમાં લાવતાં કોઈ સખ્સને કાંઈ ગુનાને માટે પકડવાનો હુકમ કરે તારે જે માણુશ તે નાશી જવાની અથવા પકડવાના હુકમની વાત જાણ્યા છતાં તે શખ્સને પકડાતો અટકાવવાના ઇરાદાથી તેને ઘરમાં રાખે અથવા કયાં સંતાડે તે માણુસને નીચે મુજબ શીક્ષા કરવામાં આવશેઃ—એટલે. જે ગુનાહને માટે તે શખ્સ કેદમા હતો અથવા તેને પકડવાનો હુકમ કરયો હોય તે ગુનાને માટે જો મોતની શીક્ષા થઈ શકતી હોય તો તે માણુસને શાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને તે ગુનાહને માટે જો જીવતા સુધી સમુદરપારની અથવા દશ વરસ સુધી કેદની શીક્ષા થઇ શકતી હોય તો તે માણુસને તરણ વરશની મુદત સુધીની બે[illegible] તે પરકારની કેદની શીક્ષા દંડ સાથે અથવા દં[illegible]વામાં આવશે અને તે ગુનાને માટે દશ વરસ [illegible] પણ એક વરસ શુધીની સીક્ષા થઈ શકતી હોય તો તે માણુસને તે ગુના[illegible]વેના પરકારની તથા તે ગુનાને માટે કેદની ઘણામંઘણી જે મુદત ઠરાવેલી [illegible]પા મુદત સુધીની કેદની અથવા દંડની અથવા એ બંનેની સીક્ષા કરવામાં [illegible]

[Margin notes:] જે ગુનેગાર કેદમ થી ના[illegible] હોય અથવા જેને પ[illegible]ડવાનો હુકમ થયેલો હો[illegible] તે ગુનેગારને ઘરમા રા[illegible]ખવો. — તે ગુનો જો દેહાંત શીક્ષા જોગ હોય તો. — જો જીવતાં સુધી સમુદ[illegible]પારની અથવા કેદની શી[illegible]ક્ષા જોગ હોયતો.

અપવાદ—જે માણુશને પકડવું હોય તેના વરથી અથવા તેની વહુથી [illegible] ઘરમ રાખવા કે શંતાડવાનું કામ થયું હોય તો તે બાબતને આ ઠરા[illegible] [illegible] નથી.

૨૧૭ કોઈ માણુસ સરકારી નેકર હોય તેણે પોતાના સરકારી હોદાના [illegible] ચાલવું એ બાબતનો કંઈ કાયદાનો હુકમ અગર તે માણુસ જાણી બુઝેને ન માને એવા ઇરાદાથી કે તેમ કરવાથી કોઈ સખ્સ કાયદેસર શીક્ષથી બચે અથવા જે શીક્ષાને તે લા[illegible]યક તેથી તેને ઓછી શીક્ષા થાય અથવા માહારૂ[illegible] તેમ ક[illegible]વાથી તે શીક્ષાથી બચશે. અથવા તેને ઓછી [illegible] એવો સંભવ છે એમ જાણ્યા છતા તો અથવા એવા ઇરાદાથી કે તેમ કરવા[illegible] [illegible] જપત થતી અથવા [illegible] ઇપોઆ તેમાથી કાયદા મુજબ [illegible]

[Margin note:] કોઈ સખ્સને શીક્ષાથી અથવા કંઇ માલકતને સરકાર જપત થતી બચાવવાના ઇરાદાથી જે સરકારી નોકર કાયદાનો હુકમ ન માને તેને શીક્ષા.

પ્રવાથી તે બચી જાય અથવા બચી જશે એવો સંભવ છે એમ જાણુ... માણુસને બે વરસની મુદત મુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અ... વા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

...ડાનો હીસાબ રાખનાર અને ગામડાના મુનસફના સીપાઈઓ હુકમ ન માને ... ઉપર આ કલમ પરમાણે કામ ચાલી શકે નહી ૧. ઈ. લા. ર'. (મદરાસ) ... એક તોહોમતદાર ઊપર આ કલમ પ્રમાણે તહોમત મુકવામા આવ્યું પાણુ એ તેહોમતમા કાયદાનો શું હુકમ હતો અને તે તેણે કેવી રીતે ન માનો તે ખુલી રીતે બતાવ્યું નહેતુ તેમા ઠરાવવામા આવ્યું કે તેહોમતદાર ઊપર આ પ્રમાણે અધુરૂ તેહોમત મુકવામા આવ્યું હોય તારે અપીલ વખતે ફરીઆદીનું કામ તોહોમતદારનો ઈનસાફ થતી વખતે જે સમજવામા આવ્યું હોય તે હદમાજ રહેવાનું છે ૪ લા. રી. (મુંબાઈ) પ. ૧૪૨.

સરકારી નોકર કેઈ સખસને શીક્ષાથી અથવા કાઈ મીલકતને સરકારજપત થવાથી બચાવવાના ઈરાદાથી કાંઈખોટુ દફતર અથવાલખાણબનાવેતે બાબત

૨૧૮ કોઈ માણુસ સરકારી નોકર હોય અને તેના સરકારી હોદા સર તેને કાંઇ દફતર અથવા બીજુ લખાણ તઈયાર કરવાનું કામ શોપયું હોય તે માણુસ જો તે દફતર અથવા લખાણુ જે રીતે ખોટું છે એવું તે જાણતો હોય. તેવી રીતે તઈઆર કરે. એવા ઈરાદાથી કે તે લોકને અથવા કોઈ સખસને ટોટો અથવા નુંકશાન થાય, અથવા ટોટો કે નુંકશાન થશે. એવો સંભવ છે એમં જાણીને અથવા એવા ઈરાદાથી કે તેથી કોઇ સખસને કાયદેસર સીક્ષાથી બચાવવો. અથવા તેથી કોઈ સખસ કાયદેસર શીક્ષથી બચશે એવો સંભવછે એમ જાણીને અથવા તેથી કાંઈ મેલકત સરકાર જપત થતી અથવા કઈ રૂપોઆ તેમથી કાયદા મુજબ આપવા જેવા હોય તે આપવાથી તે બચી જાય, અથવા તે બચી જશે એવો સંભવ છે એમ જાણીને તો તે માણુસને ત્રણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બ નેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

કેઈ પુલકરણી પોતાના ગામમાં બનેલા ગુનાહ વીશે ઈરાદા વગેરેથી ખોટો રીપોટ કરે તો તેણે આ કલમ વીરૂધ ગુનહો કરયો ગણાય. ૭. મુ. હા. રી. પ્ર. ૬૪)ફોજદારી.) તોહોમતદારનો એવું કરવા ઈરાદો શું હતો તે મુખ્ય તપાસવાની બાબત છે. ૮. વી. રી. પ્ર. ૨૭.

કંઈ ઈનસાફી મુકદમા મ પોતે કાયદા વીરૂધછે એમ જાણતો હોય એવો હુકમ રીપોટવગેરે કેઈસરકારી નોકર કરે તે બાબત.

૨૧૯ કોઈ માણુસ સરકારી નોકર છતા લાંચ લઈને અથવા દવેશબુધીથી કઈ ઈનસાફી મુકદમાના કોઈ પણ ભાગમા કાંઈ રીપોટ, હુકમ ફેંસલો. અથવા ઠરાવ કરે કે સંભળાવે એવો કે તે કાયદાથી વીરૂધ છે એમ તે માણુસ પોતે જાણતો હોય તો તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની

કેદની અથવા ડંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

જે સખસને અખતીયાર હોય તે સખસ હું કાયદાથી વીરૂધ ચલુછું એમજાણીને કોઇને તેના ઈનસાફ થવા સારૂ કમોટ કરે, અથવા કેદમા મોકલે તે બાબત.

૨૨૦ કોઈ માણુસનો ઓધો એવો તરેહનો હોય કે તેથી કોઈ સખસોને તેઓના [illegible] નસાફ થવા સારૂ કમોટ કરવાનો અથવા તેઓને કેદમાં મોક[illegible] વાનો અથવા કોઈ સખસોને કેદમા રાખવાનો તેને કાયદેસર [illegible] અખતીઆર મળો હોય તે માણુસ તે અખતીઆર અ[illegible] લમાં લાવતા લાંચ લઇને અથવા દવેશબુધીથી જો કોઈ સખસને તેનો ઈનસાફ થવા સારૂ કમોટ કરે અથવા કેદમા મોકલે અથવા કોઈ શખસને કેદમા રાખે અને તે એમ જાણુતો હો[illegible]ય કે આમ કરવામાં હું કાયદાથી ઉલટો ચાલુ છું તો તે માણુસને સાત વરસની મુદત સુધીની એમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા ક[illegible]રવામાં આવશે.

ટીકા.

દીવાની કામદાર હસેનો સને ૧૮૨૭ નો કાયદો બે કલમ ૨૬ રકમ ૧ જુઓ.

યોગીય અને વ્યાજબી ફરીઆદ કીંવા શક કેહેને ગણુવો તે દરેક કેસની કેફીઅત [illegible]પર આધાર રાખે છે પકડેલા સખસ ઉપર શક આવે એવો કાંઈ વ્યાજબી આધાર [illegible]વો જોઇએ કોઈ પોલીસ અમલદાર પોતાની મરજી પ્રમાણે કોઈ સખસને પકડી કમી[illegible]ટ કરેતો આ કલમ પરમાણે સજા થાય. ૭. વી. રી પ્ર. ૩. કાયદા વીરૂધ કેદ કરવાના પુરાવથી તેહોમતદારનો દવેશ સાબીત થતો નથી અને તેટલા મહિજ કેદને આ કેલ[illegible]મ પ્રમાણે સજા થાય નહીં આ કલમ અધીકારનો ખોટો ઉપયોગ કરી જાણી જોઈને કાંઈ કાયદા વીરૂધ કરત કરયું હોય તેને લાગુ પડે છે ૯. હા. રી. પ્ર. ૩૪૬.

જે સરકારી નોકરનો કાયદા મુજબ કોઇને પકડવાની ફરજ હોય તે સરકારી નોકર તેને પકડવામાં ઈરાદાથી કસુર કરેતે, બાબત

૨૨૧ કોઈ માણુસ સરકારી નોકર હોય, અને કોઈ સખસનો ઉપર કાંઈ ગુનાહનું તોહોમત મુકાએલું હોય તેને અથવા કઇ ગુનાને માટે પક[illegible]ડવા જોગ હોય એવા કોઈ સખસને પકડવા અથવા કેદમાં [illegible] રાખવાની તે માણુસનો પોતાના સરકારી ઓહદાને લી[illegible] કાયદા મુજબ ફરજ હોય તે માણુશ અગર તે સખસને પક[illegible]ડવામા ઈરાદાથી કસુર કરે, અથવા ઈરાદાથી તે સખસને નાશી જવા દે અથવા તે સખસને તે કેદમથી નાશી જવામાં અથવા નાશી જવાની કોશીસ કરવામા ઈરાદાથી સહાય કરે, તે માણુસને નીચે પ્રમાણે શીક્ષા કરવામા આવશે એટલે:—

શીક્ષા

અગર કેદ કરેલા અથવા જેને પકડવો જોઇતો હતો તે સખશનો ઊપર મોતની શીક્ષા થઈ શકે એવા ગુનાહનું તોહોમત મુકવામા આવ્[illegible] હોય, અથવા એવા ગુનાને માટે તે પકડવા જોગ થયો હોય તો તે માણુસને સાત [illegible]રસની મુદત સુધીની એમાંના ગમે તે પરકારની, દંડ સાથે અથવા દંડ વીના કેદની [illegible]ક્ષા કરવામાં આવશે; અથવા.

અગર કેદ કરેલા અથવા જેને પકડવો જોઇતો હતો તે સખસની

[જન્મટીપ]પારની અથવા દસ વરસની મુદત સુધીની કેદની શીક્ષા થઈ શકે એવા ગુ[નાનું તો]હોમત મુકવામા આવ્યું હોય અથવા એવા ગુનાને માટે તે પકડવા જોગ થયો [હોય] તો તે માણસને તરણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની દંડ સાથે અથવા દંડ વીના કેદની શીક્ષા કરવામાં આવશે; અથવા.

અગર કેદ કરેલા અથવા જેને પકડવો જોઈતો હતો તે સખ્સની ઉપર દસ વરસથી ઓછી મુદતની કેદની શીક્ષા થઈ શકે એવા ગુનાનું તોહોમત મુકવામાં આવ્યું હોય, અથવા એવા ગુનાને માટે તે પકડવા જોગ થયો હોય, તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાનાં ગમે તે પરકારની દંડ સાથે અથવા દંડ વીના કેદની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

આ કલમ પ્રમાણેના તોહોમતમાં તોહોમતદાર કયો હોદો બજાવે છે ને તથા કયા તહોમતદારને તેણે નાસી જવા દીધો તે બતાવવું જોઈએ (કરી પ્ર. ૧૬૬.)

> જે સખ્સની ઉપર કાંઈ ઈનસાફી કોરટ શાક્ષ નો હુકમ કરયો હોય તેસખ્સને પકડવાના જે સરકારી નોંકરની ફરજ હોય તતે સખ્સને પકડવામાં ઈરાદાથી કસુરકરે તેબાબત.

૨૨૨. કોઈ માણસ સરકારી નોકર હોય, અને કોઈ સખ્સની ઉપર કાંઈ ગુનાને માટે કોઈ ઈનસાફી કોરટે સીક્ષાનો હુકમ કરયો હોય તે સખ્સને (સને ૧૮૭૦ ના આકટ ૨૭ મા પરમાણે) "અથવા જે સખ્સને કાયદેસર રીતે કેદમાં રાખ્યો હોય તેવા સખ્શને" પકડવાની અથવા કેદમા રાખવાની તે માંણસની પોતાના સરકારી ઓહદાને લીધે કાયદા મુજબ ફરજ હોય, તે માણસ અગર તે સખ્સને પકડવામા ઈરાદાથી કસુર કરે અથવા ઈરાદાથી તે સખ્સને નાશી જવા દે, અથવા તે સખ્સને તે કેદમાંથી નાશી જવામા અથવા નાશી જવાની કોશીશ કરવામા ઈરાદાથી સહાય કરે. (સને ૧૮૭૦ના આકટ ૨૭ મા પ્રમાણે) "અથવા જો તે સખ્શને કાયદેસર રીતે કેદમા રાખ્યો હોય તો તે માણસને નીચે પ્રમાણે સીક્ષા કરવામાં આવશે એટલે:—"

અગર કેદ કરેલો અથવા જેને પકડવો જોઇતો હતો તે સખ્સની ઉપર મોતની શીક્ષાનો હુકમ થએલો હોય તો તે માણસને ચઉદ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની દંડ સાથે અથવા દંડ વીના કેદની શીક્ષા કરવામાં આવશે, અથવા.

> શીક્ષા.

અગર કેદ કરેલો અથવા જેને પકડવો જોઇતો હતો તે સખ્સ કોઈ ઈનસાફની કોરટે કરેલા શીક્ષાના હુકમથી અથવા તેને બદલે બીજી શીક્ષા કરવાના કોઈ હુકમથી જીવતાં સુધી સમુદરપાર અથવા જીવતાં સુધી સાસનીક દાસતવને, અથવા દસે વરસકે તેથી વધારે મુદત સુધી સમુદરપાર અથવા શાશનીક દાસતવ અથવા કેદને લાયક હોય તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમના ગમેને પરકારની દંડ સાથે અથવા દંડ વીના કેદની શીક્ષા કરવમા આવશે.

અગર કેદ કરેલો અથવા જેને પકડવો જોઈતો હતો તે સખશ

કોરટે કરેલા સંક્ષાના હુકમથી દશ વરસની મુદત સુધીની કેદને 'લાયક

માણસને તરણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની

અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

૨૨૩ જે માણસ સરકારી નોકર હોય અને જે સખસની ઉપર કાંઈ

સરકારી નોકર ગફલતથી કોઈ કેદીને નાશી જવા દે તે બાબત.	હોમત મુકીયું હોય અથવા કાંઈ ગુનહો સાબીત થયો એવા કોઈ સખસને (સને ૧૮૭૦ ના આકટ ૨૭ મા રમાણે "અથવા જે શખશને કાંયદેસર રીતે કેદમાં રાખી

હોય તે સખસને") કેદમાં રાખવાની કાયદા પરમાણે જે માણસની પોતાના સરકા

ઓદાને લીધે ફરજ હોય તે માણસ અગર ગફલતથી તે સખસને કેદમાથી નાશી જ

દે તો તે માણસને બે વરસની મુદત સુધીની બેમાના ગમેતે પરકારની. કેદની અથ

ડંડની, અથવા એ બનેની, શીક્ષા કરવામા આવશે.

ટીકા.

...રીની સંભાળમાં રહેનારા માણસો સરકારી નોકર છે

...ક્રરમીનલ રીપોરટર કલકતા કરમીનલ રોલીઝ વા.૩ પા.૩

...શાજા થઈ હોય તેની તકેદારી રાખવા જેલમા કેદીઓને

...ડર (તકેદારી રાખનાર) ઠરાવવામા આવે છે તે વારડરો કેદીને નાશી જવાંદે તો તે

પણ આ કલમ પરમાણેના ગુનેગાર છે ૭ વી. રી. પ્ર. ૯૯.

૨૨૪ જે સખસની ઉપર કાંઈ ગુનહાનું તહોમત મુકયું હોય અથવા કાંઈ ગુન

કોઈ સખસને કાયદા મુજબ પકડતા હોય તેમા તેણે સામા થવું અથવાહરકત કરવી.	સાબીત થયો હોય તે ગુનહાને માટે તે સખસને કાયદે પકડવામા તે સખશ ઈરાદાથી જો સામો થાય અથવા યદા વીરૂધ કઈ અડચણ કરે અથવા તેવા કાંઈ ગુન માટે તેને કાયદેસર જે કેદમાં રાખ્યો હોય તે કેદમાંથી જો

નાશી જાય અથવા નાસી જવાની કોશીશ કરે તો તે સખસને બે વરસની મુદત સુ

ની, બેમના ગમેતે પરકારની કેદની, અથવા દંડની, અથવા એ બનેની શીક્ષા

વામા આવશે.

ખુલાસે—આ કલમમાં લખેલી શીક્ષા છે તે, જે ગુનાનું તોમત તે શખશની

પર મુકયું હોય, અથવા જે ગુનોહ તેની ઉપર શાબીત થયો હોય તે ગુનાહને માટે

પકડવાનો તથા કેદમા રાખવાનો સખસ જે સીક્ષાને લાયક હોય, તે સીકશાથી

પરાંત સમજવી.

ટીકા.

આં કલમ મુજબ જે નાશી જવું તે ગુનાને સારૂ મારેલી કેદમાથી નાશી જવુ

દીવાની હુકમ મુજબની કેદમથી નાશી જવું આ કલમ મુજબ શીક્ષા લાયક નથી

ઈ હાઈ કોરટ વા. ૬ પા. ૧૫. કોઇ સખ્ખને ગડપણના સબબથી કોઈ તોહોમત ગુના ઠરાવ્યા હોય અને સરકારના, હુકમથી તેને જેલમાં રાખીયો હોય તે સ ો કેદમાંથી નાશી જાય અને નાશી જતાં વખતે તે સારો હોય તો પણ તે કલ મ મુજબ શીક્ષા લાયેક નથી (મદરાશ હાઇકોરટ તારીખ ૨૫ નવેમબર શને ૧૮૬૨. ી નાશી જવાના તોહોમતનો તજવીજ ઈનિશાફનો આગળ તેહોમત મુકતો વ તોહોમતવાળો શખશ હોય તાં થઈ શકે (શને ૧૮૭૨ નો આકટ ૧૦ ની કલમ રદાત ૬. કોઈ નાશી જનાર ગુનેગાર ઊપર નાશી જવાને શારૂ કે કાઈ બીજા ને શારૂ કરેલી શજા તરતજ અમલમાં આવવા ઈચ્છા તેની પરથમની શજા પુરી થયા પછી અમલમાં આવવા હુકમ થઈ શકે (શને ૧૮૭૨નો આકાટ ૧૦ની ક લમ ૩૧૬ અને શને ૧૮૭૫ નો આકટ ૧૦ કલમ ૧૧૦) એક તોહોમતદાર ઊપર કાય દાશર. કેદમાં લેતા અડચણ કરવાનું તથા કલમ ૨૨૫પ્રમાણે કેદમા લેતાં સામો થયાનું અને કલમ ૩૬૭ પરમાણે સરકારી નોકર ઉપર કાયદાસર કામ કરતાં હુમલો કરયાનું એવી રીતે તરણ તહોમત લગાડવામાં આવ્યાં અને તરણેની જુદી જુદી સજા કરવામાં આવી તેમાં ઠરાવવામાં આવ્યું કે તહોમતદાર ઊપર તરણ તહોમત રહી શકે નહી કાં તો કલમ ૨૨૪ પ્રમાણે કાતો કલમ ૨૨૫ પરમાણે શીક્ષા કરવી જોઇએ રૂ. બે. લા.

• ૨૨૫ જે શખ્શ કોઈ બીજા શખ્શને કંઈ ગુનાહને માટે કાયદેસર પકડવામાં ઈરા

કોઇ શખ્શને કાયદામુજબ પકડતા હોય તેમા કોઈબી જા શખ્સે શામાથવું અ થવા હરકત કરવી.	દાથી શામો થાય અથવા કાયદા વીરૂધ કંઈ અડચણ કરે, અથવા કોઈ બીજા શખ્શને કંઈ ગુનાહને માટે કાયદેશર જે કેદમાં રાખો હોય તે કેદમાથી તેને છોડાવી મુકે અથવા

છોડાવી મુકવાની કોશીશ કરે, તે શખ્શને બે વરશની મુદત મુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

અથવા અગર પકડવાનાં અથવા છોડાવી મુકેલા અથવા જેને છોડાવી મુકવાની

શીખ્શા	કોશીસ થઈ હોય તે શખ્સની ઉપર જીવતા મુધી સમુદર પારની અથવા દસ વરશની મુદત સુધીની કેદની શીક્ષા

થઈ શકે એવા ગુનાહનુ તહોમત મુકયું હોય અથવા એના ગુનાહને માટે ને પકડવા લા યક થયો હોયતો પેલા શખ્સને તરણ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકાર ની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

અથવા અગર પકડવાના અથવા છોડાવી મેલેલા અથવા જેને છોડાવી મુકવાની કોસીસ થઈ હોય તે શખ્સનો ઊપર મોતની શીખ્સા થઇ શકે એવા ગુનાહનુ તહોમત મુકયુ હોય અથવા એવા ગુનાને માટે તે પકડવા લાયક થયો હોયતો પેલા. શખ્શને સાત વરસની મુદતસુધીની બેમાનાં ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

પકડવાનો અથવા છોડી મુકેલો શખસ કોઇ ઈનસાફનો કોરટના શી કશાના હુકમ મુજબ અથવા તેને બદલે બીજી શીકશા કરવાના કઇ હુકમ મુજબ જીવત. સુધી સમુદરપારની અથવા દસ વરસની કે તેથી વધારે મુદત સુધીની• સમુદરપીર અથવા શાશનીક દાસતવ અથવા કેદની શીક્ષાને લાયક હોય તો બેલા શખસને સાત વરશની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની શીકશા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે,

અથવા અગર પકડવાના, અથવા છોડાવી મુકેલા અથવા જેને• છોડાવી મુકવાની કોશીસ થઈ હોય તે શખસની ઉપર મોતની શીકશાનો હુકમ થયો હોય તો પેલા શખશને જીવતા સુધી સમુદરપારની અથવા દસ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

''૨૨૫ અ. ફોજદારી ઈનસાફનુ કામ ચલાવવાની રીત બાબતના કાયદા પ્રમાણે

જામીન આપવા ચુકયા ના સબબથી કેદમા રાખ્યુ હોયતાહાથી નાસીજવુ.	સારી રીતે ચાલવા બાબતનો જામીન આપવાને ચુકયાના સબબથી જે માણસને કેદમાં રાખીયુ હોય, તે તાંહાથી નાશી જશે અથવા નાશી જવાની કોશીસ કરશે તેને ઘણામાં ઘણુ એક વરસ શુધી બેમ'ના ગમે તે પરકારની કેદની શીકશા

અથવા દંડ અથવા એ બેઉ શીકશા કરવી (સને ૧૮૭૦ ના આકટ ૨૭ માં પરમાણે):

ટીકા.

મીઠા અગરના કામદારને ગુનેગાર પકડવામા હરકત કરેનો સને ૧૮૩૭ નો આકટ ૨૭ મુજબ થશે.

૨૨૬ જે માણુસને કાયદા મુજબ સમુદરપાર કરયો હોય તે માણસ પોતાની શમુદર

સમુદરપારથી કાયદા વીરૂધ પાછુ આવવું.	પારની મુદત વીતીયાં પહેલાં તથા સીકસા માફ ન થયા છતા અગર સમુદરપારથી પાછો આવે તો તેને જીવતાં શુધી

સમુદરપારની શીકશા કરવામાં આવસે અને વળી તે દંડને તથા પાછો સમુદરપાર થતા પહેલાં તરણુ વરસની મુદત સુધીની શકત કેદની શીકશા પામવાને લાયક થશે.

ટીકા.

આ ગુનો થવાને એ જરૂરનુ છે કે ગુનેગારને ખરેખર કોઇ સ.સનીક ઠેકાણે મોકલેલો હોવો જોઇએ અને એ સખસ પોતાની સજા પુરી થઈ રહેતા અથવા માફ કરતા પહેલાં પછો આવવો જોઇએ જયાં કેાી સમુદરપારની સજા ભોગવવા જતાં રસતેગી કેદમાથી નાસી આવીઓ તાં એવો ઠરાવ થયો કે તે ગુનો કલમ [illegible] જબ સીકસા જોગછે અને ૨૨૬ મુજબ નથી (મ. હા. બા. ૪ પા. ૧૬૨) કો [illegible]

પ્ર. ૨૨૭. આ કલમ પરમાણેનો ગુનો સથાપોત કરવા માટે [illegible]

મુદરપાર કરવામા આવ્યો હતો અને તાંહથી તેની સજા પુરી થવા અવલ નાશી આ વ્યો એ હકીકત સાબીત થવી જોઈએ ૪ મ. હા. રી- પા. ૧૫ર.

૨૨૭ કેઈ માણસે સીખશાની કંઇ સરતી માફી કબુલ કરી હોય તે માણસ અગ જે સરતથી તેને માફી મળી હોય તે સરત જાણી બુજી ને તોડે તો તે માણસને અગર તેણે અસલ શીખસામંની કાઈ ભોગવી નહી હોય તો જે શીકશાનો અસલ હુકમ થયો હોય તે સીકસા કરવામાં આવશે અને તે સીખસામની કઈ તેણે ભોગવી હોય તોતે સીક્ષામંની જેટલી નહી ભો ગવી હોય તેટલી સીક્ષા કરવામાં આવશે.

સીકસાની માફીની સરત તોડવી.

૨૨૮ કોઈ સરકારી નોકર કાંઇ ઈનસાફી મુકદમાના કાંઇપણ ભાગમાં બેઠા હોય તે વેળાએ તે સરકારી નોકરનુ જે માણસ ઈરાદાથી અપમાન કરે અથવા તેને હરકત કરે તે માણસને છ મહીનાની મુદત સુધીની આશાન કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

કોઈ સરકારી નોકર કંઇ ઈનસાફી મુકદમાના કાંઈપણ ભાગમા બેઠા છતાં તેનું ઈરાદાથી અપમાન કરવુ અથવા તેને હરકત કરવી.

ટીકા.

સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૩૩૬ મુજબ કરેલાં કામનો પરીણામ જ્યારે આ કલમ મુજબ શીક્ષા જોગ થાય તીયારે સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમના અરથ પરમાણે ઈનસાફમાં ગુનોહ કરયો એમ છે જેના ઉપર અપીલ ચાલેછે. (મ. હા.કો, વા. ૪ પા. ૧૪૬). જે શખ્સો ઈન્શાફી કોરટ આગળ પુરાવો આપવામાં સવાલના સીધા જવાબ આપવા ના પાડવાના અથવા અટકાવ કરવાના ગુનેગરો હોય તેઓએ જો તેમની ચાલ ઈરાદાથી હરકત થતી હોય તો આ કલમ મુજબ શીક્ષા જોગ થશે. (મુ.હા. વા. ૧૦ પા. ૬૯). જ્યારે કોરટમાં રહેના હુકમ કરયો હોય તારે કોરટ છોડવી અથવા કેદીનો ઈનસાફ થતો હોય તે વખતે તેને બહારથી ઈસારતો કરવી એ આ કલમ પરમાણેના ગુનાઓ નથી (મ. હા. તા. ૧૭ જાનેવારી અને તા. ૨૧ અકટોબર સને ૧૮૭૦). પોલીસ સીપાઈએ પોશાક નહી પહેરવાથી આ કલમ પરમાણે અપમાન કીંવા કલમ ૭૩ પરમાણે ગુનો થતો નથી માટે શીક્ષા રદ કરી (મુ. હા. કો. તા.૨૩ જુલાઈ સને ૧૮૬૭). કોરટના સવાલનો જવબ બરાબર નહી આપવાથી કીંવા નહી કબુલ કરવાથી આ કલમ પરમાણે બેઅદબી કીંવા હરકત કરવાનો ગુનો નથી (મુ. હા. કો. તા૦ ૨૪ જુલાઈ સને ૧૮૬૭) વા. ૪ પા. ૬—૭). જવાબ આપવા ના કબુલ કરેલી તે કબુલ કરેથી કોરટ સને ૧૮૭૨ના આકટ ૧૦ ની કલમ ૧૬૪ થી માફ કરી શકે છે કોરટની સમક્ષ ગુનો થયો હોયતો સમન વારંટ કાડવાની જરૂર નથી સને ૧૮૭૨નો [illegible] ૧૦ કલમ ૨૦૬ શીક્ષાનો ઠરાવ કરવો હશે તો ઠરાવ કરવા શીવાય કોરટ બ[illegible]

નહી. સહેદી શાક્ષી આપતા ફેરફાર બોલ્યો તેથી કોઈ સરકારી નોકર [illegible] વનુ કામ ચાલતા તેને હરકત કરવાનો ગુનો બનતો નથી મુ. હા. કોરટ [illegible] સઈ સને ૧૮૬૭ વા. ૪ પા. ૬). રેજીસટરેશન આકટના કલમ ૮૨ પરમાણે [illegible] સટરાર એ સરકારી નોકરછે અને તેની આગળ જે કામ ચાલે તે આ. કલમ ૨૨૮ પર માણે ઈનસાફી કામ કહેવાય અને પુરાવ લેવાનો તેને કાયદા પરમાણે અધીકાર છે. તે થી પુરાવાના કાયદાની કલમ ૩ મા બતાવેથી વાખીયા પરમાણે તેની પણ એક કોરટ છે. ૧૩ બં. લા. રી. પા. ૪૦. સબરજીસટરાર સને ૧૮૭૨ ના આકટ ૧૦ ની કલમ ૪૩૫ ૪૨૬ પરમાણે પોતેજ ઈનશાફ કરવો હતો માજીસતરેટે અધીકાર વગર કામ ચ લાવ્યુ માટે તેનો હુકમ રદ કરવામાં આવીએ (જુવો ઊપરનોજ ફેંસલે). પુછેલા સવા લનો સીધો જવાબ ન દે અથવા જવાબ દેવાની ગફલત કરવામા આવે તો તે આ કલ મ પરમાણે ગુનો થતો નથી. કો. ઈ. ડા. પા ૩૪૩. એક જજ કોરટમાં બારીસટરને ગુસો લાગે એવુ કઈ બોલે તેનો ખુલાસો માગવા એ બારીશટરે કોઈ શખસને એ જજનુ ખા નગી ઘેર મોકલે તો એ બારીશટરે તથા ખુલાશો પુછવા જનારે કોરટનું અપમાન કરયું કહેવાય. કો. ઈ. ડા. પ્ર. ૭૪૩. આ કલમ પરમાણેનો ગુનહો ઠરાવતી વખતે કોરટનો શું તિરસકાર થયો તે અને તેના કારણ તોહોમતદારે જે બચાવ કરયો હોય તે અને કોરટનું ફાઈનડીગ અને ઠરાવ એ સગળું લખવું જોઈએ. જો એ પરમાણે કરવામાં ન આવે તો કરેલી શીક્ષા રદ થાય. કો. ઈ. ડા. પ્ર. ૩૩૪. આ કલમ પરમાણેનો [illegible] સથાપીત કરતાં પેહેલાં અપમાન કરવાનો ઈરાદો હતો, એવું સાબીત થવું [illegible] વી. રી. પ્ર. ૬૨. સાક્ષી હળવે હળવે બોલી કોરટનો વખત ઘણો રોકે તેથી [illegible] કલમ પ્રમાણે ગુનોહ કરયો કેહેવાય નહી. ૧૫ વી. રી. પ્ર. ૫.

૨૨૯. ફલાણી બાબતમાં જયુરર અથવા આશેસર દાખલ થઈ નામ લખી મોકલા

જયુરર અથવા આસેશર નો વેષ લેવો.	ય. અથવા ટીપમાં લખાય, અને એને શોગંદ અપાય એવો કાયદા મુજબ મારો હક નથી એવું જે માણસ જાણતો હોય

તે માણસ વેષ બદલે અથવા બીજી રીતે, અગર તે બાબતમાં જયુરર અથવા આસેસર દાખલ ઈરાદાથી પોતાનું નામ લખી મોકલાવે; અથવા ટીપમાં લખાવે અથવા સોગંદ ખાય, અથવા પોતે જાણુયા છતાં તેમ થવા દે અથવા કાયદા વીરૂધ માારૂ નામ લખી મોકલ્યું છે, અથવા ટીપમાં લખ્યું છે, અથવા સોગંદ આપયા છે, એમ પોતે જાણુયા છતાં. જે માણુશ બુધી પુરવક તે જુરીમાં બેશીને અથવા તે આશેશર દાખલ કામ કરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની, અથવા દંડની અથવા એ બનેની, શીખશા કરવામાં આવશે.

બાબ ૧૨ મો.

[illegible]શીકા તથા સરકારી સ્ટાંપ સબંધી ગુનાઓ બાબત.

[illegible] જે ધાતુ નાણા દાખલ વપરાતો હોય, તથા જે પર છાપ મારી ને નાણાં દાખલ વાપરવા માટે તેને કોઈ સરકારના હુકમથી બહાર પાડયો હોય તે ધાતુ.

[illegible] ઉપર છાપ મારીને તેને રાણીના હુકમથી, અથવા હીંદુસતાનની સરકારના, અથવા કોઈ પણ પરેસીડેનશીની સરકારના, અથવા રાણીના રાજ્ય માંહેલી કોઈ પણ સરકારનાં, હુકમથી નાણા દાખલ વાપરવા માટે બહાર પાડયો હોય, તે શીકો તે રાણીનો શીકો.

રાણીનો શીકો.

દરસટાંત (અ) કોડીઓ શીકા નથી.

(બ.) વગર છાપેલા તરાંબાના ગઠા. અગર નાણા દાખલ વપરાય તોપણ શીકા નથી.

(ક.) ચાદ કાઇ શીકો ન ગણાય. કેમ કે તે નાણા દાખલ વાપરવાના ઈરાદા થી બએલા નથી.

(ડ.) જે શીકાનુ નામ કંપનીનો રૂપીઓ પડયું છે તે રાણીનો શીકો છે.

ટીકા.

અકબર બાદશાના વખતનો શીકો ખોટો બનાવવો એ આ કલમ પરમાણે ખોટો બનાવ્યો થતો નથી. રીગ્ણ વીરૂધ બાપુ જાદવ ૧૧ મુ. હા. રી. પા. ૧૭૨.

૨૩૧ જે માણુસ શીકો ખોટો બનાવે, અથવા જાણીબુજીને સીકો ખોટો બનાવવાના કારોયાનો કાઈપણ ભાગ કરે તે માણુસને શાત વરસની મુદત સુંધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીખ્શા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

શીકો ખોટો બનાવવો.

ખુલાસો—જે શખસ ઠગબાજી કરવાના ઈરાદાથી અથવા એમ કરવાથી ઠગબાજી થશે એવો સંભવછે એમ જાણ્યા છતા કઈ ખરા શીકાને બીજા શીકા સરખો દખાતો કરે તે સખસે આ ગુનોહ કરયો એમ સમજવું.

ટીકા.

ફકત ચાંદજ હોય તો તે બનાવટનો શીકો નથી જો કે તે ઠગલબાજીથી કોઈ અજાન શખસને એ નાણું છે એમ સમજાવીયુ હોય. પણ (મદરાસ હાઈકોરટના સને ૧૮૬૪ ના કલમ ૨૪૦ ઉપર ફેંસલા. અને કદાચ ધાતુ ઉપર બનાવટ કરયુ હોય તે ધાતુ જે શીકો બનાવ્યો હોય તેની ધાતુથી તદન જુદી હોય તોપણ એ એક હકીકતનો સવાલ થઇ પડશે કે આ તહાવત ફકત બનાવટનુ કામ વહેલુ બંધ પાડવાથી તો પડયો નથી? (મ. હા. તા. ૧૭ નવેમ્બર સને ૧૮૬૩).

૨૩૨ જે માણસ રાણીનો શીકો ખોટો બનાવે, અથવા જાણી બુઝીને રાણીનું [illegible] શીકા ખોટો બનાવવાના કામનો કોઈ પણ ભાગ [illegible] દસ [illegible] સુધીની બેમાંના ગમે તે પરકારની [illegible], અને [illegible] પણ લાયક થશે.

રાણીનો શીકો ખોટો બનાવવો.

૨૩૩ શીકા ખોટા બનાવવાના કારણુસર વાપરવાને વાસતે અથવા તે કારણુસર વાપરવાનો ઈરાદો કરેલો એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ કાંઈ છાપ અથવા હથીઆર બનાવે અથવા સમારે અથવા તે બનાવવાની અથવા સમારવાની [illegible] કીરીયાનો કાંઈ પણ ભાગ કરે અથવા તે ખરીદ કરે વેચે કે કોઈને આપે તે માણસને [illegible] વરસની મુદતસુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

શીકા બનાવવાના હથીયાર બનાવવા અથવા વેચવા.

૨૩૪ રાણીનો શીકો ખોટો બનાવવાના કારણુસર વાપરવાને વાસતે અથવા તે કારણુસર વાપરવાનો ઈરાદો કરેલોછે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતાં જે માણસ કંઈ છાપ અથવા હથીઆર બનાવે અથવા સમારે અથવા તે બનાવવાની અથવા સમારવાની કીરીયાનો કાંઈપણ ભાગ કરે અથવા તે ખરીદ કરે વેચે કે કોઈને આપે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની સીક્ષા કરવામાં આવશે. અને વળી તે દંડને પણ લાયક થશે.

રાણીનો સીકો ખોટો બનાવવાના હથીઆર બનાવવા અથવા વેચવા.

૨૩૫ શીકા ખોટા બનાવવાના કારણુસર વાપરવાને વાસતે અથવા તે કારણુસર વાપરવાનો ઈરાદો કરેલોછે એમ જાણીને અથવા એમ માનવાનુ કારણ છતાં જે માણસ પોતાના કબજામાં કાંઈ હથીઆર અથવા સામાન રાખે તે માણસને તરણ વરસની મુદતસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે અને અગર ખોટો બનાવવાનો શીકો રાણીનો શીકો હોય તો તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે, અને વળી તે દંડને પણ લાયક થશે.

સીકા ખોટા બનાવવાનાં કારણુસર હથીઆર અથવા સામાન પાસે રાખવો.

ટીકા.

હથીઆર વગેરે પકડવા માટે માજીસતરેટના અધીકાર ક્રીમીનલ પરોશીજર કોડ કલમ ૩૭૭.

૨૩૬ જે માણસ બ્રીટીસ ઈંડીઆમાં છતાં બ્રીટીશ ઈંડીઆની બહાર કાંઈ શીકા ખોટો બનાવવામા મદદગારી કરે તે માણસને જાણે તેણે બ્રીટીસ ઈંડીયાની માંહેજ તે સીકા ખોટો બનાવવામાં મદદગારી કરી હોય એવી રીતે શીક્ષા કરવામાં આવશે.

હીંદુસતાનમાં રહીને હીંદુસતાનની બહાર કંઈ શીકો ખોટો બનાવવામાં મદદગારી કરવી.

ખોટો સીક્કા આ દેશમાં લાવવો અથવા આ દેશમાંથી બહાર લઈ જવો.

...સીક્કા ખોટો બનાવેલો છે એમ જાણીને અથવા એમ માનવાનું કારણ છતા જે માણસ તે શીક્કા બગ્રેટીશ ઇંડીઆ મધે લાવી બ્હાર લઇ જાય તે માણસને તરણ વરશની મુદત સુધીના બેમાંના ગમે તે પરકારની કેદની સીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

રાણીનો શીક્કા ખોટો બનાવેલો આ દેસમાં લાવવો અથવા આ દેશમાંથી બહાર લઈ જવો.

૨૩૮ ફલણો ખોટો સીક્કા રાણીના સીક્કા ખોટો બનાવેલોછે એમ જાણીને અથવા એમ માનવાનુ કારણ છતાં જે માણસ તે શીક્કા બરીટીશ ઇંડીઆ મધે લાવે અથવા બરીટીશ ઇંડીઆ મધેથી બહાર લઈ જાય તે માણસને જીવતાંસુધી સમુદરપારનો અથવા દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરનામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ શીક્કા ખોટોછે એમ જાણીને રાખીયો હોય તે બીજાને આપવો.

૨૩૯ કોઈ માણસની પાસે કઈ ખોટો શીક્કા હોય અને તેની પસે તે શીક્કા આવયો તોયારે તેણે એમ જાણીયુ હોય કે આ શીક્કા ખોટો છે તે માણસ અગર દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે શીક્કા કોઈ શખ્સને આપે અથવા કોઇ સખશને તે લેવાને લલચાવવાની કોશીસ કરે તો તે માણસને પાંચ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવસે અને વળી તે દંડને પણ લાયક થસે.

ટીકા.

આ કલમ શીક્કા ખોટો બનાવનારને લાગુ પડતી નથી પણ જે ખોટો શીક્કા મેળવે અને લે તેને માટે છે. કો. ઇ. ડા. પ્ર. ૩૪૪.

રાણીનો કોઈ શીક્કા ખોટોછે એમ જાણીને રાખીઓ હોય તે બીજાને આપવો.

૨૪૦ કોઈ માણસની પાસે કાંઇ ખોટો સીક્કા હોય અને તે શીક્કા રાણીના શીક્કા ખોટો બનાવલો હોય અને તેની પાસે તે શીક્કા આવયો તારે તેણે એમ જાણયુ હોય કે આ રાણીના શીક્કા ખોટો બનાવેલોછે તે માણસ અગર દગલબાજીથી અથવા દગો થાય એવા ઇરાદાથી તે શીક્કા કોઈ શખ્સને આપે અથવા કોઈ સખ્સને તે લેવાને લલચાવવાની કોસેષ કરે તે માણસને દશ વરસની મુદત સુધીનો બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.

આ કલમ પરમાણે જુરીએ અભીપરાય આપીઓ કે કેદી ગુનેગાર નથી તાર પછી ક. ૨૪૧ પરમાણે બીજો ચારજ રાખી તેજ મુકરદમો સેશન જડજ ફરી ચલાવી શકતા નથી (મુ. હા. ૨ ફેબરવારી સને ૧૮૫૮).

૨૪૧ કાંઈ ખોટા શીકા ખોટોછે એમ જે શખસ જાણતો હોય

"કોઈ માણસની પાસે કાઈ શીકા પહેલા આવેતે વખતે એમ જાણતો ન હોય કે આ શીકા ખોટો છે તે શીકા તે માણસે કોઈને ખરા દાખલ આપવો.

કબજામાં લેતી વખતે તે ખોટોછે એમ જે શ ન હોય તે શખસ અગર તે શીકા ખરા શીકા ઈ બીજા શખસને આપે અથવા કોઈ બીજા ખરાં શીકા દાખલ લેવાને લલચાવવાની કોશી સને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે કેદની અથવા તે જેના જેવો ખોટો બનાવેલો કાની કીમતની દસ ગણી રકમ સુધીના દંડની અથવા એ બંનેની શી માં આવશે.

દ્રષ્ટંત.

એક શીકા પાડનારો અ ખોટા કંપનીના રૂપીઆ પોતાના સેબની એટલા સારૂ કે તે તે રૂપીઆ ચલાવે બ તે રૂપીઆ એક બાજા ચલાવ વાતે આપે અને क તે ખોટા છે એમ જાણીને તે રૂપીઆ વેચાતા લે પછી ઈને તેની કીમતમા તે રૂપીઆ क ड ને આપે અને ड તે ખોટાછે એમ ન જાણું પાછળથી તે રૂપીયા લીધા પછી તે ખોટા છે એમ ड ને ખબર પડે અને ड તા પછી તે ખરા હોય એવી રીતે તે રૂપીઆ કોઈને આપે તો ड ને ફકત આ કલમ શીક્ષા થઈ શકેછે પણ બ તથા क એઓને મુકદમાની કફીઅત મુજબ પંદરમી થવા ૨૪૦ કલમ પરમાણે શીક્ષા થઈ શકેછે.

ટીકા.

આ કલમ પ્રમાણે ગુનો સંપુરણ થવા માટે તહોમતદાર જે શીકકો ખોટો જા તો હોય તે ખરા દાખલ લેવાનું કોઈને લલચાવવાનું પ્રયતન કરે અથવા આપે એ સાબીત થવુ જોઈએ ૪ અ. હા. રી. પ્ર. ૫૨.

૨૪૨ કાંઈ ખોટો શીકા પોતાના કબજામાં આવ્યો હોય તે વખતે તે ખોટો છે

કોઈ શીકા કોઈ શખસની પાશે આવતી વખતે તેણે એમ જાણ્યુ હોય કે આ સીકા ખોટો છે તે શખસે તે ખોટો સીકો પાશે રાખવો.

મ જાણ્યા છતાં જે માણસ દગલબાજીથી અથવા દગો થ એવા ઈરાદાથી તે ખોટો શીકા પોતાના કબજામાં રાખે માણસને તરણ વરસની મુદત સુધીની એમંના ગમે તે કારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૨૪૩ રાણીના શીકા જેવો ખોટો બનાવેલો કાંઈ સીકો પોતાના કબજામાં આ

રાણીનો કોઈ શીકા કોઈ શખસની પાશે આવતી વખતે તેણે એમ જા

વ્યો હોય તે વખતે તે શીકા ખોટો બનાવેલોછે એમ ણ્યા છતા જે માણસ દગલબાજીથી અથવા દગો થાય વા ઈરાદાથી તે શીકા પોતના કબજામા રાખે તે માણસને

ણુ હોય કે આ શીકા ખોટો છે તે સમજશે તે ખોટા શીકા પુરો રાખવો.

સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટંકસાળમાં નોકર રહેલા માણસે કાયદામા ઠરાવેલા વજન મેળવણીથી જુદાં વજન અથવા મેલવણીનો શીકો બનાવવો.

૨૪૪ બરીટીસ ઈંડીઆ મધે કાયદા મુજબ સ્થાપેલી કોઈ પણ ટંકશાળમાં જે માણસ નોકર રહેલો હોય તે માણસ તે ટંકશાળમાંથી નીકળતો કોઈ શીકો તે શીકાનુ વજન અથવા મેળવણી કાયદાથી કરી હોય તેથી જુદા વજન અથવા મેળવણીનો થાય એવા ઈરાદાથી અગર કંઈ કામ કરે અથવા જે કામ કરવાની તેને કાયદા મુજબ ફરજ હોય તે કામ કરવામા કસુર કરે તો તે માણસને સાત વરસની મુદત સુધીના બેમાના ગમેતે પ્રકારની કેદની શીક્ષ કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.

આ કલમ પરમાણેના તહોમતમા એકલો દંડ થાય નહીં; ૧ મુંબઈ હાઈ કોરટ રી. પાનુ ૩૧

શીકા પાડવાનુ કંઈ હથીઆર કોઈ ટંકશાળમાથી કાયદા વીરૂધ લઈ જવુ.


૨૪૫ બરીટીસ ઈંડીઆ મધે કાયદા મુજબ સ્થાપેલી કોઈપણ ટંકશાળ મધેથી જો કાયદેસર અખતીઆર વીના જે માણસ કંઈ શીકો પાડવાનુ હથીઆર અથવા ઓજાર લઈ જાય તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારનો કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થસે.

ટીકા.

જ્યાં કંઈ શખસનો ગુનો કરવાનો આ (કલમ મુજબ ટંકશાળમાથી શીકા પાડવાનો ઓજાર લઈ જવાનો) ઈરાદો માલમ પડયો હોય અને જો અધીકારીઓ આ પ્રમાણે જાણ્યા છતાં તેને પકડવાના કારણ સારૂ તે ગુનો કરવા દેતા તે કંઈ કેદીનો એ પરમાણે શીક્ષા કરવાનો કાયદેસર આધાર નથી (લા. રી. કરાઉનકેસીસ વાલ્યમ ૧ પાનુ ૨૮૪).

દગલ બાજીથી અથવા બદદાનતથી કોઈ શીકાનુ વજન ઓછુ કરવુ અથવા [illegible]નો મેળવણીમા ફેરફાર

૨૪૬ કોઈ પણ શીકા ઉપર જે માણસ દગલબાજીથી અથવા બદદાનતથી એવી કંઈ કીરીયા કરે કે તેથી તે શીકાનુ વજન ઓછુ થાય અથવા તેની મેળવણી બદલાય તે માણસને તરણ વરસની મુદતસુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.



ખુલાસે—કોઇ શખ્સ એક શીકાનો કાંઈ અંશ કોરી કહાડે અને તે ઠે... બીજી વસતુ મુકે તો તેણે તે શીકાની મેળવણી બદલી એમ સમજવું.

૨૪૭ રાણીના શીકાઓમાંના કોઇપણ શીકા ઊપર જો માણસ દગલબાજીથી ...વા બદદાનતથી એવી કાંઇ કીરીયા કરે કે તેથી તે શીકાનું વજન એછુ થાય અથવા તેની મેળવણી બદલાય તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

દગલબાજીથી અથવા બદદાનતથી રાણીના શીકાનુ વજન એછુ કરવુ અથવા તેની મેળવણી બદલવી.

૨૪૮ કોઇપણ સીકા ઊપર જો કોઇ માણસ એવી કંઇ કીરીયા કરે કે તેથી તે શીકા કોઇ બીજા પરકારના શીકાને ઠેકાણે ચાલે તો ... ણુમને તરણ વરસની મુદતસુધીનો બેમાંના ગમે ... ની કેદની શીક્ષા કરવમાં આવશે અને વળી તે ... લાયક થશે.

કોઇ શીકા બીજા શીકાને ઠેકાણે ચાલે એવા ઈરાદાથી તે શીકાનુ રૂપબદલવુ.

૨૪૯ રાણીના શીકાઓમાના કોઇપણ શીકા ઊપર જો કોઈ માણસ એવી કંઈ કીરીયા કરે કે તેથી શીકાનુ રૂપ બદલાય અને તે એવા ઈરાદાથી કે શીકા કોઈ બીજા પરકારના શીકાને ઠેકાણે ચાલે તો તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની સીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.


...ણીના કોઇ શીકા બી... સીકાને ઠેકાણે ચાલે એવા ઈરાદાથી તે શીકાનુ રૂપ બદલવુ.

૨૫૦ કોઇ શખશના કબજામાં કાંઇ શીકા હોય અને તે શીકા બાબત ૨૪૬ મી અથવા ૨૪૮ મી કલમમાં બયાન કરેલો ગુનો કરવામાંઆવો હોય અને તે સીકા બાબત તે ગુનોહ કરવામાં આવેલોછે એમ તે શખ્સના કબજામાં તે શીકા આવતી વખતે તેણે જાણ્યુ હોય તે સખ્સ અગર દગલબાજીથી અથવા દગો થાય એવા ઈરાદાથી તે શીકા કોઈ બીજા શખ્સને આપે અથવા કોઈ બીજા શખ્સને તે સીકા લેવાને લલચાવવાની કોસીસ કરે તો તેને પાંચ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શિક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

આ શીકામાં ફેરફાર થએલોછે એવુ જાણીને જે શીકા પમે રાખ્યો હોય તે બીજાને આપવો.

૨૫૧ કોઈ શખશના કબજામાં કંઇ શીકા હોય અને તે શીકા બાબત ૨૪૭ મી અથવા ૨૪૯ મી કલમમાં બયાન કરેલો ગુનો કરવામાં આવીઓ હોય અને તે શીકા બાબત તે ગુનો કરવામાં આવેલોછે એમ તે શખ્શના કબજામા તે શીકા આવતી ... તેણે જાણ્યુ હોય તે શખ્સ અગર દગલબાજીથી ... થાય એવા ઈરાદાથી કોઇ બીજા શખ્સને આપે અથવા કોઇ બીજા શખ્...

આ શીકામાં ફેરફાર થયેલોછે એમ જાણીછે રાણી... જે શીકા પસે રાખ્યો હોય તે શીકા બી...



લલચાવવાની કોશીસ કરે તો તેને દસ વરસની મુદત સુધીનો બેમાંના ગમે તે તની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી દંડને પણ લાયક થશે.

કોઇ શખસની પાશે કઇ ફેરફાર થયેલો શીકો આવતા વખતે તેમ ફેરફાર થયેલો છે. એમ તેણે જાણ્યા

૨૫૨ જે, શીકા બાબત ૨૪૬ તથા ૨૪૮ મી એ બે કલમે માંથી ગમે તે કલમમાં બીયાન કરેલો ગુનોહ કરવામાં આવ્યો હોય તે શીકો દગલબાજીથી અથવા દગો થાય એવા ઈરાદાથી કઇ માણસના કબજામાં હોય અને શીકા બાબત તે ગુનો કરવામાં આવેલો છે એમ તે માણસના કબજામાં તે શીકો આવ માણસને તરણ વરસની મુદત સુધીની બેમના ગમે તે આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ શખસની પાસે કાંઈ ફેરફાર થયેલો રાગુનો શીકો આવતા વખતે તેમાં ફેરફાર થયેલો છે એમ તેણે જાણ્યા છતાં તે પાસે રાખવો.

૨૪૭ તથા ૨૪૯ મી એ બે કલમે માંની ગમે તે કલમમાં બયાન કરેલો ગુનો કરવામાં આવ્યો હોય તે શીકો દગલબાજીથી અથવ દગો થાય એવા ઈરાદાથી કોઈ માણસના કબજામાં હોય અને તે શીકા બાબત તે ગુનો કરવામાં આવેલો છે એમ તે માણસના કબજામાં તે સીકો આવતી વખતે તેણે જાણ્યું હોય તો તે માણસને પાંચ વરસની મુદત સુધીની બેમનાં ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થસે.

જે શીકો કોઈમાણસનીપાસે પહેલાં આવતી વખતે તેમાં ફેરફાર થયેલો છે એમ તેણે જાણ્યું ન હોય તો તે શીકો તેણે બીજાને ખરા શીકા દાખલ આપવો

૨૫૪ જે શીકા બાબત કઇ એમ જાણતો હોય કે એની ઉપર કલમ ૨૪૬, ૨૪૭ ૨૪૮ અથવા ૨૪૯ મી માં લખીછે તેવી કઇ કીરીયા કરવામાં આવીછે પણ જે શીકો તે સખસના કબજામાં આવતી વખતે તે બાબત તેવી કઇ કીરીયા કરવામાં આવેલીછે એમ તેણે જાણેલુ ન હોય તે શખસ અગર કોઈ બીજા શખશને તે શીકો ખરા સીકા દાખલ અથવા તે સીકો જે પ્રકારનો હોય તેથી જુદા પ્રકારના શીકા દાખલ આપે અથવા કોઈ શખસને તે શીકો ખરા શીકા દાખલ અથવા તે શીકો જે જે પ્રકારનો હોય તેથી જુદા પરકારના શીકા દાખલ લેવાને લલચાવવાની કોશીશ કરે તો તે શખસને બે વરસની મુદત સુધીનો બેમાંના ગમે તે પ્રકારની કેદનો અથવા તે બદલેલો શીકો જે શિકાને ઠેકાણે ચલાવ્યો હોય અથવા ચલાવવાની કોશીસ કરી હોય તે શીકાની કીમત કરતા દસ ઘણી રકમ સુધીના દંડની શીક્ષા કરવામાં આવશે.

શરકારી સટાંપ, ખોટો બનાવવો.

૨૫૫ મેહેસુલના કારણસર શરકરે બહાર પાડેલો કોઈપણ સટાંપ જે માણસ ખોટો બનાવે અથવા જાણી બુઝીને તે ખોટો બનાવવાની કીરીયાનો કઇપણ ભાગ કરે, તે માણસને જીવતા સુધી સમુદ્ર

ની અથવા દસ વરસની મુદતસુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શી
આવશે અને વળી તે દંડને પણ લાયક થસે

ખુલાસે —કેઈ શખસ એક પરકારના ખરા સટાંપને બીજા પરકારના
પો દેખાતો કરીને ખેટો સટાપ બનાવે, તેણે આ ગુનો કર્યો એમ સમજવું.

ટીકા.

દાકની ટીકીટ ખેટી બનાવનારને સારૂ સને ૧૮૬૬ નો આક્ટ ૧૪ ભાગ ૬—૭
રૂપઈઆના શટાંપ તરીકે એક આનાનો શટાંપ ચલાવવો તે એક રૂપઈઆનો સટાંપ
નથી રાણી વીરૂધ સરૂપચંદરદાસ કા. ઈ. ડા. ફ. ૨૪૪.

ઈ સરકારી સટાંપ ખો
બનાવવાના કારણુસર
ઈ હથીઆર અથવા સા
ન પસે રાખવે.

ર સરકારે બહાર પાડેલો કોઈ સટાપ ખેટો બનવવાના
કારણુસર વાપરવાને વાસતે અથવા તે કારણુસર વાપરવાનો
ઈરાદો કરેલોછે એમ જાણીને અથવા એમ માનવાનુ કારણ છ
તાં જે માણસ પોતાના કબજામાં કઈ હથીઆર અથવા સા
માન રાખે તે માણસને સાત વરશની મુદત સુધી
બેમાંના ગમે તે પરકારની કેદની સીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ
લાયક થસે.

કોઈ સરકારી સટાંપ ખો
ટો બનાવવાના કરણુસર
કાંઈ હથીઆર બનાવવું
અથવા વેચવું.

૨૫૭ મેહેસુલનાં કારણુસર સરકારે બાહાર પાડેલો કોઈ સટંપ ખેટો બનાવવાના
કારણુસર વાપરવાને વાસતે અથવા તે કારણુસર વાપરવાનો
ઈરાદો કરેલોછે એમ જાણીને અથવા એમ માનવાનુ કારણ
છતાં જે માણસ કઈ હથીઆર બનાવે અથવા તે બનાવવા
ની કીરાયાનો કાંઈ પણ ભાગ કરે અથવા તે ખરીદ કરે વે
ચે કે કોઈને આપે, તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકરની
કેદની સીક્ષા કરવામા આવસે અને વળી તે દંડને પણ લાયક થસે.

સરકારી સટાપ ખોટો બ
નવેલા વેચવા.

૨૫૮ ફલાણો સટંપ મેહેસુલના કારણુસર સરકરે બાહાર પાડેલો કોઈ સટાંપ જે
વો ખોટો બનાવેલોછે એમ જાણીને અથવા એમ માનવાનુ
કારણ છતાં જે માણસ તે સટાંપને વેચે અથવા વેચવાનુ ક
હે તે માણસને સાત વરસનિ મુદતસુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં
આવસે અને વળી દંડને પણ લાયક થસે.

સરકારી સટાપ ખોટો બના
વેલો પાસે રાખવો.

૨૫૯ ફલાણો સટાંપ મેહેસુલના કારણુસર સરકારે બાહાર પાડેલા કોઈ સ
જેવો ખેટો બનાવેલોછે એમ જાણી તેને
દાખલ વાપરવાના અથવા આપવાના ઈરાદાથી
ખરા સટાપ દાખલ વાપરવામાં આવે એટલા માટે જે માણસ તે સટાંપ
જામા રાખે તે માણસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પર
શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

...કહાડ્યો શટાંપ મેહેસુલના કારણસર સરકારે બાહાર પાડેલા કોઈ સ...

...સરકારી શટાંપ પો વો ખોટો બનવેલો છે એમ જાણીને જે માણસ તે... ...વપરાએલો છે એમ જાણતાં તે ખરી દાખલ... | ...પને ખરા શટાંપ દાખલ વાપરે તે માણસને સાત વર... મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દં... અથવા એ બ નેની સીક્ષા કરવામા આવશે.

...૧. જે પદારથ મેહેસુલના કારણસર સરકારે બાહાર પાડેલા શટાંપ લગડેલો હોય તે પદારથ ઉપરથી જે લખાણ અથવા લેખને માટે તે શટાંપ વાપરીયો હોય તે લખાણ અથવા લેખ જે માણસ દગલબાજીથી અથવા સરકારને હાની કરવાના ઈરાદાથી કાહાડી અથવા ચેરી નાખે અથવા કોઈ શટાંપ કાંઈ બીજા લખાણ અથવા લેખને માટે વાપરવામા આવે એટલા માટે જે લખાણ અથવા લેખને માટે તે સટાંપ વાપરીયો હોય તે લખાણ અથવા લેખ પરથી જે માણસ તે શટાંપને કાહાડી નાખે તે માણસને તરણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

...રે હાની કરવાના ઈરાદાથી જે પર સરકારી શટાંપ હોય એવા કોઈ પદારથ ઉપરથી કઈ લખાણ ચેરી નાખવું અથવા કોઈ લેખને માટે કાંઈ શટાંપ વાપરયો હોય તે શટાંપ તે લેખ પરથી કાહાડી નાખવા.

૨૬૨. મેહેસુલના કારણસર સરકારે બાહાર પાડેલો કોઈ પણ શટાંપ આગળ વપરાયલો છે એમ જાણ્યા છતાં દગલબાજીથી અથવા સરકારને હાની કરવાના ઈરાદાથી જે માણસ કઈ પણ કારણસર તે સટાંપ વાપરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બ નેની શીક્ષા કરવામા આવસે.

કોઈ સરકારી શટાંપ આગળ વાપરેલો છે એમ જાણ્યા છતાં તે પાછો વાપરવો.

૨૬૩. મેહેસુલના કારણસર સરકારે બાહાર પાડેલો કોઈ પણ શટાંપ વપરાયલો છે એમ દેખાડવા સરૂ તે શટાંપ પર કરેલી અથવા મારેલી કઈ નીશાની દગલબાજીથી અથવા સરકારને હાની કરવાના ઈરાદાથી જે માણસ છેલી અથવા કાહાડી નખે અથવા એહવી કઈ નીશાની છોલી અથવા કાહાડી નાખી હોય એવો કોઈ ...ણી બુઝીને પોતના કબજામાં રાખે અથવા વેચે અથવા કોઈને ...કોઈ શટાંપ વપરાયલો જાણ્યા છતાં જે માણસ તે શટાંપ વેચે એ માણસને તરણ વરસની મુદત સુધીની બેમાંનો ગમે તે પરકારની ...બ નેની શીખશા કરવામા આવશે.

...વાપરેલો છે એ ...ની કઈ નીશાની ...ખવી.

...રણ ૧૩ મો.

...કાટલાં અને માપ સબંધી ગુનાહ બાબત.

...તે જવાનું કાંઈ પણ યંતર ખોટું છે એવું જાણીને જે માણસ દગલબાજીથી,

તોળવાનું ખોટું યંતર દગલબાજીથી વાપરવું. — વાપરે, તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની, અથવા દંડની, અથવા એ બંનેની શીખશા કરવામાં આવશે.

દંડની અથવા એ બંનેની શીક્ષા કરવા...

ટીકા.

...શીને પકડવાને પોલીસને સને ૧૮૭૨ ના ... કલમ ૩૮૧ થી અખતીયાર છે.

ખોટા કાટલાં અથવા માપ પાસે રાખવાં. — ૨૬૬. તોળવાનું કઈ પણ યંતર અથવા કાંઈ કાટલું અથવા લંબાઈનું કે ભરતીનું કંઈ માપ ખોટું છે એવું જાણને, તથા તે દગલબાજીથી વાપરવામાં આવે એવા ઈરાદાથી, જે માણસ પોતાની પાસે રાખે તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા દંડ અથવા એ બંનેની શીખશા કરવામાં આવશે.

ટીકા.

વધારે વજનનાં કાટલાં કબજામાં રાખવાના તેહોમતમાં દગલબાજીનો ઈરાદો સાબીત નથી વાસતે શીક્ષા રદ કરી (મુંબઈ હાઈકોરટ તારીખ ૨૭ જાનેવારી શને ૧૮૬૪ વા. ૧ ભાગ ૨ પ્રષ્ટ ૧૮૧. કુલાબાને સારૂ સને ૧૮૬૫ નો મુંબાઈનો આકટ છે તે મુજબ થશે. મંજુર કરેલા માપ કરતા વધારે માપનાં કાટલાં કોઇના કબજામાં હોય તેટલા ઉપરથી આ કલમ મુજબ ગુનો થતો નથી. તોમતનામામા દગલબાજી ભરેલો ઈરાદો લખવો જોઇએ, અને તે સાબેત પણ થવો જોઇએ. (મુંબઈ હાઈકોરટ તા૦ ૨૭ જાનેવારી સને ૧૮૬૪ વા. ૧ પા. ૧૮૧) પકડવા માટે પોલીશના આધીકાર માટે જુવો. કી. પ્રો. કો. કલમ ૩૮૧ મંજુર કરેલાં કાટલાં સીવાય વધારે વજનનાં કાટલાં કેઈ સખસ કબજામાં રાખે તો તેટલાજ ઉપરથી તેણે આ કલમ વીરૂધ ગુનહો કરયો ગણાય નહી. તેનો કપટ ભરેલો ઈરાદો હતો એવું સાબીત થવું જોઇએ. રાણી વીરૂધ, દામોદર દયાળજી. ૧ મુ. હા. રી. પ્ર. ૧૮૮,

ખોટા કાટલા અથવા માપ બનાવવાં વેચવાં. — ૨૬૭. તોળવાનું કાંઇ પણ યંતર, અથવા કંઈ કાટલું અથવા લંબાઈનું કે ભરતીનું કંઈ માપ ખોટું છે એવું જાણીને જે માણસ બનાવે, વેચે અથવા કોઇને આપે એટલા સારૂ કે તે ખરાને ઠેકાણે વપરાય અથવા એવું જાણીને કે તે ખરાને ઠેકાણે વપરાય એવો સંભવ છે તો તેને એક વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની, અથવા દંડની, અથ...

એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ભાગ ૧૪ મો.

લોકની તનદુરસતી, સલામતી, અનુકુળતા [illegible]

અથવા જેઓના કબજામાં તાંહાં પાડોસમાં કંઈ મીલકત હોય તે સરવ [illegible] સાધારણ નુકશાન, ભય, અથવા દુઃખ થાય અથવા જેથી જે શખસેને કાંઈ [illegible] નીક હક વાપરવાની જરૂર પડે તે સખસોને નુકશાન, અડચણ, ભય, અથવા [illegible] વીના રેહેજ નહી તે શખસે લોકાપકાર કૃત્ય કરયું એમ સમજવું.

કોઈ સરવોપકારક કરત્યથી કંઇ અનુકુળતા અથવા લાભ થતો હોય, તો તે [illegible] સે ગુનોહ માફ થઈ શકતો નથી.

ટીકા.

ફોજદારી કાયદા મુજબ શીક્ષા જોગ અપકારક કરતીયો ફોજદારી ફરીઆદ પહે માં અગર ફોજદારી ફરીઆદ વગર દીવાનીમાં ચાલે (મુંબઈ હાઈકોરટ વા. ૧ પા. ૨) સને ૧૮૭૨ ના અઁકટ ૧૦ બાબ ૨૦ પરમાણે કામ ચલાવવા શીવાય આ કલમ પર માણે કામ ચલાવયું તે કાયદા વીરૂધ નથી (મુંબાઈ હાઈકોરટ) તા૦ ૧૭ સપટેંબર સને ૧૮૬૯ નંબર ૧૪૨. જુગાર રમનારને કે રમાડનારને આ કલમ પરમાણે લોકપરકાર કરત કરયુ એમ ગણી શીક્ષા કરેલી તે રદ કરી ઠરાવ્યુ કે સને ૧૮૬૬ ના આકટ ૩ પરમાણે કામ ચલાવવું, જુગાર રમવાના સાધન હથીઆર નકી કરી લેવા લીધુ હશે તે થી સરવજનીક પીડા ઊતપન થાયછે પણ લોકોને ખરેખરી પીડા થયનો પુરાવો ન હો વાથી ફકત કોઇને પોતાના ઘરમાં જુગાર રમવાને બોલાવાથી દરેક માણુસથો આ કલમ પરમાણે સારવજનીક પીડા કરયાનો ગુનેગાર ઠરી શકતો નથી (મુઃ હા. તા. ૧ લી ડી સમબર સને ૧૮૬૦ વા. ૭ પાનુ ૭૪. ખાનગી રમતાનુ રોકાણુ એ લોકોપકારક કરતો ય નથી ૨ વી. રી. પા. ૩૫ (ફોજદારી) પોતાનો ઘોડો છુટી જતો રાખે નહી એ લોકોપકારક કરતીય નથી ક વી. રી. પા. ૭૧ આ કલમ પરમાણેનો ગુનોહ બનવા માટે એવુ સાબીત કરવુ જોઇએ કે કંઇ ભય અગર હેરાન ગતી અગર ઈજા સરવ લોક ના કોઈ જથા અથવા એક જાતના કે વરગના લોકોના વીશેસ ભાગને મીલકતનો ઉપભોગ કરતાં ઈજા થઇ છે અથવા કોઇ સારવજનીક હકનો ભોગવટો કરતા ઈજા થઇછે ૯ વી. રી. પા. ૭૦ (ફોજદારી).

૨૬૯. જે માણુસ કાયદા વીરૂધ અથવા ગફલતથી એવું કાંઈ કામ કરે, કે જેથી

જીંદગીને જોખમ પો હોચે એવો રોગનો ચેપ પસરે એવું ગફલતીનું કામ.

જીંદગીને જોખમવાળા કોઈ રોગનો ચેપ પસરશે એવો સંભવ હોય, અને એવો સંભવ છે એમ તે જાણતો હોય અથવા એમ માનવાનું તેને કારણ હોય તે, માણસને છ મ[હિના]ની મુદત સુધીની એમના ગમે તે પરકારની કેદની, અથવા દંડની અથવા એ બં[નેની] શીક્ષા કરવામાં આવશે.

ટીકા—ચેપ લઈને શીતળા કાહાડવાનું કામ અટકાવવા તરીકે સુધ બુદ્ધીથી કરયું હોય તો તે આ કલમ મુજબ શીક્ષા લાયક થશે નહીં (મદરાસ હાઈકોરટ તા૦ ૧૦ જુલાઈ સને ૧૮૬૭).

૨૭૦ જે માણસ દવેસ બુધીથી એવું કઈ કામ કરે કે જેથી જીંદગીને જોખમ

જીંદગીને જોખમ પહોંચે એવા રોગનો ચેપ પસરે એવુ દવેશ બુધીનુ કામ.

વાળા કોઈ રોગનો ચેપ પસરે એવો સંભવ હોય અને એવો સંભવછે એમ તે જાણતો અથવા એમ માનનાનુ તેને કારણ હોય તે માણસને બે વરસની મુદત સુધીની એમાના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

૨૭૧ કોઈ વહાણને રોગના સબબથી દુર રાખવા બાબતનાં અથવા તે સબબ

રોગના સબબથી દુર રહેવા સબંધીની કાઈ કાનુન ન માનવી.

થી દુર રાખેલા વાહાણોનો કીનારા સાથેનો અથવા બીજા વહાણો સાથેનો વહેવાર કેમ ચાલે તેનો બંદોબસત કરવા બાબતની અથવા જે જગોમાં કાઈ ચેપી રોગ ચાલતો હોય તે જગો તથા બીજી જગોની વચે વહેવાર કેમ ચાલે તેનો બંદેબસત કરવા બાબતની હીંદુસતાનની સરકારે અથવા કોઈપણ સરકારે કરીને જાહેર કરેલી કોઈ કાનુન જે માણસ જાણી બુઝીને ન મને તે માણસને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથના દંડનો અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

૨૭૨ કોઈ માણસ કઈ ખાવાની અથના પીવાની વસતુમાં ભેળ કરે [illegible]

વેચવાનો ઈરાદો રાખીને ખાવાની અથવા પીવાની વસતુમાં કઈ ભેળ કરવી.

કે તેથી જે વશતુ ખાવાથી અથવા પીવાથી અવગુ[ણ] [illegible] અને એવા ઈરાદાથી કે તે વશતુ ખાવાને અથવા પીવાને વેચવી અથવા તે ખાવાને અથવા પીવાને વેચાસે એવો શંભવછે એમ જાણ્યા છતાં તો તે માણશને છ મહીનાની મુદત સુધીની એમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બનેનો શીક્સા કરવામા આવશે.

૨૭૩ જે વસતુ અવગુણ કારક કરેલો અથવા થએલો હોય અથવા ખવા અથવા

ખાવાની અથના પીવાની અવગુણ કારક વસતુ વેચવી.

પીવા જોગ સથીતીમા ન હોય તેવી કાંઈ વશતુ ખાવા અથવા પીવાની વસતુ દાખલ કોઈ માણસ વેચે અથવા વેચવાનુ કહે અથના વેચવા મુકે અને તે વસતુ ખાવામાં અથવા પીવા

છે એમ જાણીને અથવા એમ માનવાનુ કારણ છતાં એ પરચ્છો મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદનો અ સુધીના દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

ણામાં અથવા તઈઆર કરેલા અઉશધમાં કાંઈ ભે ો ર તે કે તેથી તે વસાણાનો અથવા તઈઆર અઉસધનો ગુણ ઓછો થાય અથવા તેની અશર બ ુકરક થાય અને તેમા તેવી કાઈ ભેળ ન થઈ હોય એ પ્રમા સ રૂ વેચવી અથવા વાપરવી એવા ઈરાદાથી અથવા તેવા કા . વપરાશે એવો શંભવછે એમ જાણ્યા છતા તે એ પરમાણે કરે મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની અથવા એ પીઆ સુધીના દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

૨૭૫. કઈ વસાણામાં અથવા તઈઆર કરેલા અઊશધમાં તેનો ગુણ ઓછો થાય

તેમાં વસાણા વે } અથવા તેની અશર બદલાય અથવા તે અવગુણકારક થાય એવી રીતે કઈ ભેળ થએલીછે એમ જાણીને જે માણસ તે

અથવા તઈઆર કરેલુ અઊશધ તેમાં ભેળ ન થઈ હોય એ પરમાણે કાંઈ દ મને સરૂ વેચે અથવા વેચવાનુ કહે અથવા વેચવા મુકે અથવા કોઈ દવાખાનામાથી અથવા જે શખસને તેમા ભેળ થએલીખબર ન હોય એવા કંઈ શખસ પાસે તે દ વપરાવે તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પરકાર અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બનેની શીક્ષા કરવશે.

કાઈ વશાણુ અથવા તઈઆર કરેલુ અઉશધ તે જુદુ વશાણુ અથવા તઈ

માણને તે જુદુ વશાણુ તઈઆર અઉશધ હેય એ મ જણુ. } યાર કરેલું અઉશધ હોય એવી રીતે કંઇ દવાના કામને સારૂ જે માણશ જાણી બુજીને વચે અથવા વેચવાનુ કહે અથવા વેચવા મુકે અથવા કોઈ દવાખાનમથી આપે તે માણશને છ મહીનાની મુદત શુધીની બેમાના ગમે તે પરકાર અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બનેની શીકશા આવશે.

૨૭૭ કેઈપણ શારવજનીક ઝરો અથવા જળાશયનુ પાણી જે માણસ ખુશી પુર

ક ઝરા અથવા નુ પાણી મેલુ કરવું. } વક બગાડે અથવા મેલુ કરે એવી રીતેકે તેથી તે પાણી રોજ જે કામમાં વપરાતુ હોય તે કામને શારૂ તે ઓછુ લાગક થાય તો તે માણસને તરણ મહીનાની મુદત સુધીની

બેમાના ગમે તે પરકારની કેદની અથવા પાંચસે રૂપીઆ સુધીના દંડની અથવા એ બને

ની શીક્ષા કરવામાં આવશે.

આ કલમમાં નદી એ સબંધમા સરવજનીક વસમાનુ...
ઈ હાઈ કોરટ તા૦ર જુલાઈ સને ૧૮૬૯ કરમીનલ રોપોરટ...

હવાને તનદુરસતીમાંબીગાડ કરે એવી કરવી

૨૭૮ કોઈ જગાની હવા જે મણુસ ખુશીપુરવક બીગાડે ... ગાની પડોસમા ઘણુ કરીને રહેનાર ... અથવા કોઈ સરીઆમ રસતા ઊપર ફરનારા સખસેની ... નદુરસતીમાં બીગાડ થાય તે મણુસને પાચસે રૂપીઆ સુધના દંડની શીક્ષા કર... વામા આવશે.

ટીકા.

સને ૧૮૫૭ ના આકટ ૭ કલમ ૨૩ મુજબ થઈ સકે.

સરીઆમ રસતાપર બેફીકરાઈથી હાંકવું અથવા સવારી કરવી.

૨૭૯ કોઈ સરીઆમ રસતા ઉપર જે સખસ કાઈ ગાડી એવો બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે હાકે અથવા સવારી કરે કે તેથી માણુ... સની જીંદગી જોખમમા આવે અથવા કોઈ બીજા સખસ... ને જ્યથા અથવા નુંકશાન થશે એવો સંભવ દેખાય તે સખશને છ મહીનાની મુદત... સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અ... થા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

(૨૭૯—૨૮૯)કલમો જે નુકશાન થયું હોય તે જુદુ રાખી તેમા ચુએલી ગફલત... શીક્ષા જોગ કરે છે. એ ખુલુ છે કે ગુનાનુ તત્વ ફકત નુકસાન થવાના સંભવમાં રહેલું છે અને તે ગુનો ખરેખર બનવામાંજ રહેલું નથી કારણ કે બધી કલમોમાં વ્યથા અ... થવા નુકશાન થસે એવો સંભવ દેખાય એવા અથવા એના જેવા શબદો આવેલા છે અ... ને ખરેખર થએલા નુકશાનને વાસતે કલમો ૩૩૭ અને ૩૩૮ મુજબ શીક્ષા થાય છે જો... એ ઘણુ વીચીતર છે કે ખરેખર થએલી વ્યથા જો એ વ્યથા ન બનેલી હોત તો... વ્યથા કરવાના કરતને જેટલી શીક્ષા થાય તેના કરતા કલમ ૩૩૭ મુજબ ઓછી... શીક્ષાને લાયક છે તેમજ જો તે નુકશાન ખરેખત પરતીવાદીની માલ મીલકતને કરેલુ... હોયતો તે નુકસાન કરવાનો કઈ પણ ઈરાદો હોવો જોઈએ અથવા જે અ... થાય તે નુકશાન થશે એમ માનવાનું કારણ હેવું જોઈએ એમ પણ જરૂર ન... વી એલ, એનડ. એસ. વીરાઅ કંપની લા. રીપોરટ ઓકોમન પલીઝ કેસ... ૧૪)જો બેફીકરાઈથી નુકશાન થાય અથવા નુકસાન થસે એવો સંભવ હોય... ગફલતને સારૂ કોઈ શખસ ફોજદારીમા જવાબદાર થવા શારૂ તે કરતી... ફરીઆદ થએલી હોય તે તેની જાતની ગફલત અથવા તેનો પોતાનો વાક...

એટલે દીવાનીમાં માણસ પોતાના નોકરના કરતબને શારૂ જવાબદાર છે પણ ફોજદારી માં તે નથી એક હમણા બનેલા મુકદમામા કેદી દારૂખાંનાનો વેપાર હતો. તેની બેરહા જરીમાં તેના ઘરમા આગ લાગી અને તેથી એક હવાઈ ઉડી અને બીજા માણસ ના પરાણ લીધા આમાં ઠરાવ થયો કે તે ફોજદારીમાં જવાબદાર નથી. ચીફ જસટીસ કાકબરંન સાહેબ કહે છે કે "કેદીએ તેના ઘરમા કેટલુંક દારૂખાનું રખુ પણ તે રાખવા થી કાંઈ આગ લાગી નથી કે જેથી મોત થયું એમા કંઈ બાજાની ગફલત થયાથીજ એ મોત થયું જો મોત દારૂખાનું રાખવાના શવભાવીક પરીણામથીજ થયું હોય તો એટલે કે જો એ દારૂખાનુ કેદીએ ગફલત ભરેલી રીતે રાખવાથી હવાઈ એની મેળે ફાટી હોતતે ગુનો સબોત થયાનો ઠરાવ બાહાલ રહે તો પણ અહીંઆ મોત બીજા કેઈ ના કરતીયથી થએલું હતું (રાણી વીરૂધ પ્રેનેકલા જનરલ માજીસતરેટના મુકદમાઓ વા. ૨૮ પા. ૨૭) ગફલત સાબેત કરવાનો બોજો હમેશા ફરીઆદીના ઉપર રહે છે થ એલું નુકશાન જો પરતીવાદી ફલણી બીજી રીતે ચાલો હોત તો ન થાત માતર એટ લીજ વાત જો જે તેણે કરૂં અથવા કયા વગરનું રાખોયું તેમ તે બેટી રીતે અને ગફલતથી ચલે હોય તે શીવાય ગફલતનો પુરાવો થશે નહીં એક મુકદમામાં એક બઈ રી ઉપર આમનીસબ ફરી ગઈ હતી તાં ચીફ જસટીશ સાહેબે મુકદમની હકીકત કહીને નીચે પરમાણે કહ્યુ હતું. આ મુકદમામાં એમ જણાય છે કે રાત અંધારી હતી અને બરફનું તોફાન હતું" અને પગે ચલનારાઓને રસતો ઓલગતાં જેટલી ગાડીવાનોની ગાડી હાંકતાં શંભાળ રાખવાની ફરજ છે તેટલીજ શંભાળ રાખવાની તેઓની પણ ફર જ હતી એમ માલમ પડતુ નથી કે પરતીવાદીની ગાડી રાત ઉપર ત દોડતી આવતી હ તી એમ....હીં પણ તેથી ઊલટું જેટલે છેટે ગાડીવાન ગાડી હાંકતો હતો તે પરમા ણે પગે ચાલનારાઓને તેના આવવાનો ખબર હોય તો આપાપ છા ખશી જઈ ઘોડા ના. ઝપાટામાથી નાકળી જવાનો પુશકળ વખત હતો ગાડીવાનને પોતાની ગાડી ઊભી રા ખી તે લોકોન રસતામાથી નાકળી જવાનો જેટલો વખત હતો તેટલો વખત તે લોકોને ગાડીના ઝપાટામાથી નીકળી જવાનો હતો અને ગાડીવાને પોતાની ફરજ ન બજાવી એમ કહેવાનું ફકત એટલુ જ કારણ બતાવવામા આવુ છે કે એ અકસમાત બનતીવખતે ગાડીવાન કનડ કટરના સાથે વાત કરવાઆમતેમ જોતો હતોપણ એમતેક ઈરાવદેસરકામનેવાસતે કરી શકે અને તે પરમાણે તેકરતોહતો તે વખતેતે પોતાન રસતા ઉપરનીહાંકવાનીબાજુએરાતસર દોડતી ગાડી હાકતો હતો તેથા કઈ પોતાની ફરજ તોડી એમ થતું નથી પરતીવાદીન ઘોડા તે લોકો ઉપર ગફલતથી દોડાવ્યા એમ કહેવાને જેટલું કરવું છે તેટલુંજ કરવું એ બાઈ ઘોડા ઉપર દોડી એમ કહેવાને છે અને જો તેઓએ ઘોડાને કે આમનીબસને નુકશાન કરૂં હોય તો તેને સરકાર ઈનસાફથી કહી શકત કે તેઓએ નુકશાનના જવાબદાર હતા નથી ધારો એવો છે કે ગાડીઓ હાંકનારની પગે ચાલનારાઓની જેટલી તપાસ રાખવાની ફર જ છે તેટલીજ ફરજ રસતો ઓળંગતા ગાડીએની તપાસ રાખવાની પગે ચાલનારાઓ

ની છે જશટીશ બીલોઅમે કહ્યું કે હું એમાં મળતો છું અને ફકત એ
કહેવાનો ઈછા રાખુ છુ કે જુરંનો આગળ પુરાવો મુકવામા એક બીજો
જ અગતીયનો છે. તે એ છે કે જો બને તરફના ગલ્લુત અથવા ગફલત
બનાવથી શાબેત થતુ હોય તો જડજે બેમાંથી એ. શોધી કાઢવા જુરીને
ફરજીઆત નથી પણ એથી જરાએ પુરાવો થતો નથી એમ માનવું જોઇએ. (
વુડલા જરનલ કોમન પ્લેઝ કેસીસ વા. ૯ પા. ૩૩૩ મદરાસ હાઈકોરટ
૬ પા. ૨૨ મોફટ વીરૂધ બેટ ચંદલાહ રીપોરટશ પ્રીવીકઉનસીલ વા ૩ પા. (૧૪)
સ વીગેરેને નાથ ઘાલા વગર ગાડીએ જોડવાથી નુકશાન થતું નથી તથા બળદને નાથ
ઘાલા વગર ગાડું જોડીને હાંકો જતો હતો તેને આ કલમ પરમણે બેફીકરાઇનો ગુ
નોહ લાગે નહી મુંબાઈ હાઈકોરટ તા. ૧૨ આગસ્ટ સને ૧૮૬૯ કરમીનલ રીપોરટસ
નં. ૧૦૨ નીવેડા બુક પ્રસ્ટ ૩૭૮ સને ૧૮૬૭ ના ઓકટ ૭ ના કલમ ૩૧ રકમ ૩
જપ્ત પણ થઈ શકે.

૨૮૦ જે સખશ કઈ વાહાણુ એવી બેફીકરી અથવા ગફલની ભરેલી રીતે ચલવે

બેફીકરાઈ વાહાણ ચલવવું | કે તેથી માણસની જીદગી જોખમમ આવે અથવા કોઈ
બીજા સખશને વ્યથા અથવા નુકશાન થશે એવો શંભવ દેખાય તે સખસને છ મહીનાનો
મુદત મુદતી બેમના ગમે તે પરકારનો કેદનો અથવા એક હજાર રૂપીઆ સુધીનો
દંડી અથવા એ બનેનો શીક્ષા કરવામાં આવશે.

૨૮૧ કોઈ માણુસ કાઈ ખેટું અજવાળું અથવા નીશાની અથવા બેયું દેખાડે

ખેટું અજવાળું નીશાની અથવા બેયું દેખાડવું. | એવા ઈરાદાથી કે તે દેખાડેથી કાઈ વહાણ ચલાવનારો ઠગાયુ
અથવા ઠગશે એવો સભવ છે એવું જાણુને તો તે માણસ
સાત વરસનો મુદત સુધની બેમાંના ગમે તે પરકરના કેદના અથવા દંડ
બનેની શિક્ષા કરવામા આવશે.

૨૮૨. જે વહાણુ એવી હાલામા અથવા એટલું ભરેલું હોય કે તે

ઘણો ભાર ભરેલા અ દેસલતવાળાં વાહાણમા ભાડું કરાને કોઈ સખશને જળ મારગે લઇ જવા. | સખસનો જીદગી જોખમન રહે તેવા કેઇ વહા
ડોને ભાડાને સરૂ જે માણસ જાણી બુઝીને
લતોયા કોઈ માણુસને જળમારગે લઇ જાય અ
માણુસને છ મહીનાનો મુદત સુધાની બેમના ગમે તે પરકરનો કેદનો
હજાર રૂપીઆ સુધાના દંડનો અથવા એ બનેના શિક્ષા કરવામા આવશે.

ટીકા.

સને ૧૮૫૮ નો આકટ ૨૬ કલમ ૧૫ પણ છે.

ખારવાઓ સલામત વગરનાં વાહાણ હાંકે તેને આ કલમ લાગુ પડે છે. (મુ. હા.
પ્ર. ૧૩૦.

૨૮૩. જે માણસ કાંઈ કરવાથી અથવા પોતાના કબજા અથવા હવામાં માહેલી કાંઈ મીલકતનો બંદોબસ્ત રાખવામાં કસુર કરવાથી ખુશકીના અથવા તરીના શારીઆમ રસતામાં કોઈ સખસને ભય અડચણ અથવા નુકશાન કરે તે માણસને બસેં રૂપીયા સુધીના દંડની શીક્ષા કરવામાં આવશે.

સુરીયામે રસતા અથવા વાહાણમા રસતામાં ભય અથવા અડચણ કરવી.

ટીકા.

એવીજ એક મોહોટા રસતાની નજીકની પથરની ખાણમાંથી પથર ફોડના (રાણી વીરૂધ મારટીંસમા જનરલ માજીસટેટ મુકદમા વા૦ ૩૪ પા૦ ૨૨) અગર એવા મોહોટા તારમા થાંભલા ઠોકવા કે જેથી રસને પેહેલા કરતાં થોડો સુમ થાય એ ગેરકાયદેસર કામ અને લોકોપકારક કરતીય ઠરાવવામા આવીયું હતું (રાણી વીરૂધ યુનાઈટેડ કીંગડમ ઇલેકટરીક ટેલીગર ફ કંપની લાજનરલ માજીસતરેટના મુકદમા વા. ૩૧ પાને. ૧૬૬.) જ્યા કાંઈ કાયદેસર કામ યોગીય રીતે કરતાં નુકશાન થાય તો ગુનોહ થશે નહી. દાખલો કે જ્યા પ્રતીવાદીને યોગીય રીતે અખતીઆર પામેલી કારપોરેશને એક મોટા રસતામાં નીક બાધવા રાખેલો અને તે સખસે તે નીક યોગીય રીતે પુરી અને કેટલાક મહીના પછી પુરણી સવભાવીક રીતે નીચે બેશી જવાથી એ જગામા એક ખાડો પડયો તીયાં એવો ઠરાવ થયો કે વાદીએ ખાડામાં પડી જવાથી થએલા નુકશાનને માટે પ્રતીવાદી ઉપર જવાબદારી રહેતી નથી (હીયામસ વીરૂધ વેબશટર લા રીપેરટસ કનવીનબેંચ વા. ૪ પા. ૧૩૮) પણ જો પરતીવાદીએ એ નીક અખતીઆર વીના કરી હોત અગર ગાફલત ભરેલી રીતે પુરી હોત તો જુદી વાત હતી રાજ મારગમા નાત જમવા બેસવાથી કોઇને જવા આવવાને હરકત થયાનો પુરાવો ન હોવાથી શીક્ષા રદ કરી (મુંબઈ હાઈ કોરટ રીપોરટસ નાં૦ ૨૬ જુનઇ સને ૧૮૬૮ પાને ૧૩૮.) ઢોરોને જાહેર [illegible] ઉપર હરી ફરવા હોય પણ સાથે તેમનો માલીક નહોય તો માલીક ઉપર આ[illegible] આવે નહી ૮ મ. હા. રી પ્ર. ૯.

[illegible]૪ કાંઈ જેહેરી પદારથથી જે માણસ કંઈ કામ એવી બે ફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે અથવા કોઈ બીજા સખસને વ્યથા અથવા નુકશાન થવો સંભવ દેખાય અથવા જે માણસ પોતાના કબજા મહેના કાંઈ જેહેરી પદારથથી તે જેહેરી પદારથથી માણસની જીંદગીને સંભાવ્ય જોખમ થતું અટકે એવે બં[illegible] રાખવામાં જાણી બુઝને અથવા ગફલતીથી કસુર કરે તે માણસને છ મહીનાની મુદ[illegible]ની બેમાના ગમે તે પરકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની [illegible] બંનેની શીક્ષા કરવામા આવશે.

[illegible] જેહેરી પદારથ યોગસ ભરેલો ચાલ.

[illegible] અથવા કાંઈ શીગરજવાળ ગરાહી પદારથથી જે માણસ કાંઈ કામ એવી

જાનીઅથવાશીગરજવા અરહી પદારથ સબંધી કુતી ભરેલી ચાલ.

એ ફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે તેથી જીંદગી જોખમમાં આવે અથવા કોઈ બીજા સ થા અથવા નુકશાન થશે એવો સંભવ દેખાય અથવા જે મા પોતાના કબજા માહેના કાંઇ અગની અથવા કઈ સીગરજવાળાગરાહી પદારથ સબં તે અગની અથવા શીગરજવાળા ગરાહી પદારથથી માણસની જીંદગીને કાંઇ સંભાવ્ય ખમ થતું અટકે એવો બંદોબસત રાખવામા જાણી બુઝીને અથવા ગફલતીથી કસુર કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાના ગમે તે પ્રકારની કેદની ક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે."

ટીકા.

આ કલમ ઊપર ઠરાવ થયો છે કે "કોઈ સખસને નુકશાન એ સબદોમાં તેની મીલકત તેમજ તેની જાનને નુકશાનનો સમાવેશ થાય છે." (મુંબઈ હાઈ કોરટ રીપોર ટસ ક્રાઉન કેશીશ વા. ૫ પાને ૬૭.) મુંબઇહાઈ કોરટે ઠરાવ્યું છે કે મીલકત જોખમમા આવા પદારથથી રહેતો તેનેપણ આ કલમ લાગુ થાયછે. ૪ મુ. હા. રી. પ્ર. ૬૭ (ફોજદારી.)

અવાજ સાથે ફુટે એવા કાંઇ પદારથ સબંધી ગફલતી ભરેલી ચાલ.

૨૮૬. અવાજ સાથે ફુટે એવા કાંઈ પદારથથી જે માણસ કાંઈ કામ એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કરે કે તેથી માણસની જીંદગી જોખમમાં આવે, અથવા કોઈ બીજા સખસને [illegible] વા નુંકશાનથશે એવો સંભવ દેખાય, અથવા જે પોતાના કબજા મહેના અવાજ સાથે ફુટે એવા કઈ પદારથ સબંધી તે પદારથની જીંદગીને કાંઈ સંભાવ્ય જોખમ થતું અટકે એવો બંદોબસત રાખવામાં બુઝીને અથવા ગફલતીથી કસુર કરે, તે માણસને છ મહીનાની મુદત સુધીની બેમાંથી ગમે તે પરકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

ફડેતાળ તથા વંસની ટટી ભરવાની મનાઈબાબત અમદાવાદમા તા૦ ૮ જાનેવારી સને ૧૮૫૫ ને રોજ નંબર ૧૫ નું જાહેર નામુ થયું છે. પણ છજા તથા વાછંટીઓ ટટીઆ તથા ખપેડાની કરવાને હરકત નથી. એમ મગન મુળજીનો અરજી ઊપરથી તા. અગસટ સને ૧૮૬૨ ના રોજ અમદાવાદ જીલા માજીસતરેટ સાહેબે હુકમ.

ગુનેગારના કબજા અથવા હવાલામાંહેના કઈ સંચા શબંધી ગફલતી ભરેલી ચાલ

૨૮૭ કઈ સાચાથી જે માણસ કાંઇ કામ એવી બે ફીકરી અથવા ગ રીતે કરે કે તેથી માણસની જીંદગી જોખમમાં થવા કઇ બીજા સખસને વ્યથા અથવા નુકશાન સંભવ દેખાય અથવા જે માણસ પોતાના કબજા અથવા હવાલા મહેના કઈ સચા સબંધી તે સાચાથી માણસની જીંદગીને કંઈ સંભાવ્ય જો

બમ થતું અટકે, એવો બંદોબસત રાખવામાં જાણી બુઝીને અથવાગફલતીથી કસુર કરે, તે માણુસને ૭ મહીનાની મુદત સુધીની બેમાં ગમે તે પરકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ઈમારત તોડી પાડવા અથવા તેઓને મરામત કરવા બાબત ગફલતી.

૨૮૮ કોઈ ઈમારત તોડી પાડવામાં અથવા તેને મરામત કરવામાં જે માણુસ તે ઈમારત બાબત, તે ઈમારતના અથવા તેના કોઈ ભાગ ના પાડવાથી માણુસની જીંદગીને કાંઇ સંભાવ્ય જોખમ થતુ અટકે, એવો બંદોબસત રાખવામાં જાણી બુઝીને અથવા ગફલતીથી કસુર કરે તે માણુસને ૭ મહીનાની મુદત સુધીની કેદની, અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની, અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

કોઈ જાનવર સબંધી ગફલતી.

૨૮૯ જે માણુસ પોતાના કબજા માંહેના કોઇ જાનવર સબંધી તે જાનવરથી માણુસની જીંદગીને કાંઈ સભાવ્ય જોખમ થતુ અટકે, અથવા મહાવ્યથ નું કાંઈ સંભાવ્ય જોખમ થતુ અટકે એવો બંદોબસત રાખવામાં જાણી બુઝીને અથવા ગફલતીથી કશુર કરે, તે માણુસને ૭ મહીનાની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

અરજદારે પોતાનું ટટુ ગફલતથી બાધવાથી તે છુટી જઇ લોકોના હાથ પગને ઈજા કરી તે બાબત માજીસતરેટે આ કલમ મુજબ સજા કરી તે બાબત હાઈ કોરટે ઠરાવીયું કે સદરહુ કલમ જંગલી જનાંવરને લગુ છે એટલુંજ નહીં પણ બીજા કોઈ પણ જનાવરને લાગુ છે. (કલકતા હાઈ કોરટ તા. ૨૯ નવંબર સને ૧૮૭૨ વા.૧૯ પા.૧.)

અમુક જગાની અંદર ઢોરો રખડતાં નહીં મુકવાં એવો માજીસતરેટે મનાઈ હુકમ કાઢયો હોય તો તે હુકમ કરી. પ્રો. કોડ. કલમ ૫૧૮ પરમાણેનો ગુનોહ કેહેવાય નહીં આ કલમ પરમાણે એ હુકમ તોડવો એ ગુનહો નથી. ૯બે. મા. રી. એ. પ્ર. ૩૬. તહેમત સાબેત કરવા માટે ગફલતી હતી એટલુંજ નહીં પણ એ ગફલતી એવી હતીકે એથી માણુસની જીંદગીને હરકત પોહેંચશે એવો સંભવ છે એવું તે ગફલતી કરનાર સખસ જાણતો અથવા માનતો હોવો જોઈએ. ૨ મ. હા. રી. પ્ર ૩૩ આ કલમ જંગલી જનાવરો છુટાં મુકે તેને માટે નથી. પણ કોઈ સખસ પોતાનો ટટુ ખીચોખીચ ભરેલી બજારમાં દોડતો મુકે અને તેથી માણસની જીંદગી જોખમમાં આવે તો તે સખસે આ કલમ પરમાણે ગુનો કરયો કહેવાય ૧૯ વી, રી. પ્ર. ૧

લોકાપકારક કરતની શીક્ષા.

૨૯૦ જે બાબતને સારૂ બીજી રીતે શીક્ષા કરવાનું આ કાયદામાં ઠરાવીયું નથી એવી બાબતમાં જે માણુસ કંઈ લોકાપકારક કરત કરે તેને બસે રૂપીઆં સુધીના દંડની સેક્ષા કરવામાં આવશે.

ટીકા.

...ને અધીકાર મળો હોયતો તે સને ૧૮૬૬ ના આકટ ૮ ... કરી શકે. ફરીથી લોકાપકારક કરતીય કરવું નહી એવો માજીસતરેટ હુકમ કરી છે સને ૧૮૭૨ નો આકટ ૧૦ કલમ ૬૨—૬૩—૩૦૮ જાહેરનામુ પરગટ કરી—બંદ ...ન કરવા હુકમ કરયા છતાં તે કરત કરનારને કલમ ૩૦ મુજબ સજા કરવા સારૂ સદર અદાલતનું પરોશીશટ ના. ૬ અગસટ સને ૧૮૬૨ નું છે. સને ૧૮૭૩ ના મુબાઈ આકટ ૬ ની કલમ ૪૨ થી મીયુનસીપલ કમેટી લોકાપકારક કરતેય બંદ કરવાની નોટીસ કરી શકે છે. અને તે નોટીસ ન માનનારને સદરહુ આકટની કલમ ૮૪ મુજબ કોઈ પણ માજીસતરેટ દંડની સજા કરી શકે છે અને તે દંડ સને ૧૮૭૨ ના ૧૦ મા આકટની કલમ ૨૦૭ મુજબ વશુલ થઈ શકે છે. એક મેહેલાના ઘણા રેહેવાશીઓએ પારણાં આગળ ગલીચી રાખી લોકાપકારક કરતીય કરે તો તે બાબત દરેક માણસ ઉપર જુદી જુદી ફરીઆદ થવી જોઈએ. નિવેડા બુક પા. ૨૬૧ સને ૧૮૬૨ જાજરૂ સાફ નહીં રાખતાથી પડોશી વગેરેને તરાસ ઉતપન ન થી થયા છતાં પોલીસે તેના ઘરની પરશાળમાં પેશવું કરમીનલ કલમ ૧૩૩ વીરૂધ તથા ફરીઆદ કરયા વીના કુલપતરને ક, ૬૯ પરમાણે શમન કરવાનો અધીકાર નથી ને ગદકી બાબત સને ૧૮૬૭નો આકટ ૭—૮ પરમાણે પોલીસને અધીકાર છે વાસતે શીક્ષા રદ કરી (મુંબાઈ હાઇ કોરટ તારીખ ૨૭ મી ડીસેંબર સને ૧૮૬૬) આ કલમ વીરૂધ ગુનહો કરનારને દંડને બદલે જે કેદ કરવામાં આવે તે સખતનહીં આસાન હોવી જોઈએ. ૫ મુ. હા. રી. પ. ૪૮ (ફોજદારી)

૨૯૧ કહાણું લોકાપકારક કરત તુ ફરીથી કરીશ અથવા જારી રાખીશમા એવી તાકીદ કરવાનો જે સરકારી નોકરોને કાયદેસર અખતીઆર હોય તે સરકારી નોકરે તેવી તાકીદ કીધા છતાં જે માણસ તે લોકાપકારક કરત ફરીથી કરે અથવા જારી રાખે તે માણસને છ મહીનાની મુદત સુધીની આસાન કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

(બંધ કરવાની તાકીદ થયા પછી અપકારક કરત જારી રાખવું.)

ટીકા.

બંકકી નહી કરવા જાહેરનામુ કરયા છતા ફરી કરે તેને આ કલમ પરમાણે તહોમત લાગે શદરહુ પરોશીટને તા૦ ૬ અગસટ સને ૧૮૫૨ પુતાને સને ૧૮૨૭ ના કાયદા ૧૨ ની કલમ ૧૯ની રકમ ૬ તા. સને ૧૮૨૭ ના કાયદા ૧૪ નો કલમ ૨૩ લાગુ છે ત. સને ૧૮૫૦ નો આકટ ૨૬ મો જયા મીયુનશીપલ આકટ ચાલુ છે તીયાં લાગુ છે. સથાનીક અપકારક વસતુ ખશેડવા માટેનો હુકમ કરવા વગેરેના અધીકાર માટે જુવો કરમીનલ પરોશીજર કોડ કલમ ૫૧૮—૫૨૧

૨૯૨ કાઇ બીભસત પુસતક ચોપાનીયું કાગળ ચીતર, તશવીર, પરતીમા, અથવા આકાર, જે માણસ વેચે અથવા વેહેંચે. અથવા વેચવાને કે ભાડાને સારૂ પરદેશથી આ દેશમા આણે અથવા છાપે અ...

(બીભસત પુસતકાનું વેચાણ વીગરે.)

એવી રીતે જાણી જોઇને દેખાડે અથવા તેમ કરવાની કોશીશ ક
કહે, તે માણસને તરણ મહીનાની મુદત સુધીની બેમાંના ગમેતે
દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

ટીકા.

જે શખસ ઊપર તોહોમત આવ્યું હોય તે સખસે કયાં બીભ
ખાં અને તે કેવી રીતે બીભસત છે તે ખસુસ બતાવવું જોઇએ
તે તહોમતદાર છુટી જાય છે ૧ ઈ લા. રી કલકતા પ. ૩૬૫ બીભ
વગેરે સાહ રશાતે મુકયા હોય પણ તે માતર એક સખશના જોવામાં આવે
તો તે આ કલમ પરમાણેનો ગુનહો નથી. આમ. પ્ર. ૯૮૮. કોઈ એોમનીબશ
માણુશ બેશી શકે તેવી ગ ડી)મા આ વાં ચીતરો વગેરે રાખવામાં આવે
તો ગુણાય કેમકે એમાં ઘણાં માણુશ બેસે છે અને તેમની નજરે એ દેખાવ
આમ પ્ર. ૯૮૮ જયાં ઘણા લોક જાતાં આવતાં હોય તયાં આવું પુસ્તક વગેરે
તે ગુનહો છે. આમ પ્ર. ૯૮૮

અપવાદ.—કોઈ દેવશથાન મધે અથવા મુરતીઓને બેસાડવા સરૂ વપરાતા કોઈ
કોતરેલી અથવા નકશી પડેલી, અથવા ચીતરેલી અથવા બીજી રીતે કાડેલી
તેમ સમધી કંઈ કારણસર રાખેલી કે વપરાતી કોઈ પણ પરતીમાને આ ક
લાગુ પડતી નથી.

ઉપલી કલમમા લખેલું છે તેવું બીભસત પુસતક અથવા તેવી બીજી કંઈવ
અથવા દેખડાવા	સતુ વેચવા સારૂ અથવા વેહેચવા સરૂ અથવા શાળા લો
બાબત પુસતક કંપ	કને દેખાડવા શારૂ જે માણુશના કબજામ હેશે તેને તરણ
રાખવુ.	

ની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા દંડની અથવા એ બને
ની શીક્ષા કરવામા આવશે,

૨૯૪ કોઈ જાહેર જગામાં અથવા જાહેર જગાની પાસે જે માણુશ કંઇ બીભસત
બીભસત ગીતો. | ગીત અથવા લાવણી અથવા શબદો ગઇ બેસી અથવા ઉ
ચારીને બીજાએોને દુખ આપે તે માણુશને તરણ મહીનાની મુદત સુધીની બેમાના ગ
મે તે પરકારની કેદની અથવ દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

ટીકા.

દેવલમાં તમાશો કરવામાં લાવણી ગાય તેને આ કલમ પરમાણે બીભીસત ગીતો
ગયાનો ગુનો થતો નથી લાવણી ઘણી જાતની હોયછે કેટલોક બીભીશતના દોશ રહીત
હોયછે ને કેટલીક બીભીસત હોયછે માટે પુરાવા વીના શીક્ષા રદ કરી (મુ હા, તા૦ ૨૯
મારચ સને ૧૮૬૭ વા૦ ૪ પાને ૨૫) કયા બીભીસત ગીતો વગેરે તહોમતદારે ગાયાં અ
ને તે કેવી રીતે બીભીસતછે તે ખસુસ બતાવવુ જોઇએ એમ થયુ ન હોયતો તહોમત

ર છુટો જાય ૧ ઈ. લા. રી. (કલકતા) પા. ૩૫૬. જે લાવણી ઘણુંકરીને હમેશાં ઓશત હોતી નથી તે માટે આ કલમ પરમાણે સજા થાય નહી ૪ મુ. હા. રી. પ (ફોજદારી).

જીંદગી અથવા બીજાઓના સરીરની સલામતી જોખમમાં આવે એવું કામ કરીને વીયથા કરવી.

મમાં આવે એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કંઈ કામ કરીને જે માણસ કોઈ સખસને વીયથા કરે તેમાણસને છ મહીનાની મુદત સુધીની બેમાંના ગમેતે પરકારની કેદની અથવા પાચશે રૂપીયા સુધીના દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવશે.

૩૩૮ જેથી માણસની જીંદગી અથવા બીજા સખસોના શરીરની સલામતી જોખ-

જીંદગી અથવા બીજાઓના શરીરની સલામતી જોખમમાં આવે એવું કામ કરીને મહાવીયથા કરવી.

મમાં આવે એવી બેફીકરી અથવા ગફલતી ભરેલી રીતે કાંઈ કામ કરીને જે માણસ કોઈ સખસને મહાવીયથા કરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાંના ગમેતે પરકા[illegible]

ની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બંનેની ામા આવશે.

ટીકા.

આવી મહાવ્યથાથી મોત થાય તો તે મોત તહોમતદારના ગફલતીથી કરેલા ીકરીના કરતના પરીણામ તરીકે થયું એવું સાબીત થવું જોઈએ ૬ મ

ગેરવાજબી અટકાવ તથા ગેર વાજબી કેદ બાબત.

૩૩૯ કોઈ સખસને જેણીમેર જવાનો હક હોય તેણીમેર જતો તે સખસ અટકે ેરવાજબી અટકાવ | એવા રીતે જે માણુસ તે સખસને ખુશીપુરવક હરકત કરે તે ાણુસે તે સખસને ગેરવાજબી અટકાવ કરયો એમ સમજવું.

અપવાદ—જમીન અથવા પાણી ઉપરથી જવા આવવાનો કાંઈ ખાનગી રસતો હો અને તે રસતો બંધ કરવાનો મારો કાયદા મુજબ હક છે એમ જે શખસ શુધબુધી માનતો હોય તે શખસે તે રસતો બંધ કરેલ એ આ કલમના અરથ પરમાણે ગુનોહ નથી.

દ્રષ્ટાંત.

જે રસતા ઉપરથી જ ને જવાનો હક છે એવો એક રસતો અ બંધ કરે અને શુ ધબુધીએ અ એ પરમાણે માનતો ન હોય કે રસતો બંધ કરવાનો મારો હક છે અને તે રસતો બંધ થવાથી જ તે ઉપરથી જતો અટકે તો અ એ જ ને ગેરવાજબી અટકા વ કરયો એમ સમજવું.

ટીકા.

જુગાર રમવાને આ કલમ લાગુ નથી સને ૧૮૬૬ ના આકટ ૩ પરમાણે કામ ચલાવવું જોઇએ (મુંબાઇ હાઈ કોરટ નં વેડા બુક પ્ર. ૪૦૮ એક પોલીસ સમલદારે એક સખસને જમાન લેવા જેવુ કામ નહી છતા જમાન આપતા સુધી ઘેર જવા ના પાડી તેમા તેણે ગેરવાજબી અટકાવ કર્યો એવુ ગણાય છે. ૧૦ વી. રી. પ્ર ૨૦ એક બાઇડી પોતાની ખુશીથી તહોમતદારને ઘેર ગએલ નહીં ને તથા તે રહી તે પોતાને ન હોતુ રહેવું તે છતા રાખી તેમા ઠરાવવામા આવ્યું કે તહોમતદારે ગેરવાજબી અટકાવ કરયો કહેવાય ૪ થાં રી. પ્ર. ૩. (ફોજદારી). જામીન નહીં લઈ શકાય તેવા અને કા ગ્નીઝીબલ ગુનહા કોઈ સખસના દેખતાં કરવામાં તે કરનારને ખાનગી સખસ પણ પ કડી શકે છે તો તે પકડનાર ઉપર તહોમત લાવી શકાય નહીં જુઓ કી. પ્રો કોડ ક. ૧૦૫.

૩૪૦. કોઈ સખશ મુકરર કરેલી ચોતરફી હદની બાહાર જતો અટકે એવી જે ગેરવાજબી કેદ. | માણુસ તે શખશને ગેરવાજબી અટકાવ કરે તે માણસે તે શખશને "ગેરવાજબી કેદ" કરયો એમ સમજવું.

દ્રષ્ટાંત.

(અ) એક દીવાળ બાંધી લીધેલી જગામાં જ ને મોકલીને અ બાહારથી તાળુ મા રીને જ ને અંદર બંધ કરે અને તેમ કરવાથી તે હદ વાળી દેવારની બાહાર કોઈ તરફ જ થી જઈ શકાય નહી તો અ એ જ ને ગેરવાજબી કેદ કરયો એમ સમજવું.

(ઞ) એક ઈમારતના દરવાજાઓ આગળ અ બંદુક વાળા માણસો રાખે અને એ પરમણે કહે કે જોતું એ ઈમારતમાંથી બાહાર જવાની કોશીશ કરશે તો આ માણસો ગેળો મારશે તો અ એ જ ને ગેરવ્યાજબી કેદ કરયો એમ સમજવું."

ટીકા.

કોઇ માણસને તેની મરજી વીરૂધ અમુક જગીયામેં રાખી મુકયો કીંવા ; અમુક દીશા તરફ જબરાઇથી લેઈ જવો એ તેને કેદ કરવા જેવું છે (મદરાસ હાઈકોરટ તા રીખ ૨૦ મે. સને ૧૮૬૫ રેગયુલર અપીલ ના ૧૨ સને ૧૮૬૫ વાં ૨ ભાગ ૩ પ. ૩૯૬

૩૪૧ જે માણસ કોઈ સખસને ગેરવાજબી અટકાવ કરે તે માણસને એક મહીના

ગેરવાજબી અટકાવની શીક્ષા.	ની મુદત શુધીની આશાન કેદની અથવા પાંચશે રૂપીઆ સુધીના દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

૩૪૨ જે માણસ કોઈ સખસને ગેરવાજબી કેદ કરે તે માણસને એક વરસની મુદ

ગેરવાજબી કેદની શીક્ષા	ત સુધીની બેમાના ગમે તે પરકરની કેદની અથવા એક હજાર રૂપીયા સુધીના દંડની અથવા એ બનેની શીક્ષા કરવામા આવશે.

૩૪૩. જે માણસ કોઈ સખસને તરણ અથવા વધારે દીવસ ગેરવયાજબી કેદ

તરણ અથવા વધરે દીવસ ગેરવયાજબી કેદની શીક્ષા.	કરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામાં આવસે.

૩૪૪. જે માણસ કોઇ શખશને દશ અથવા વધારે દીવસ ગેરવયાજબી કેદ કરે

દશ અથવા વધારે દીવશ ગેરવયાજબી કેદની શીક્ષા.	તે માણશને તરણ વરશની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવસે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.

એકલી ડંડની શીક્ષા કરવી એ કાયદેશર નથી. (મુબાઈ હાઈકોરટ વા. ૧ પાં. ૨૯ તા૦ ૧૨ અગસટ સને ૧૮૬૩.) આ કલમ પરમાણેની સિક્ષામા એકલો દંડ થાય નહી ૧ મુ. હા. રી. પ. ૨૯ રાણી વીરૂધ બહીરજી કીશનાજી.

૩૪૫. ફલાણા સખસને છોડવાનો કાયદા મુજબ હુકમ સાદર થઈ ચુકયો છે એમ

જે સખસને છોડવાનો હુકમ સાદર થયો હોયતે સખસને ગેરવ્યાજબી કેદ મા રાખવો.	જાણ્યા છતાં જે માણસ તે સખસને ગેરવ્યાજબી કેદમાં રાખે તે માણસને આ કાયદાની કોઈ બીજી કલમ પરમાણે જેટલી મુદતની કેદને તે માણસ લાયક હોય તેથી ઉપરાંત

[illegible]સની મુદત સુધીની બેમાંના ગમેતે પરકારની બીજી કેદ કરવામા આવશે.

[illegible] કોઇ માણસ અગર કોઈ સખસને એવી રીતે ગેરવાજબી કેદ કરે કે તેથી તે

[illegible]ગેરવ્યાજબી કેદ	સખસની કેદની વાત તે કેદ થએલા સખસની સાથે સબંધ[illegible]

અથવા તે કેદનું ઠેકાણું ઊપર લખેલા પરકારના કોઈ સખસ અથવા સરકારી [illegible] રના-જાણુમાં ન આવે અથવા તેને જડે નહીં એવો ઈરાદો ને કેદ કરનારા માણસના દીલમાં આવે તો તે માણસને ગેરવાજબી કેદને માટે બીજી જે કંઈ શીક્ષાને તે માણસ લાયક હોય તેથી ઉપરાંત બે વરસની મુદત સુધની બેમાના ગમેતે પરકારની કેદની બીજી શીક્ષા કરવામાં આવશે.

૩૪૭. કોઈ સખસને કેદ કરીને તે સખસ પાસે અથવા તેની સાથે સુબંધ રાખનારા

જબરદસતીથી કાંઈ મીલકત કહાડવાના અથવા કાંઈ કાયદા વીરૂધ કામ કરવાના કારણુ સર ગેરવાજબી કેદ.

કોઈ સખસ પાસે જબરાઈથી કંઈ મીલકત અથવા કીમતી દસતાવેજ કહડાવવાના કારણુશર અથવા કેદ કરેલા સખસ પાસે કે તેની સાથે સબધ રાખનારા કોઈ સખસ પાસે જબરદસતીથી કંઈ કાયદા વીરૂધ કામ કરાવવાના અથવા જેથી કાંઈ ગુનો કરવો મેહેલ થાય એવી કંઈ ખબર મેળવવાના કારણુસર જે માણુસ તે સખસને ગેરવાજબી કેદ કરે તે માણશને તરણ વરસના મુદત સુધીની બેમાના ગમેતે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

૩૪૮. કોઈ સખસને કેદ કરી તે સખસ પાસે અથવા તે સખસની સાથે સંબંધ

જબરદસતીથી કબુલાત કરાવવાના અથવા કાંઈ મીલક[illegible] પાછી અપાવવાના કારણુસર ગેરવાજબી કેદ.

રાખનારા કોઈ સખસ પાસે જેથી કાંઈ ગુનોહ અથવા બદઆલ પકડાય એવી કંઈ ખબર અથવા કબુલાત જબરદસતીથી લેવાના કારણુસર અથવા કેદ કરેલા સખસ પાસે કે તેની [illegible] સબધ રાખનારા કોઈ સખસ પાસે જબરદસતીથી કંઈ મીલકત અથવા કીમતી દસતાવેજ પાછો અપાવવા અથવા અપાવવાના કારણુસર અથવા તે કંઈ લેણું કે માગ[illegible] પતાવે અથવા જેથી કંઈ મીલકત કે કીમતી દસતાવેજ પાછો મળી શકે એવી કા[illegible] ખબર આપે એમ કરવાના કારણુસર જે માણુસ તે સખસને ગેરવાજબી કેદ કરે [illegible] માણસને તરણ વરસની મુદત સુધીની બેમાના ગમેતે પરકારની કેદની શીક્ષા [illegible] આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

સાપરાધ બળ તથા હુમલા બાબત.

૩૪૯. જો એક સખસ કોઈ બીજા સખસને ગતી આપે તેની ગતીમાં ફેર[illegible]

બળ.

થવા તેની ગતી બંધ કરે, અથવા જો તે સખસ[illegible] થને એવી રીતે કંઈ ગતી આપે તેના ગતીમા ફેરફાર કરે અથવા તેની ગ[illegible] કે તેથી તે પદારથ તે બીજા સખસના શરીરના કંઈ ભાગને અથવા તે[illegible] કંઈ વશતુ પહેરી હોય અથવા તે સાથે લઈ જતો હોય તે વસતુને અડકે, [illegible] કંઈ વસતુને અડકે, એવી રીતે કે તેથી તે બીજા સખસની સપરસેંદરીય પર [illegible] તો તે સખસે તે બીજા સખસપર બળ વાપરયું એમ સમજવું પણ જે સખસ ગતી [illegible] [illegible] ગતીમા ફેરફાર કરેલો અથવા ગતી બંધ કરેલો [illegible]

તરણપરકારોમ‍ના કોઈ પરકારે તે ગતી આપવી અથવા ગતીમા ફેરફાર કરવો અથવા ગતી બંધ કરવી જોઈએ.

પેહેલો—પોતાના સરીરની શકતીથી.

બીજો—કોઇ પદારથ એવો રીતે મુકવો કે પછી પોતાની તરફથી અથવા બીજા કોઈ શખ્સની તરફથી કંઈ બીજુ કામ થયા શીવાય તે ગતી થાય અથવા ગતીમા ફેરફાર થાય અથવા ગતી બંધ થાય એમ કંઇ રચના કરીને.

તરીજો—કાંઈ જાનવરને ગતી માન કરીને, તેની ગતીમા ફેરફાર કરીને અથવા ગતીબંધ કરીને.

૩૫૦ જો કોઈ શખ્સ કોઈ બીજા શખ્સની રજામંદી શીવાય તે બીજા શખ્સની ઉપર કાંઇ ઇરાદાથી બળ વાપરે અને તે કાંઈ ગુનોહ કરવા સારૂ અથવા તે બળ જે શખ્સની ઉપર વાપરે તે શખ્સને તે બળથી કાંઈ નુકશાન ભય અથવા દુખ કરવાના ઇરાદાથી અથવા તેને તે બળ વાપરવાથી પોતાથી કંઈ નુકશાન ભય અથવા દુખ થવાનો સંભવછે એમ જાણ્યા છતા તો તે શખ્સે તે બીજા શખ્સની ઉપર સાપરાધ બળ વાપર્યુ એમ સમજવું.

સાપરાધ બળ.

દ્રષ્ટાંતો.

(અ) એક નદીમાં બંધેલી હોડીમા જ બેઠા હોય અને અ તેના દોરડાં છોડી નખે અને એ પ્રમાણે ઇરાદાથી તે હોડને પ્રવાહથી ખેંચાઈ જવા દે તો એ ઠેકાણે અ એ ઇરાદાથી જ ને ગતી આપી અને ને પદારથને એવી રીતે મુકવાથી કે પછી કોઇ શખ્સની તરફથી બીજુ કામ થયા સીવાય તે ગતી ઉતપન થઇ માટે અ એ ઇરાદાથી જ ની ઉપર બળ વાપર્યું એમ સમજવું અને અગર કોઈ ગુનોહ કરવા સારૂ અથવા જ ને કાંઈ નુકશાન ભય અથવા દુખ કરવાના ઇરાદાથી કે એ પરમાણે બળ વાપરેથી કંઇ નુકસાન ભય, કે દુખ થશે એવો સંભવ જાણીયા છતા તેણે એ કામ જ ની રજામંદી શીવાય કર્યું હોય તે અ એ જ ની ઉપર સાપરાધ બળ વાપર્યું એમ સમજવુ.

(ब) જ એક સીગરામમં બેશીને જાય છે તેના ઘોડાઓને અ ચાબુક મારીને તેની ચાલ ઉતાવળી કરે તો એ ઠેકાણે જાનવરો પાસે પોતાની ગતી બદલાવીને અ એ જ ની ગતીમા ફેરફાર કરયો માટે અ એ જ ની ઉપર બળ વાપર્યુ એમ સમજવું અને અગર જ ને કંઇ નુકશાન, ભય, અથવા દુખ કરવાના ઇરાદાથી કે તેથી અ ને કંઈ નુકશાન, ભય, અથવા દુખ થાય એવો સંભવ જાણ્યા છતા તેણે એ કામ જ ની રજામંદી સીવાય કર્યુ હોય તો અ એ જ ની ઉપર સાપરાધબળ વાપર્યુ એમ સમજવુ.

(क) જ એક પાલખીમ બેશીને જાયછે તેની પરથી અપહરણ કરવાના [illegible] થી અ ઉંચકનારાને તે પાલખીને અટકાવે તો એ ઠેકાણે અ એ જ ની ગતી [illegible] કરી અને તેણે પોતાના સરીરની શકતીથી કર્યુ માટે અ એ જ ની ઉપર બળ [illegible]

યું એમ સમજવુ અને એ પ્રમાણે અ એ ઈરાદાથી જ ની રજામંદી શી
ગુનોહ કરવા સારૂ કરયુ માટે અ એ જ ની ઊપર સાપરાધબળ વાપરયુ એમ સમજવુ.

(ડ) રસતામા અ ઇરાદાથી જ ને ધકો મારે તો એ ઠેકાણે અ એ પોતા ના શરીરની સકતીથી, પોતાના સરીરને એવી રીતે ગતી આપી કે તે જ ને અડકયું માટે તેને ઈરાદાથી જ ની ઊપર બળ વાપરયુ એમ સમજવુ અને અગર જ ને કાંઈ નુકશાન ભય અથવા દુખ કરવાના ઈરાદાથી અથવા તેથી જ ને કંઈ નુકશાન ભય કે દુખ થાય એવો સંભવ જાણ્યા છતાં તેણે જ ની રજામંદી શીવાય એ પ્રમાણે કરયુ હોય તો તેણે જ ની ઉપર સાપરાધ બળ વાપરયુ એમ સમજવુ.

(ઈ) અ એક પથર ફેંકે એવા ઇરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તે પથર જ ને અડકશે અથવા જ ના કપડાને અડકશે અથવા જ કાંઈ વસતુ લઈ જાયછે તેને અડકશે અથવા તે પથર પાણીને લાગીને તે પાણીયો જ ના કપડાં અથવા જ કંઈ વસતુ લઈ જાયછે તે છંટાસે તો એ ઠેકાણે અગર તે પથર ફેંકવાથી કંઈ પદારથ આવી ને જ ને અથવા જ ના કપડાને અડકે તો અ એ જ ની ઊપર બળ વાપરયુ એમ સમજવુ અને અગર જ ને કાંઈ નુકશાન ભય કે દુખ કરવાના ઈરાદથી તેણે રજામંદી શીવાય એ પરમાણે કરયુ હોય તો તેણે જ ની ઉપર સાપરાધ બળ વાપરયુ એમ સમજવું.

(ફ) અ ઇરાદાથી કાંઈ અસતરીનો બુરખો ઉંચો ખેંચે તો એ ઠેકાણે અ એ તે અસતરીની ઉપર ઇરાદાથી બળ વાપરયુ એમ સમજવુ અને અગર તે તે અસતરીને કંઈ નુકશાન, ભય. કે દુખ કરવાના ઈરાદાથી અથવા તેથી નુકશાન ભય કે દુખ થાય એવો સભવ જાણીને તેણે તે અસતરીની રજામંદી સીવાય એ પરમાણે કરયુ હોય તો તેણે તે અસતરીના ઉપર સાપરાધ બળ વાપરયુ એમ સમજવું.

(ગ) જ નહાવા બેઠો છે તેવામા પોતે ઊકળતુ જાણતો હોય એવુ પાણી અ નાવાનામાં રેડે તો એ ઠેકાણે અ એ ઇરાદાથી પોતાના શરીરની શકતીથી ઊકળતાં પાણીને એવી ગતી આપે કે તે પાણી જ ને અડકે અથવા બીજા પાણીને અડકે અને તે એવી રીતે કે તે અડકવાથી જ ની સપરશેંદરીપર અસર થાય; માટે અ એ ઇરાદાથી જ ની ઊપર બળ વાપરયુ એમ સમજવુ અને અગર જ ને નુકશાન ભય કે દુખ કરવાના ઈરાદાથી અથવા તેથી નુકશાન ભય કે દુખ થાય એવો સંભવ જાણીને તેણે જ ની રજામંદી સીવાય એ પરમાણે કરયુ હોય તો અ એ જ ની ઉપર સાપરાધબળ વાપરયુ એમ સમજવું.

(હ) જ ની રજામંદી શીવાય અ એક કુતરાને જ ની ઉપર કુદાવે અગર જ ને કંઈ નુકશાન ભય કે દુખ કરવાનો અ નો ઈરાદો હોય તો જ ની ઉપર સાપરાધબળ વાપરયુ એમ સમજવુ.

કાંઈ ચાળા અથવા કાંઇ તઇઆરી કરે એવા ઇરાદાથી અથવા
| એવો સંભવ જાણીને કે તે ચાળા અથવા તઇઆરીથી કોઈ
હાજર હોય તેને એવો ભય ઉતપન થશે કે એ ચાળા અથવા તઇઆરી કરનારો
મારી ઉપર હમણા સાપરાધ બળ વાપરવાનો છે તો તે માણસે હુમલો કરયો
સમજવું.

ખુલાસો માતર સબદોથી હુમલો થતો નથી પણ કોઈ શખ્શ કંઇ શબ્દો બોલે
તો. તેના ચાળા અથવા તઇઆરીનો એવો અરથ ઉતપન કરી શકે તેથી તે ચાળા
તઇઆરી હુમલો ગણાય.

દ્રષ્ટાંતો.

(અ) અ મુઠી વાળીને જ ની તરફ ધરીને હલાવે એવા ઇરાદાથી અથવા એવો
જાણીને કે તેથી જ એમ માનશે કે અ મને હમણા મારસે તો અ એ હુમ
કરયો એમ સમજવું.

(બ) અ એક ભયંકર કુતરાનુ મુખ છોડવા માડે એવા ઈરાદાથી અથવા એવો સંભવ જાણીને કે તેથી જ એમ માનસે કે અ હમણા તે કુતરા પાસે મને કરડાવશે તો અ એ જ ની ઉપર હુમલો કરયો એમ સમજવું.

(ક) અ એક લાકડી લઇને જ ને એમ કહે કે હુ તારી વલે કરૂંછુ તો એ ઠેકાણે અ એ વાપરેલા શબ્દો કોઇપણ બબતમાં હુમલો ગણાય નહી તથા માતર નીચુ વલને લાકડી લેવી એ બીજી કઈ બોના સીવાય હુમલો ગણી ન શકાય એવુ હોય તે પણ તે લાકડી લેવાના ચાળાનો અરથ તે શબદોથી સમજાઈને તે હુમલો થઈ શકે.

ટીકા.

ફક્ત શબદોથી હુમલો થતો નથી પરંતુ તેના ચાળા તથા શબદોનો અરથ એ બે મળીને ગુનો થાયછે (મુ. હા. રી. વા. ૧ પાનુ ૨૦૫) જે લાકડી વગરેથી મારવનુ કરે તે ઘા નીગફળ જાય તોપણ હુમલો કરયો એમ કહેવય આ. પા. ૭૧૫.

ઉપર કેઈ શખ્સે ભારે તથા આકશમીક કરોધ ઉતપન ન કરયા છતાં તે સખસની ઉપર જે માણસ હુમલો કરે અથવા સાપરાધબળ વાપરે તે માણસને તરણ મહીનાની મુદત સુધીની બે માના ગમે તે પ્રકારની કેદની અથવા પાચશો રૂપીઆ સુધીના ડંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

ભારે કરોધ ઉતપન ન કરયા છતા કેઈની ઉપર શાપરાધ બળ વાપરવાની સીક્ષા.

ખુલાસો—અગર તે ગુનો કરવાના બહાના દાખલ તે કરોધ ગુનેહગારે માગી આણેલો અથવા ખુશી પુરવક ઉતપન કરેલો હોય અથવા.

અગર કાયદા મુજબ કે સરકારી નોકરોનો અખતીઆર અમલમાં લાવતાં કોઇ સરકારી નોકરે કરેલી કઈ વરતુણો તે કરોધ ઉતપન થયો હોય અથવા,

[illegible] હક કાયદા મુજબ અમલમાં લાવતા કરેલી કંઈ વસ્તુથી [illegible] તે ભારે તથા આકસમીક ક્રોધના સબબથી આ કલમ મુ[illegible] કંઈ ગુનાની સીક્ષા ઓછી થશે નહી.

[illegible] તે ક્રોધ એવો ભારે તથા આકસમીક હતો કે તેથી તે ગુનો ઓછો થઈ શકે એ [illegible]કતની બાબતછે.

૩૫૩ કોઈ શખ્શ સરકારી નોકર હોય અને પોતાના સરકારી હોદાનો અમલ ચલાવતો હોય તેવામાં તે સખ્સની ઊપર જે માણુસ હુમ[લો] કરે અથવા સપરાધ બળ વાપરે અથવા તે સખ્સને પોતાના સરકારી ઓદાનો અમલ ચલાવતો અટકાવવા અથવા ડરાવીને અમલ ચલાવતો બંધ રાખવાના ઇરાદાથી અથવા તે [સખ્]સે પોતાના સરકારી ઓદાનો કાયદા મુજબ અમલ ચલાવતા કાંઇ વસ્તુ કરી હોય [અ]થવા કરવાની કોસીસ કરી હોય તેટલા વાસ્તે જે માણુસ તે શખ્સનો ઉપર હુમલો [કરે] અથવા સાપરાધ બળ વાપરે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે [તે] પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની સીક્ષા કરવામાં આવશે.

[illegible] સરકારી નોકરનેડરા[વી]ને તેનો અમલ કરતો [બં]ધ રાખવાને સાપરાધ [બ]ળ વાપરવુ.

ટીકા.

કાંઇ કામ બજાવવાને સારૂ કોઈ શરકારી નોકરે પોતાના તાબાના માણુસને કંઇ હુકમ આપીઓ હોય તે હુકમ તેની પાસેથી પડાવી લેવાનો તહોમતદારો પરયતન કરતો તેને આ કલમ પરમાણે સજા થાય ૧૩ વી. રી. પાનુ ૪૯.

૩૫૪ કોઈ અસતરીની લાજ લેવાના ઇરાદાથી અથવા પેતે તેમ કરવાથી તેની લાજ જવાનો સંભવ છે એમ જાણીયા છતાં જે માણુસ તે અશતરીની ઉપર હુમલો કરે અથવા શાપરાધ બળ વાપરે તે માણુસને બે વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બંનેની શીક્ષા કરવામા આવશે.

કોઈ અશતરીની લાજ લેવાના ઇરાદાથી તેની ઊપર હુમલો અથવા સાપરાધ બળ.

ટીકા.

જબરાઇથી સંભેગ કરવાના કામમા આ કલમ તથા કલમ ૩૭૧ પરમાણે ફેસ[illegible] [illegible]લાસ સબ માજીસતરટને અધીકાર નથી શેશનકોરટને અવીકારછે (મુ. હા. [illegible] જુલાઈ સને ૧૮૬૮) આ કલમમા બયાન કરેલા ગુનાનો જે શખસ બીજી[illegible] થાય તે ફટકાની શાક્ષાને પણ લાયક છે (અને ૧૮૬૪ નો આકટ ૬ કલમ [illegible] અથવા સાપરાધ બળ એ બેમાથી એક થવાને રજામંદી નથી એમ પુરાવાથી [બ]તલાવવુ જોઈએ (ગોણી વીરૂધ ફલેચર લા રીપોરટ કલકત્તે કેશીસ વા. ૨ પા. ૩૯). કેઇ વઇદ વ[ગ]ર જરૂરીઆને કંઈ અસતરી દરદીને નાગી કરે એવા બાનાથી કે એમ કરયા વગર તે [illegible] ફરી શકે તેમ નથી [illegible] કપડાં [illegible] પોતાને હાથે [illegible]

ગુનો કર્યો કહેવાય આ. પાનુ ૭૧૬. ચુંદનો દરદ થએલ શખ્સ ... વરસની છોકરી સાથે સંભોગ કરે છોકરીને એવું જણાવે કે મને કંઈ દરદ ... એ શખ્સે આ કલમ પરમાણે નીચ સાપરાધ બળ વાપર્યું કહેવાય. આ. પ્ર. ... કાઈ જમેહેતા તેની અસતરી નીશાળીઆ સાથે તેની સમતા વગર અયોગ છુટ ... ાં તે શામી ન થાય તો પણ તે હુમલો છે રાણી વીરૂધ નીકલ આં. પાનું ૭૧૫.

૩૫૫ કોઈ સખસે ભારે તથા આકસમીક કરોધ ઉતપન ન કરયાં છતાં તે સખસ

ભારે કરોધ ન ઉતપન કરયા છતાં કોઈ સખસને બે આબરૂ કરવાના ઈરાદાથી હુમલો અથવા સાપરાધબળ.

ને બે આબરૂ કરવાના ઈરાદાથી જે માણસ તે સખસની ઊપર હુમલો કરે. અથવા શાપરાધ બળ વાપરે, તે માણસ ને બે વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની, અથવા દંડની, અથવા એ બનેની શીકશા કરવામાં આવશે.

૩૫૬ કોઈ શખસે કંઈ નશાતુ પહેરી હોય અથવા તે લઈ જતો હોય તેની ચોરી

કોઈ શખસ કંઈ વસતુ લઈ જતો હોય તે વસતુની ચોરી કરવાની કોશીસ કરવામાં હુમલો અથવા સાપરાધબળ.

કરવાની કોસસ કરવામાં તે શખશની ઉપર જે માણસ હુમલો કરે અથવા સાપરાધબળ વાપરે તે માણસને બે વરસની મુદત સુધીની બેમના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા કરવામાં આવશે.

૩૫૭ કોઈ શખસને ગેરવાજબી કેદ કરવાની કોસસ કરવામાં જે માણસ તે શખસની ઉપર હુમલો કરે અથવા સાપરાધ બળ વાપરે તે

કોઈ સખશને ગેરવાજબી કેદ કરવાના કોશીશમાં હુમલો અથવા સાપરાધબળ

માણસને એક વરસના મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની અથવા એક હજાર રૂપીઆ સુધીના દંડની અથવા એ બનેના શાક્ષા કરવામા આવશે.

૩૫૮ કંઈ શખસે ભારે તથા આકશમીક કરોધ ઉતપન કરયા ઉપરથી જે માણસ

કોઈએ ભારે તથા આકસમીક કરોધ ઊતપન કરયા ઉપરથી તેના ઊપર હુમલો કરવો અથવા સાપરાધબળ વાપરવું.

તે સખસની ઉપર હુમલો કરે અથવા સાપરાધબળ વાપરે તે માણસને એક મહીનાની મુદત મુંદીના આસાન કેદની અથવા બસે રૂપીઆ મુધીના દંડના અથવા એ બનેની શીકશા કરવામાં આવશે.

ખુલાસો—૩૫૨ મી કલમનો જે ખુલાસો લખેલો છે તે આ છેલી કલમને પણ લા

ટીકા.

...કારી રીપો.૨૮મા લખેલી હકીકત જો કે તે જમીન લેવ ... તો પણ તે 'કલમ ૪૯૧ ના અરથ પરમાણે ભરૂસા લા ... ઈક ખબરછે" (કરીમીનલ પરોસીજર કોડ ૧૨૨-૧૮૬૪) અને પક્ષકારને હાજર કરવા સ મન મોકલવા બાછે પણ કંઈ એવા પરકારનો પુરાવો નથી કે તેથી માજીશતરેટ કલમ ... મુજબ હુકમ કરી સકે એવો હુકમ તો ફકત ઈનસાફી તપાસ થયા પછીજ આપુ

અને તહોમતદારની રૂબરૂ લીધેલા પુરાવા ઊપરથી તેને શાક્ષીઓને સામા શવાલ પુછવા ની તક આપીયા પછી (બ. લા રીપોર્ટ. ફુલ બેંચ રૂલીંગ વા. ૪ પાને ૪૯) મુંબઈ હાઈકોરટ રીપોરટરા કરાઉન કેશીશ વા૦ ૬ પાને ૧ કરીમીનલ પરોશી જર કોડની કલમ ૪૨ ખુલસો ૧. કરે.ધ ઊતપન કરય થી માર મારયો એમ સાબીત થાયતો નુકશાનનો દાવો દીવાનીમાં ચાલી શકનાર નહી વાલમ ૬ બુક ૨૯ પાનુ ૯૫ તા૦ ૧૭ મી જુલાઇ સને ૧૮૬૬. ગડદા પાટુ મારયાથી થોડુ દુખ થાય તેના કરતીય વ્યથામાં ગણવા. હાઈકોરટનો નંબર ૫૫૨ તા૦ ૫ મી અપરેલ સને ૧૮૬૬ નો ઠરાવછે.

મનુશાહરણ, મનુશાનયન, ગુલામી તથા વેઠ બાબત.

૩૫૯ મનુશાહરણ બે પરકારનુ છે એક બરીટીસ ઇંડીઆમથી અને બીજુ કાયદેસર વાલીના હવાલામાંથી.

મનુશાહરણ

૩૬૦ જે માણુસ કોઈ શખસને તે શખસની રજામંદી સીવાય અથવા તે સખસની વતી રજામંદી આપવાનો જેનો કાયદા મુજબ અખતીઆર હોય એવા કોઈ શખસની રજામંદી સીવાય બરીટીશ ઇંડીઆની હદની બાહાર લઈ જાય તે માણુશને બરીટીશ ઇંડીયામાંથી તે શખસનુ હરણ કરયુ એમ સમજવું.

બરીટીસ ઇંડીઆમાંથી મનુશનુ હરણ

૩૬૧ ચઉદ વરસથી ઓછી ઉમરના કોઈ છોકરાને અથવા સોળ વરસથી ઓછી ઊમરની કોઇ છોકરીને અથવા કોઈ દીવાના શખસને બાળક અથવા દીવાના સખસના કાયદેશર વાલીના હવાલામ થી તે વાલીની રજામંદી શીવાય જે માણુસ લઈ જાય અથવા ફોસલાવીને તે લઈ જાય તેણે તે બાળક અથવા તે શખસનુ કાયદેશર વાલીના હવાલામા હરણ કરયુ એમ સમજવું.

કાયદેશર વાલીના હવાલામાંથી મનુશાહરણ.

ખુલાસો—આ કલમ મધે "કાયદેસર વાલી" એ શબદો લખાણાછે તે શબદો માં તે બાળક અથવા તે બીજા સખસને રાખવાનુ અથવા તેની સંભાળ કરવાનુ કામ કાયદા મુજબ જે શખસને શોપીયુ હોય એવા કોઈ પણ શખસનો શમાવેશ થાયછે.

અપવાદ—કોઇ શખશ શુધબુધીએ એમ માનતો હોય કે લગન સંબંધ વીના ઊતપન થએલા ફલાણા બચનો હું બાપછું અથવા શુધબુધીએ એમ માનતો હોય કે તે બચાને કાયદેસર હવાલામાં રાખવને મારો હક છે અને તે શખસ અગર કંઈ અનીતીનાં અથવા કંઈ કાયદા વીરૂધ કારણુસર એવુ કામ ન કરે તો તેના કામને આ કલમ લાગુ પડતી નથી.

ટીકા,

આ કલમ પરમાણે છોકરીની રજામંદી કઇ કામની નથી અને જેમ કલમ ૩૬૨ મા છે તેમ બળ અથવા દગાની જરૂર નથી સધરલેંડ

ટ કમેકતા ફ્રીંગ ક્રીમીનલ કેશીસ વા. ૨ પા. ૫. કાયદો મા બાપના હકને એટલું
માનું આપેછે કે તેઓ કોઈ સેળ વરસની અંદરની છોકરીને તેની રજામંદી ઉપરાંત
ના બાપને ઘેર પાછી આપવા ફરજ પાડી શકશે પણ જો એમ ધારવાનું કારણ હોય કે
તેના માબાપ તેના ઉપર યોગ સતા ચલાવશે નહી તો ઉપર પરમાણે થઈ શકે નહી
(રાણી વીરૂધ હાઉ ગ્રસા જનરલ માજીસતરેટ કેશીસ વા. ૩૦ પાને ૪૦ માલીનરાન વીરૂ
ધ બાહા રીપોરટસ પ્રોબેટ એંડ ડાઈવેરસ કોરટ વા. ૧ પાને ૨૨૧) અને મદરાસના સુ
પરીમ કોરટમાં ફલુર નારૂપ્પણ ૨.૧ મીના કામમા સરસી શેલીનરાન અને સરબીટલ સને
(શપટેમબર સને ૧૮૫૮) એજ ધારણને અનુસરી ચલ્યા હતા. અહીયાં તેવાએ એવો
ઠરાવ કરયો કે ચઉદ વરશની ઉંરનો એક હીંદુનો છોકરો કે જે કે સકાટીસમીસનરીમાં
નાસી ગયો હતો અને જે ક્રીશ્ચીયન થઇ ગયો હતો. અને તેના નવા ગુરૂઓની સાથે
રહેવા ઘણો આતુર હતો તોપણ તે છોકરાને તેના બાપને શવાધીન કરવા ઠરાવ કરયો
અને એવોજ ફૈસલો એક પંદર વરસ અને બે મહીનાની ઉમરના છોકરાની બાબતમાં
કલકતામાં સર મોરડેટ વેલ્સે આપ્યો હતો (હેમનાથ બોસાના કામમાં હાઈકોરટ વો૦૧
પને ૧૩૧ અને આથી તદન ઉલટા ઠરાવ મુબઈના એક પંદર વરસ અને ૭ સાત
મહીનાના છોકરાની બાબતમા સર જે.સેર આરલેંડે આપીઓ મદરાસની સુપ્રીમ કોરટ
નો ઠરાવ તેના જાણવામા આવ્યો હોય એમ જણાતુ નથી) વીઠુના કામમા તા. ૯ મી
મેએ સને ૧૮૬૫. સને ૧૮૬૪ ના આકટ ૨૦ પરમાણે પરણેત છોકરીનો વાલી તેનો ધ
ણી મોટી ઊમરનો હોય તો તે થાયછે માટે તે છોકરીને તેના બાપના કબજા માંહેથી
લેઇ જાયતો તે ગુનો નથી પરણેલી છોકરીના વાલીપણાનો હક તેના મા બાપનો નથી
તેથી પણ તે ગુનો બનો નથી. તહોમતદારે છોકર ને કઇ શમજાવી ન હોય લલચાવી
ન હોય તેમ છતા છોકરી મજકુર તેના બાપને ઘેરથી નીકળી ઘણે દુર હોય એવા તહો
મતદારને ઘેર જાય તો તહોમતદાર ઉપર આ તહોમત આવે નહી અલબત નીતી પર
... છોકરીને તેણે પાછી વાળવી જોઇએ પણ તેમ કરે નહી તો તેથી ગુનામા
... નહી આનુ કારણ એજ કે ગુનો છે તે કાયદાસર વાલીના હવાલામાંથી લઇ જ
વાનો છે આરચ. પ. ૭૫૮. થોડા વખત માટે એ છોકરી કયાંઈ બાહાર ગઇ હોય તો
એ વખતે તેના બાપનો કબજો છે એવુ ગણાયછે અને તેથી રસતેથી તેને લઇ જવામાં
આવે તો ગુનોહ બનેછે આ. પ્ર. ૭૫૮. લઇ જતી વખતે છોકરી મજકુર કોઈના કાયદા
શર વાલી પણા નીચેછે એવુ તહોમતદાર જાણતો ન હોય અથવા એવુ માનવાને તેને
કાંઈ કારણ પણ ન હોય તો તેણે આ ગુનોહ કરયો નથી આ. પાનુ ૭૫૮-૫૯. એક તહો
મતદાર એક છોકરીને શેરીમાં મલ્યો અને તેને લલચાવીને પાશેના એક ગામડામાં લઈ
ગયો અને જયા ફોસલાવી તેઓએ ગામડેથી પાછા ફરયાં એટલે તહોમતદારે શેરી
ના જે ભાગમાંથી તેને ઉઠાવી હતી તાં તેને મુકી છોકરી તેના બાપને ઘેર ગઇ. એ છોકરી
કેની હતી- એની તહોમતદારે તજવીજ પણ કરી નહી તેમ તે કેની દીકરીછે એવુ જાણ્યું.

કે જાણતો નહોતો તેમ ઠરયું કે તેણે ભગવી લઈ જવાનો ગુનો કરયો નથી. આ. પા. ૭૫૮ છોકરીના મા બાપને કંઈ ખોટી હકીકત કહીને અથવા કપટ કરીને પોતાની [illegible] તહોમતદારને આપે. એવું તહોમતદાર કરે અને મા બાપ પોતાના ભોળપણથી [illegible] ને આપે પાછળથી એમ કરવાનું કારણ છોકરીને લઈ જવી એવું જણાય તો [illegible] રે આ ગુનો કરયો કહેવાય. આ. પ ૭૫૯. પોતાના છોકરાને લઈ જવા મા [illegible] થમ રજા આપે પાછળથી ના પાડે તો પછી આ ગુનો બને છે કે નહી એ શક ભરેલુ છે પરંતુ એટલું તો ખરૂ છે કે ના પાડયા પછી લઈ જાય તો આ ગુનો બનુછે આ. પા. ૭૫૮ એક છોકરાના મા તે છોકરાને રાતર એ એકલો નાચમાં વેશ્યાઓને ઘેર નીગરેમાં જવાની રજા આપે તે ખરાબ થાશે ચાલે તેમ તેની મંજુરી હોય એવું દરશાવે તો પછી એવી જગ્યાએથી તેને કોઈ ભગવી જાય તો તે કાયદેશર વાલીના હવાલામાંથી ભગવી લઈ ગયાનું ગણાય નહી. આ. પા૦ ૭૫૯ જે છોકરાને ભગવા લઈ જવામાં આવે તેની ઊમર ૧૬ વરશની અંદર હતી એવું હુ જાણતો નહોતો એવો બચાવ તહોમતદાર કરી શકે નહી. આ. પ. ૭૫૯. ભગવી લઈ જવામાં મારો ખરાબ હેતુ નહી હતો એવો બચાવ તહોમતદાર કરી શકે નહી આ. પા. ૭૫૯. તહોમતદારે નીરારણી મુકી, તેણે કરીને ઊતરી કોઈ છોકરી તેના બાપને ઘેરથી નાશી જાય તો તહોમતદાર ઊપર આ તહોમત આવે. આ. પા. ૭૬૦ આ કલમ પરમાણેનો ગુનો સંપુરણ થવા માટે જે છોકરો અથવા છોકરીને લઈ જવામા આવ્યુ હતુ કે નહી તે કંઈ જરૂરની બાબત નથી" કો. ઈં. ડા. પાનુ ૨૨૪ જેનું નયન અથવા હરણ કરવામાં આવ્યું હોય તેની તેમ કરવામાં સમતી હતી એ જરૂરનું નથી કો. ઈ ડા. પાનુ ૩૫૭. આ કલમ પરમાણેનો ગુનો સંપુરણ થવા માટે કાયદાશર વાલીના હવાલામાંથી તેની મંજુરી વગર એ છોકરાનું હરણ કરેલું હોવું જોઈએ કો. ઈ. ડા. પા. ૩૫૭ એક છેકરાનું કોઈ શખશ શાથે લગન કરવુ એવું ઠરયું હોય પણ પાછળથી એ છોકરાના બાપનું મન ફરયું હોય તેમ છતાં તેનો ધણી તેને ભોળાવી લઈ જાય તો તેણે આ કલમ પરમાણેનો ગુનોહ કરયો કહેવાય કો. ઈ. ડા. પાનુ ૩૫૭ કોઈ છોકરૂ જાહેર રશતામાં રમતું હોય અને તેને ત્યાંથી લઈ જવામાં આવ્યુ હોય તો તે કાયદાશર વાલીના કબજામાંથી લીધું કહેવાય કો. ઈ. ડા. પા૦ ૩૫૭ હરણ કરેલી છોકરી લાયક ઊમરની હોય અને ભગવી લઈ જવામાં તેની સમતી હોય તે ભગવી જનાર ઊપર પારકી અસતરી ફોસલાવી લઈ જવાનું તહોમત આવે આ કલમ પરમાણે [illegible] મત આવે નહી કો. ઈ. ડા. પાનુ ૩૨૯ જે વખતે છોકરાનું હરણ કરવામાં [illegible] વખતે તે છોકરી તેના બાપના કબજામા ન હોય ક્યાંઈ નાશી ગઈ હોય તો [illegible] રી જનાર ઉપર આ કલમ પરમાણે તહોમત આવે નહી (મેન પાનુ ૨૯૧) [illegible] ની છોકરી વાલી વગર હોયજ નહી એવું વરૂધ સાબીત થતા સુધી માનવું જોઈ[illegible] છોકરાનો કોઈ વાલી છે કે નહી તેનો તપાસ કરવામાં મેં ભુલ કરી એવો બચા[illegible] તહોમતદાર [illegible] શકે નહી [illegible] (મુંબાઈ) પાનું ૧૭૮."

શખ્શને કોઈ જગેથી જવાને જે માણસ બળથી જરૂર પાડે અથવા
નબન | કાંઈ ફરેબી યુક્તિજોથી સલચાવે તે માણસે તે શખ્સનુ હ
રણ કર્યું એમ સમજવું.

૩૬૩ જે માણસ બ્રીટીશ ઇંડીઆમાંથી અથવા કાયદેસર વાલીના હવાલામાંથી
હરાણની શીક્ષા. | કોઈ સખ્સનુ હરણ કરે તે માણસને સાત વરસની મુદત સુધી
ની બેમાંના એક તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ
પાત્ર થશે.

ટીકા.

તહોમતવાળો શખ્શ છોકરીને વેચે અને તે છોકરીનો વીવાહ થયો હોય પણ લ
ગન થયુ ન હોય અથવા વાલી પણ તેને હાથ ન ગયુ હોય તો તે કાંઈ તહોમતનો જ
વાબ નથી પણ તેથી ગુનાનુ મહતવ ઓછુ થઈ શકે (રેવનીયુ જુડીશીઅલ એંડ પોલી
સ જનરલ વા. ૫ પા. ૧૪૯] એક બાળક છોકરાએ તેના માબાપની પરવાનગી વ
ગર અને કોઈ બીજા શખ્સની શીખવણીથી પોતાનુ ઘર છોડયુ છે એવી તહોમતદારને
ખબર નહી હોવાથી તેને બંદર સુધી લઈ જવાનુ માથે લીધુ તેને રસ્તે પકડવામાં આ
વીયો અને મનુષ્ય હરણ કરવાની મદદગારીના તહોમતથી ગુનેગાર ઠરાવવામાં આવીયો
મુખ્ય ગુનેગાર અને આ મદદગાર વચ્ચે એ છોકરાનુ હરણ કરવા બાબત કંઈ મસલત
થઇ નહોતી એવા કારણથી સેશનજજે આ શીક્ષા રદ કરી તેમાં ઠરાવવામાં આવ્યુ કે
કાયદાશરવાળીના હવાલામાંથી કોઇ બાળકને લઇ જવાનુ કરત જ્યાં સુધી જારી રહે ત્યાં સુ
ધી એ હરણ કરવાના ગુનામાં મદદગારી કરી હોય અને આ હરણ બ્રીટીશ ઇંડીઆ
માંથી થયું હતુ માટે કલમ ૩૬૩ અને ૧૧૬ લગાવવી જોઇએ ૧ ઈ.લા. રી. પા. ૧૯૪
મુંબઈ. સોળ વરસની અંદરની કોઈ છોકરીને તેના કાયદાસરવાળીની પરવાનગી વગર પર
ણવા માટે લઈ જવામ આવે તો તેણે આ કલમ ૩૬૩ અને ૩૬૬ મુજબ ગુનોહ ક
રયો કહેવાય આવા કામમાં છોકરીની મંજુરી હતી એ બચાવ નથી તેમ તેને જોરથી
કે ફરેબથી લઈ જવામ આવી હતી એ પણ જરૂરનુ નથી રાણી વીરૂધ કુરદનસીગ અ
ને મોહનસીગ. આ કલમમાં 'કાયદાસર વાલી' એના શબ્દ વાપર્યા છે તેનો અર્થ નાનાં
છોકરા જેની સંભાળ અને તાબેદારી નીચે રાખવામાં આવ્યુ હોય તે શખ્સ તેનો કા
યદાસરવાળો સમજવો ૧, ઈ. ડા. પા. ૨૫૮ આ કલમ પરમાણે તહોમત મહોમાંહે
માંડી વાળવા ૧૦ જુન સને ૧૮૭૪ કલકતા હાઈકોરટ.

૩૬૪ કોઈ શખ્સનુ ખુન કરવામાં આવે એટલા માટે અથવા પોતનુ ખુન થવા
... તે શખ્સ આવે એવી રીતે તેનો ...
... આવે એટલા માટે જે માણસ તે શખ્સનુ હરણ
... કરે તે માણસને જનમ સુધી મજુરખ...

ા દસ વરસની મુદત સુધીની સખત કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

દ્રસ્ટાંત.

(અ) બરીટીસ ઇંડીઆમાંથી જ નુ હરણ કરે એવા ઈરાદાથી અથવા એવા.સં જાણીને કે એક મુરતીને જ ને ભેજ અ પવામા આવે તો અ મ અ કલમમાં જો સમજવું.

આવે એટલા માટે બ ને તેને ઘેરથી આ બજુથી અ એ આ કલમમાં બીયાન કરેલા ગુનોહ કરપો એમ

રીતે જોરવાજબી કેદ કરવાના ઈરાદાથી જે માણુસ કે મ સનુ હરણ અથવા નયન કરે તે માણુસને સાત વરસની મુદતસુધીની બેમ ના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ઇરાદાથી તેનુ હરણ અથવા નયન કરવું.

૩૬૬ કોઈ અસતરીને તે અશતરીની મરજી નહી છતાં કોઇ પુરૂશની સાથે જુલમથી પરણાવવામાં આવે એવા ઇરાદાથી અથવા જુલમથી પરણાવવામા આવશે એવો સંભવછે એમ જાણીને અથવા જુલમથી ફોસલાવાને તે અશતરીનો જોડે જારકરમ કરવામાં આવે એટલા માટે અથવા જુલમથી કે ફોસલાવીને તેની જોડે જારકરમ કરવામા આવશે એવો સંભવછે એમ જાણીને જે માણુસ તે અસતરીનુ હરણ અથવા નયન કરે તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ અસનરીના જુલમથી લગન કરાવવા વગેર કારણુ સારૂ તે અશતરીનુ હરણુ અથવા નયન કરવુ.

કોઈ સખશને મહાવ્યથા કરવામાં આવેછે અથવા તેને ગુલામ કરવામાં અથવા તેની ઊપર કોઈ કાઈ મખસની શારીરી કરમ વીરૂધ મરજીને ઇછા પુરણુ થાય એટલા માટે અથવા તેના ઊપર એ પરમાણે ગુજરનાના જોખમમાં તે આવે એવી રીતે તેનો વગ કરવામાં આવે એટલા માટે અથવા તે સખસની ઊપર એ પરમાણે ગુજરશે અથવા તેનો એ પરમાણે વગ કરવામાં આવશે એવો સંભવછે એમ જાણુને જે માણુમ તે સખશનુ હરાણુ અથવા નયન કરે તે માણુસને દશ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ્રકારની કેદની શીક્ષા કરવામાં આવસે અને વળી તે દંડને પણ લાયક થશે.

મહાવ્યથા કરવામા આવે વગેરે કારણુસર તેનુ હરણુ અથવા નયન કરવુ.

દ્રસ્ટાંત ઇરાદાથી શખશનુ હરણ અથવા નયન કરેલ છે એમ

હરણ થએલ શખ્સને ગેરવાજબી રીતે સંતાડવો અથવા કેદમાં રાખવો.

ણુસ તે સખશને ગેરવાજબી રીતે સંતાડે અથવા કેદ કરી તે માણુશને જે ઇરાદા કે જ્ઞાનથી અથવા જે કારણુશર તે માણુસ તે શખ્શને સંતાડે અથવા કેદમા રાખે તેજ ઇરાદા કે જ્ઞાનથી અથવા તેજ કારણુસર જાણે તે માણુસે તે સખ્સનુ હરણ અથવા નયન કરયુ હોય એવી રીતે શીક્શા કરવામા આવશે.

ટીકા.

હરણ કરેલી છોકરાને છુપાવવામાં જે શખ્સો મદદ કરે તેમને માટે આ કલમ છે હરણ કરનારને માટે નથી કો૦ ઈ૦ ડા૦ પાનુ ૩૫૭,

૩૬૯ દશ વરસથી ઓછી ઊમરના કોઈ બચ્ચાના સરીર ઊપરથી કંઈ જંગમ

દસ વરશથી ઓછી ઉમરના કોઈ બચ્ચાના સરીર ઉપરથી જંગમ માલ ચોરવાના ઈરાદાથી તે બચ્ચાનું હરણ અથવા નયન કરવું.

મીલકત બદદાનતથી લેવાના ઈરાદાથી જે માણુસ તે બચ્ચાનું હરણ અથવા નયન કરે તે માણુસને સાત વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થસે.

ટીકા.

આ કલમ પરમાણેના તહોમતમાં આ કાયદાની કલમ ૩૯૩ પરમાણેના તહોમતનો શમાવેશ થઈ જાયછે. ૮ બો, રી. પા. ૩૫.

૩૭૦ કોઈ શખ્શને ગુલામ દાખલ જે માણુસ આ દેશામાં લાવે અથવા આ દેશમાથી બહાર મોકલે અથવા ખસેડે અથવા ખરીદ કરે અથવા વેચે અથવા કોઈને આપે અથવા તે શખ્શના મરજી નહી છતાં તેને ગુલામ દાખલ કબુલે અથવા રાખે તે માણુસને સાત વરશની મુદતસુધીની બેમાંના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામા આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

કોઈ શખ્સને ગુલામ દાખલ વેચવો અથવા આપવો.

૩૭૧ જે માણુસ નીત ગુલામોને આ દેશમાં લાવે અથવા આ દેશમાંથી બહાર મોકલે અથવા ખસેડે અથવા ખરીદ કરે અ. વેચે અથવા તેઓનો વેપાર ધંધો કરે તે માણુસને જીવતા સુધી સમુદરપારની અથવા દશ વરશની મુદત સુધીની બેમના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

નીતે ગુલામોનો વેપાર કરવો.

૩૭૨ સોળ વરસથી ઓછી ઊમરનુ કોઈ બાળક જારકરમના કારણુસર અથવા કોઈ કાયદા વીરૂધ તથા અનીતીના કારણુસર રાખવામાં કે વાપરવામાં આવે એવા ઈરાદાથી અથવા તે બાળક તેવાં કોઈ કારણુસર રાખવામાં કે વાપરવામા આવશે એવો સંભવછે એમ જાણ્યા છતાં જે માણુસ તે બાળકને વેચે અથવા ભાડે આપે અથવા બીજી રીતે કોઈને આપે તે માણુસને દશ વરશ

જારકરમને માટે કોઈ બાળકને વેચવું.

મુદત સુધીની એમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને
પણ બારક થશે.

ટીકા.

નાની છોકરીને વ્યભીચાર કરવાના ઇરાદાથી કાંઈ દેવળમાં અરપણ કરે
તે પરમાણે ગુનો છે એટલા માટે શીક્ષા કાયમ રહી મુબઈ હાઈકોરટ તા૦ ૨૦
૧૨ સને ૧૮૫૯.

૩૭૩ સોળ વરસથી ઓછી ઉમરનુ કાંઈ બાળક જાર કરમના કારણસર અથવા કાંઈ કયદા વીરૂધ તથા અનીતીની કારણસર રાખવામાં કે વાપરવામાં આવે એવા ઇરાદાથી અથવા તે બાળક તેવા કારણસર રાખવામાં કે વાપરવામાં આવશે એવો સંભવછે એમ જાણ્યા છતાં જે માણસ તે બાળકને ખરીદ કરે ભાડે લે અથવા બીજી રીતે પોતાના કબજામાં લે તે માણસને દશ વરસની મુદત સુધીની બેમાના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવશે અને વળી તે દંડને પણ બારક થશે.

જારકરમને માટે કાંઈ બાળકને ખરીદ કરવું

ટીકા.

રાણી વીરૂધ સૈયદ અલીના કામમા આ બે કલમો વીશે સાફ સરઈ કરવામાં આવીછે
(મુબઇ હાઇકોરટના રેસલા વાલ્યુમ ૫ પાને ૪૭૩ તહેમત આ કલમ પરમાણે મુકયુ હતુ
એ કામમાં એમ માલમ પડતુ હતુ કે કેદીએ પઈસા આપનુ કહીને એક દસ વરસની છો
કરીને એક એકાંત જગામાં એક વખત સભોગ કરવા દેવા લલચાવી હતી તે છેક
રી કેદીના કહેવાથી ગઈ એ કામ કરતી વખતે બને જણ ઝલાયા અને તે કેદીને એકદમ
પોલીસમાં લઈ ગયા મી. સઝટલ કે એ કામનો હવાલો કરવાથો જડજે એવો અભીપરાય
આપીઓ કે ગુનો સાબીત થતો નથી પહેલ વહેલુ તો તેમણે બાબે એવો અભીપરાય
આપીઓ કે કેદીએ આ કલમના અરથ પરમાણે તે છોકરીને કબજામાં લીધી નહોતી ચીફ
જસ્ટીસ સઝટલ ડ પોલ્લક ઠરાવ્યુ કે "પણ કોઈ કામને આ કલમ લાગુ કરવાને મારા અભી
પ્રાય પરમાણે એમ બતાવવું જરૂરછે કે એ નાહાના બાળકનો કબજો અને પ્રકાર
ની થએલા એક ચોખા કરારથી એવી રીતે લીધો હોય કે એ નાનુ બાળક કેટલોક
વખત તદન જે સખશે તેનો કબજો લીધો હોય તેના કબજામા અખતીઆર નીચે અને
કામમાં રહે પછી દેખીતો યોગ કામને શરૂ કે નહી એ નના બાળકનો બોલકુલ કબજો
અને મુખતીઆરી જે ખરીદ કરીને ભાડે લઈને અથવા બીજી રીતે એમ જાણીને અથ
વા એવા ઈરાદાથી મેળવી હોય કે આ પરમાણે કબજો યા મુખતીયારી રાખીને પછળ
થી એ બાળકને સદરહુ કામોમાના કોઈપણ કામને સારૂ ઉપયેગમા લેવુ અથવા વાપરવુ
અથવા ઉપયેગમા લેવાય અથવા વપરાય એજ (કબજો યા મુખતીઆરી) ગુના તરીકે શી
ક્ષા યોગ કરવા આ કલમનો હેતુછે આ કલમમા કોઈ વખત સભોગ કરવા દેવાથી જે
... એટલે તે કબજો ... માત્ર પાસ્ત્ર પરમાણે થતો નથી. કોઈ એક નાની

બાળક-છોકરીને નાશ કરનારી છોડી તરીકે ઉછેરવાના કારણસર અથવા નામનારી છોકરી તરીકે કોઈ દેવલમાં અરપણ કરવાના ઇરાદાથી વેચાતી અથવા બીજી રીતે આપી દેવી એ કલમ ૩૭૨ પરમાણે ગુનો છે અને આવા કામને સારૂ કોઈ છોકરીને ખરીદ કરવી મા હોતો એ કલમ ૩૭૩ મુજબ ગુનો છે એ કારણ ખુલ્લુ છે કે બારકરમ એ નટીના ધંધાનો એક ભાગ છે (મદ. હા૦ કૈસલા વા૦ ૫ પાને ૪૧૫ મું૦ હા૦ રીપોરટસ કરાઉન કેશીશ પાને ૬૦).

૩૭૪ કોઇ શખસની મરજી નહી છતાં જે માણસ તેની પાસે કાયદા વીરૂધ જબરાઈથી મજુરી કરાવે તે માણસને એકવરસની મુદત સુધીના કાયદા વીરૂધ જબરાઈથી મજુરી કરાવવી. } એમાના ગમે તે પરકારની કેદની અથવા દંડની અથવા બંનેની શીક્ષા કરવામા આવશે.

ટીકા.

સરકારી સામાન બીગારીને માથે ઉપાડી મંગાવે તેને દર કાસે પાઈ ૭ પરમાણે મજુરી આપવી પોલીશ કમીશનરનો કાગળ નંબર ૧૪ તા૦ ૨૮ મી નવેમબર સને ૧૮૫૨ જબરદસ્તીથી ગાડા પકડવાં એવું કાયદામા નથી શને ૧૮૨૭ના કાયદા ૨૨ની કલમ ૪૨ની વેડા બુક ના. ૪૧૮.

મોહોબાનના સહેબ શોકા ગાડા મંગાવે તેને પકડી અપાવવામાં મદદ કરવા સરકારનો કાગળ નંબર ૪૬૧ તા૦ ૫ મી જાને વરી શને ૧૮૫૨ આપઘાત કરે તે કાંઈ ગુનો નથા થાસતે તે સારા બાળનાર કંઇ ગુનેગાર નથી મુંબઈ હાઈકોરટ નં વેડા બુક પાને ૩૫૪.

બળાતકાર સંજોગ બાબત.

૩૭૫ નીચે બાતલ કરેલી બાબત શીવાય બીજી શઘળી બાબતમાં જે પુરૂસ નીચે બળાતકાર સંજોગ | બાયાન કરેલી પાંચ હાલતે માની કોઇપણ હાલતમા કોઈ અસતરીની સાથે સંગ કરે તેણે બળાતકાર સંજોગ કરયો એમ શમજવું.

પેહેલી—તે અસતરીની મરજી નહી છતાં;

બીજી—તે અસતરીની રજામંદી વગર;

તરીજી—તે અસતરીને મોતનો અથવા ઇજાનો ભય ઉતપન કરીને તેની રજામંદી લીધી હોય તો તે રજામંદી છતાં પણ;

ચોથી—તે પુરૂસ એમ જાણતો હોય કે હું એ અસતરીનો વર નથી અને તે અસતરી જે બીજા પુરૂસની સાથે કાયદા મુજબ પરણેલી છે અથવા પોતાને પરણેલી માને છે તે પુરૂસ હું છુ એમ માનીને તેણે પોતાની રજામંદી આપીછે તો તે રજામંદી છતા પણ;

પાંચમી—તે અસતરી ૧૦ વરસથી ઓછી ઉમરની હોય તો પછી તેની રજામંદી હોય કે નહી તોપણ.

ખુલાશો—બળાતકાર શભોગના ગુનામાં જે સંગ થવો જરૂર છે તેમાં ઘા વો બસ છે.

અપવાદ—કોઈ પુરૂશ પોતાની વહુની શાથે સંગ કરે અને તે અરાતથી ઓછી ઉમરની નહોય તો તે બળાતકાર ભોગ નહીં ગણાય.

ટીકા.

પીનલકોડ કલમ ૮૯ માં બાર વરસ ઉપરાતનાને હરેક ગુનો કરવાને લાયક ગણ્યોછે પરંતુ ઇંગલીસ લા તથા શાશતરમાં ચઉદ વરશની ઉમરનો થયા વગર આ ગુનો કરી શકતો નથી એમ ઠરયું. નગરના રોસન જડજ ઉપર ઈશ્તરાકટ તા૦ ૨૧ મી અગસ્ટ સને ૧૮૫૨નો સદર અદાલતે કરયો છે.

બળાતકાર સંભોગનો સોક્ષા.

૩૭૬ જે માણસ બળાતકાર સંભોગ કરે તે માણસને જીવતાં સુધી સમુદરપારની અથવા દશ વરસની મુદત સુધી એમના ગમે તે પરકારની કેદની શીક્ષા કરવામાં આવસે અને વળી તે દંડને પણ લાયક થશે.

ટીકા.

૧. જે શખ્સ આવો ગુનો બીજી વખત કરે તેને ફટકાની પણ સીક્ષા થસે. સને ૧૮૬૪ નો આક્ટ ૬ કલમ ૪.

૨. જેની સાથે બળાતકાર સભોગ કરવામાં આવયો છે તે દરીઆદી ખરાબ ચાલની છે એવો પુરાવો આપી શકાય છે. પુરાવના આક્ટની કલમ ૧૫૫ની રકમ (૪). જો છોકરી સાથે કોઇ વઇદ સભોગ કરે એવું બાનું બતાવીને કે એમ કરયા વગર તેનું દરદ મટશી નહી છોકરી આવા કારણથી સભોગ કરવા દેનો વઇદે બળાતકાર સભોગ કરયો કહેવાય આરચ પ્ર. ૭૧૬ દસ વરસથી ઉપરની છોકરી સાથે તેની મરજી સભોગ કરે તો તે બળાતકાર નથી પણ તેનો ઓરતનો મરજી વીરૂધ પાસે ઉભી કરી બીજી રીતે મદદગરી કરી તેની સાથે બળાતકાર સભોગ કરાવે તો તે ધણી મદદગારનો ગુનેગાર થાય છે આરચ પ્ર. ૬૬૦ દરૂ પાઈ સ્ત્રીને બેભાન કરી સભોગ કરવામાં આવે તો તે બળાતકાર સભોગ છે, આરચ પ્ર. ૭૬૩ કોઇ સ્ત્રી ભરઊંગમાં પડી હોય તથા જઈ નીંદરામાં તેની સાથે સભોગ કરવામા આવે તો તે બળાતકાર સભોગ છે આરચ પ્ર. ૭૬૩ ગડી અસતરી સાથે પણ તેની મરજી વગરનો સભોગ તે બળાતકાર સભોગ છે આ. પનુ ૭૬૨ સભોગ કરવા પરથમ હા પાડી હોય પણ સભોગ વખતે ના પાડે તોપણ સભોગ કરે તો બળાતકાર સભોગ કરયો કહેવાય અસતરી પુરૂશ વચે ઘણી બાઝાબાજી થાય પછી એ અસતરાએ પોતાની મરજી આપી હોય તો તેથી તહોમતદાર આ કલમની શીક્ષાથી બચી જતો નથી ૧

૩. એક નાની વયની છોકરી બળાતકાર સંભોગ થવાથી ગુજરી જાય

[illegible]ા જુલમની કાંઈ બહારની નીશાની દેખાય નહી એ કુદરતના સાધારણ કર[illegible] અસંભવીતછે ૧ વી. રી. પા. ૨૯. આ કલમ પરમાણે તહોમતદારને સો[illegible] કરતી વખતે જેની ઉપર બળાતકાર થયો હોય તેની રહેણી કરણી ઉપર આધાર રાખ[illegible] કરવો નહી જોઇએ પણ તે ગુનોહ કરતાં તહોમતદારે જે ઘાતકીપણું ચલાવ્યુ છે તે ઘ[illegible]ણું ચલાવ્યુ છે કે થોડુ ચલાવ્યુ છે તે ઉપર તહોમતદારની ચાલ ઉપર અને એ અસત રીની નીરાધાર સથીતી ઉપર વીચાર કરી સીક્ષા કરવી જોઈએ ૬ વી. રી० પાનુ ૫૯. આ કલમ પરમાણેનો ગુનોહ કરવાની કોશીશ કરવામાં આવી હોય તો પાં[illegible]ચ વરસંથી વધારે સંજા નહીં કરવી નહી જોઇએ ૧ બં. હા. રો. પાનુ ૧૦ વી. રો. પાનુ ૧૦ આ કલમ પરમાણે બળાતકાર સંભોગનુ તહોમત સાબીત થાય નહી પણ છીનળુ કરયાનો ગુનોહ સાબીત થાય તેવુ હોય તો પણ છીનાળાની સજા તેને થાય નહી ૧ મોરલીડાઈજેશટ પાનુ ૧૨૩ કાયદો એવુ માને છે કે સાત વરસથી વધારે વરસની છોકરી સાથે બળાતકાર સંભોગ થાય વીરૂધ સાબીત કરવું એ તહોમતદારનુ કામછે (બ્રુમ સી. મે. પા. ૩૧૨).

૬૭૭ જે માણસ ખુશીપુરવક કોઈ પુરૂસ અશતરી અથવા જાનવર સાથે સરૂસ સરસટી કરમ વીરૂધ ગુનો. | ટી કરમ વીરૂધ મઇથુન કરે તે માણુસને જીવતા સુધી સ મુદરપારની અથવા દસ વરસની મુદતસુધીની બેમાના ગમે તે પરકરની કેદની સીકસા કરવામાં આવશે અને વળી તે દંડને પણ લાયક થશે.

ખુલાસો—આ કેલમમાં બોયાન કરેલા ગુનાહમ જે મઇથુન થવુ જરૂરછે. તેમાં પરવેશ થયો તો બસછે.

ટીકા.

[illegible]જે શખસ આવો ગુનોહ બીજી વખત કરે તેને ફટકાની પણ સજા થશે સને [illegible]નો આકટ ૬ કલમ ૪.

બાબ ૧૭ મો,

મીલકત વીરૂધ ગુનાઓ બાબત ચોરી બાબત.

[illegible]૭૮ જે માણુશ કોઇ શખસના કબજામાથી તે સખશની રજામંદી શીવાય કંઈ | જંગમ મીલકત બદદાનતથી લેવાનો ઇરાદો કરીને તે પરમાણે લેવા સારૂ તે મીલકતને ખસેડે તે માણસે ચોરી કરી એમ સમજવું.

ખુલાસો ૧ લો—કાંઇ વસતુ જયાં સુધી જમીનમાં ચોટેલી હોય તાંહાં સુધી તે જંગમ મીલકત નથી માટે તેની ચોરી થઈ સકે નહી પણ જમીનથી તે જુદી પાડવામા આવે કે પછી તેની ચોરી થઇ શકે

ખુલાશો ૨ જો—જે કામથી જુદુ પાડવુ હોય તેજ કામથી જે ખસેડવુ થાય તે ખસેડવુ ચોરી થઈ શકે,

ખુલાશો ૩ જો—કોઈ શખસ ખરેખર કઇ વસતુને ખસેડે તારે અને ... નુ થવન થવામાં અટકાવ કરનારી કાંઇ અડચણ દુર કરે અથવા તે વસતુને કોઈ ... વસ્તુથી જુદી પાડે તીયારે પણ તે શખશે તે વસતુ ખસેડી એમ સમજવું.

ખુલાસો ૪ થો—કોઈ સખસ કંઈપણ ઉપાયથી કોઇ જાનવરને ગતીમાન કરે તો તેણે તે જાનવર ખસેડયુ તથા તે જાનવરને ગતી થયાથી તે જાનવરે જે જે વસતુ ખશેડી હોય તે વસતુ ખશેડી એમ સમજવુ.

ખુલાશો ૫ મો—ઉપલા લક્ષણમાં રજામંદી લખી છે તે સાફ રજામંદી હોય કે અરથાત સમજાય એવી રજામંદી હોય અને તે કબજેદાર સખસ અથવા તે કારણસર જેને સાફ કે અરથાત સમજાય એવો અખતીઆર હોય તેવો કોઇપણ સખસ આપી શકે.

દ્રસ્ટાંત.

(અ) જ ની જમીનપરનું એક ઝાડ જ ના કબજામાંથી બદદાનતથી લઇ જવાના ઇરાદાથી જ ની રજામંદી શીવાય અ કાપીનાખે તો એ ઠેકાણે તે પરમાણે લઈ જવા સારૂ અ એ તે ઝાડ જુદુ પાડયુ કે તેણે ચોરી કરી એમ સમજવું.

(બ) કુતરાઓને લલચાવવાની કાંઈ વસતુ અ પોતાના ખીસામાં રાખે અને તેથી જ ના કુતરાને તેની પાછળ ચાલ્યો જવાને લલચવે તો એ ઠેકાણે અગર અ ના ઇરાદો તે કુતરાને જ ના કબજામાંથી જ ની રજામંદી સીવાય બદદાનતથી લઇ જવાનો હો ય તો જ ના કુતરાએ અ ની પાછળ ચાલવા માંડયું કે અ એ ચોરી કરી એમ સમજવું.

(ક) એક બળદને નગદી ભરેલી એક પેટી લઈ જતો જોઇને તે નગદી બદદાનતથી લેવા સરૂ તે બળદને એક તરફ જો અ હાંકી જાય તો તે બળદે ચાલવા માંડયુ કે અ એ તે નગદીની ચોરી કરી એમ સમજવું.

(ડ) અ જ નો ચાકરછે તેને જ એ પોતાની રૂપાની તબકડીઓ રાખવાને શોપીછે તે તબકડીઓ લઇને જ ની રજામંદી સીવાય જો તે બદદાનતથી નાશી જાય તો અ એ ચોરી કરી એમ સમજવું.

(ઈ) જ એક મુસાફરીપર જાય છે તે એક વપારવાળા અ ને પોતાની રૂપાની તબકડીઓ શોપે અને એમ કહેછે કે હુ પાછો આવુ તીયા સુધી એ તમે રાખજો. અ કોઈ ચોકસીને ઘેર જઇને તે તબકડીઓ વેચે તો એ ઠેકાણે તે તબકડીઓ જ ના કબજામાં ન હતી માટે તે જના કબજામાંથી લઇ શકાય નહી અને અગર અ એ સાપરાધ વીસવાસ ઘાત કરયો હોય તોપણ અ એ કંઈ ચોરી કરી એમ સમજવું નહી.

(ફ) જે ઘરમાં જ રહેછે તે ઘરમાં એક મેજપર જ ની વીંટી પડેલી અ જોય તો એ ઠેકાણે તે વીંટી જ ના કબજામાં છે અને જો એ બદદાનતથી તે ખસેડે તો અ એ ચોરી કરી એમ સમજવું.

(ગ) એક ધોરી રસતા ઉપર કોઈ સખસના કબજામાં નહી એવી ... ડેલી અ જોવ તો તે વીંટી લેવાથી અગર અ તે માલકના સાપરાધ ...

ગુનેગાર થાય તોપણ અ એ કંઈ ચોરી કરી એમ શમજવું નહી.

(ઉ) જ ના ઘરમા જ ની એક વીંટી એક મેજપર પડેલી અ જોય અને તજવીજ થઇ ને પકડવાના ભયથી તરત તેનું વીંટીનો પેટો ઉપયોગ કરવાની હીંમત નહી ચલેથી તે એક એવી જગે તે વીંટી સંતાડે કે તાંથી કાઇપણ વખતે તે ઝ નું પાછી જડવાનો ઘણો અસંભવ હોય અને તે વેળાએ તેનો ઈરાદો એવો હોય કે એ વીંટીનું ખોવાઈ જવુ સઊ ભુલી જશે તીયરે એ સંતાડેલે ઠેકાણેથી તે વીંટી કાડીને હુ ઘરીશ તો એ ઠેકાણે તે વીંટી પહેલી ખસેડતી વેળાએજ અ એ ચોરી કરી એમ શમજવું.

(ધ) જ ઘડીઆળીને અ પોતાનુ ઘડીઆળ ઠીક કરવા સારૂ આપે જ તે પોતાની દુકાને લઈ જાય પછી અ ની પાશે તે ઘડીઆળનુ કંઈ એવુ લેહેણુ નથી કે તેના અવેજમાં તે ઘડીઆળ કાયદા મુજબ અટકાવી શકે એમ છતાં અ ખુલી રીતે દુકાનમાં પેશી જ ના હાથમંથી બળથી પોતાનુ ઘડીઆળ છીનવી લઈ ને તે લઈ જાય તો એ ઠેકાણે અ એ શાપરાધ પરવેગ તથા હુમલો કરયો હોય તો પણ અ એ ચોરી કરી એમ સમજવું નહી કેમકે તેણે જે જે જે કીધુ તે બદદાનતથી કીધુ નથી.

(ન) અગર તે ઘડીઆલ શમરામણીના કંઈ પઇશા જ ના અ ની પશે લેહેણુ હોય અને તે લેહેણાના અવેજમા અગર જ તે ઘડીઆળ કાયદા મુજબ અટકાવી રાખે અને પછી ઝ નેં પોતાના લેહેણાના અવેજમા રહેની મીલકતથી રહીત કરવાના ઈરાદાથી અ તે ઘડીઆળ ઝ ના કબજામ થી લઈલે તો તેણે ચોરી કરી એમ સમજવુ કેમ કે તેણે તે ઘડીઆળ બદદાનતથી લીધુ.

(૮) વળી અગર એ પોતાનુ ઘડીઆળ ઝને ઘરેણે આપીયુ હોય અને પછી જ ની રજામદી શીવાય તથા જ ની પાશેથી તે ગડીઆળ ઉપર કરજ લીધેના રૂપીઆ પાછા નઅપયા છતાં તે તે ઘડીઆળ જ ના કબજામ થી લઈલે તો તે ઘડીઆળ તેની પોતાની મીલકત છે ખરી તો પણ તેણે ચોરી કરી એમ સમજવુ કેમ કે તેણે બદદીયાનતથી લીધું.

(ન) અ જ ના કબજામાંથી જ ની રજામદી સીવાય જ ની કાંઇ વસતુ લે એવા ઇરાદાથી કે તે વસતુ પછી આપવાના બદલામા જ કાંઇ પઈશા આપે તાહા સુધી તે રાખી તો એ ઠેકાણે અ એ તે વસતુ બદદીયાનતથી લીધી માટે તેણે ચોરી કરી એમ સમજવું.

(મ) અ જ નો દોસતદારછે તે જ નહી છતા જ ના કીતાબખાનામાં જાય અને માતર વાચવા માટે તથા પાછી આપવાના વીચારથી જ એ સદ રજામંદી આપીયા શીવાય કંઈ ચોપડી તેમાથી લઈ જાય તે એ ઠેકાણે જ ની ચોપડી વાપરવી એવી અરથત સમજાય એવી મને જ રજામદી છે એમ અ ના મનમ હોય એવો સંભવછે જો એ પ્રમાણે હોય તો તેણે ચોરી કરી એમ શમજવું નહી.

(ન) એ જ ની અશતરી પાશે ભીખ માગે અને તે અશતરી અને કંઈ પઇશા પીવાનુ તથા કપડા આપે અને તે રાધણુ તેના વર જ નુ છે એમ જાણતો હોય તો એ ઠકાણે અની અસતરને ભીખ આપવાનો અખતીઆર છે એમ એના મનમાં હોય એવું ભાવછે જો એ પરમાણે એ ના મનમાં હોય તો તેણે ચોરી કરી એમ સમજવુ નહી.

(ઓ) ઈમ જ ની અશતરીનો યારછે તે અસતરી અને કાંઇ કીમતી મીલકત આ અને તે મીલકત તેના વર જ ની છે તથા તે એવી છે કે જે આપવાનો જ એ તેને અખતીઆર આપેલો નથી એમ અ જાણતો હોય તો અગર અ તે મીલકત બદદાનત થી લે તો તેણે ચોરી કરી એમ સમજવું.

મીલકત જ ની હોય તે મીલકત મારી પોતાની છે એમ સુધ બુધી તે મીલકત બ ના કબજામાં લઈ લે. તો એ ઠકાણે અ એ બદદાનતથી તેણે ચોરી કરી એમ સમજવું નહીં.

ટીકા.

ચોરીના તેહેમતના કામમાં કોની મલકત ચોરાઇ છે તે સાફ બતાવવું જોઇએ (મુંબઈ હાઇ કોરટ તારીખ ૧૮ મી નવેમબર સને ૧૮૬૩ વાલમ ૧ પાને ૯૫.) વગર ૨ એ ઝાડ કાપયુ તેથી આ કલમ પરમાણે ચોરી તથા કલમ ૪૨૫ પરમાણે બીગાડ ક એવાં બે તહોમત મુકેલાં તેમા ઠરાવ્યું કે આ કલમના પેહેલા ખુલાસામા ઝાડ કા એટલે ચોરી થઇ શકે છે વાસતે મુકેલ તહોમત બહાલ રાખ્યુ મુંબઇ હાઇકોરટ તા૦ ૨૭મી જુન શને ૧૮૬૨ વા૦ ૨ પાને ૮૧૫. કલમ ૩૭૮ તથા ૩૮૦ પરમાણે કેદ તથા ફટકાની શીક્ષા ઠરાવેલી તેમા ઠરાવ્યું કે જે ગુનાને સારૂ પેનલકોડમાં શીક્ષા છે ને બદલે ફટકાની શીક્ષા કરવાની છે કેદ તથા ફટકાની બેવડી નથી માટે બને શીક્ષા કરવી નહીં મુંબાઇ હાઇ કોરટ તા૦ ૯ જાનેવારી સને ૧૮૬૭. ઘર ફોડવું અને ઘર ની અંદરની ચોરી એ એકજ ગુનો છે માટે સજા કાયમ રાખો (મુંબાઈ હ.ઇ કોરટ તારીખ ૪થી નવંબર સને ૧૮૬૩ તથા તા૦ ૮મી જાનેવરી સને ૧૮૬૪ વા. ૮ પાને વા. ૨ પાને ૧૩૨.) વળી ઠરાવ્યું કે ફરીએ ફરોથી એવો ગુનો કરયો હોતતો તેને શાન કમેટ કરવો હતો તરીખ સદર કોઈ મીલકત ઊપરના હકના દાવાની તકરાર ચાલતી હોય ને તે દાવો બેઠો હોયતો પણ તે મીલકત ખશેડે તેને ચોરનું તહોમત મુકે નહીં મુંબઈ હાઈ કોરટ તા૦ ૧૬મી સપટેમબર સને ૧૮૬૯, મુસલમાન સ્ત્રી તે ધણીની મીલકતમંથી ચોરી કરવાના ઈરાદાથી મદદ કરે તેને મદદગારી બાબત કલમ ૧૪ પરમાણે શીક્ષા કાયમ રાખી ઈંગલીશ લાહ પરમાણે ધણી ધણીઆણી એકતર પણ મુસલમાની શાશતર પરમાણે એકતર ગણાય નહીં (મુંબઈ હાઇકોરટ તા૦૪થી ૨૫ સને ૧૮૬૯ નેટીવ ઓપીનીયન પાને ૧૫.) ભરૂચ જીલામાં અંકલેશવર મધે ક આદીએ પોતાની ઓરત બાઈ લખી ઉપર ઘરમાથી ચોરી એટલે કંઈ રૂપીઆ ઘરાણું જવાહીર વગેરે લઇ જઈ પોતાના યાર સાથે ચોરી કરી તે વીસે ભરૂચના શેશન જડજે શીક્ષા કરી અપીલમા ઠરાવ્યું કે હીંદુ સ્ત્રી પોતાનું પણુ અગર અસતરીધન ધણીના

કબજેથી તેની રજા વગર લઇ જાય તો તેના ઊપર ચોરીનું તહોમત લગે નહીં અસ[illegible]નું પોતાના પલા ઊપર બેશક ધણીપણું છે ને રૂપીઆ લઇ ગયાનો ખાતરી લાયક પુરાવો નથી માટે એ ઓરત ગુનેહગાર નથી અને ઓરત ગુનહેગાર નથી તાગે તેનો યાર મ[illegible]ગારીનો ગુનેહગાર થતો નથી. મુંબઈ હાઈ કોરટ તા૦ ૧૯મી જાનેવારી સને ૧૮૭૧, વા૦ ૮ પાને ૧૧. મદરાસ હાઇ કોરટ રોપોટ ૬૫ પાને, ૧૦૦,

(૬) એક (અ) અને બીજા ભાગદારોનો નોકર હતો ને ભાગદારોના કેટલાક ચોપડા સાથે કોરટમાંથી આવતો હતો એટલામાં એ ચોપડા મારા છે, એવું કહી (અ) એ એ ચોપડા પોતાના કબજામા લીધા અને તે આપવાની ના પાડી માગ્શતરેટે આ ઉપર ચોરીનો ગુનહો સાબીત ઠરાવ્યો તેમા ઠરાવવામા આવ્યું કે (અ). ઊપર એ તહેમત રહી શકે નહી કેમકે (અ)નો તેમજ બીજા ભાગદારોનો નોકર હતો તેથી (ક)નો કબજો તે (અ)નો પણ કબજો હતો ૧૩. પે. લા. રં. પ્ર. ૬૧૦ (નોટ) સરકારના જંગલી ખાતાના ઇનસ્પેક્ટરના કબજામાં જે લાકડાં હોય તે સરકારના પોતાના કબજામાં છે એવું ગણવું જોઇએ અને તેથી તે ઇનસપેક્ટરના કબજામાંથી તેની મજુરીથી કાંઇ લાકડાં જે.ઈતી ફી આપ્યા વગર લઇ જવામાં આવે તો એ ચોરી છે પણ જો એ મજુરી અખીકાર વગર આપી હોય કીંવા તે મંજુરી કપટથી મેળવી હોય તેજ. ૧૪. લા. રી (મુંબઈ) પ્ર. ૬૧૧. કોઈ વેપરીએ કંઇ મીલકત કોઇને સોંપી હોય તે લઇને તે નાશી જાય તો તેણે વીશવાસ ઘાતનો ગુનો કરયો કહેવાય ચોરીનો ગુનો કરયે કેહાય નહીં ૧ વી. રી. પરઉ.(ફોજદરી)આ કલમમાં "બદ દયાનત" એ શબદ છે તેનો અરથ જે સખસ કઇ ગેરવાજબી લાભ અથવા ગેરવાજબી હાની કરવાના ઈરાદાથી કંઈ કરત કરે તેવો અરથ થાય છે ૭. ૫ વી રી, પર૯ ૫૬ (ફોજદારી) કોઈ સખશનો કઈ મીલકતમા હક હોય તે હક ઘણુંજ કાચા પાયા ઉપર હોય તો પણ તે મીલકત તે લે તો ચોરી ઠરતી નથી ૭ વી. રી ૫. ૫૭ એક સખસે એક શેઠના નોકરની મદદ લઇ એક ગુનહો કરયો એ ચોર ચોરી કરવા આવનાર છે એવું એ નોકરે શેઠને કહયું હતું પણ ચોરને સજા થાય એવા હેતુથી ચોરી કરવા આવવાનું કહયું પતું તેમા ઠરાવવામા આવ્યું કે આ ચોરી થઇ નથી કેમકે તે મજુરીથી ચોરી કરવા આવ્યો હતો ને કરને કલમ ૧૦૮ ના ખુલાસા ૫ે અને ચાર મુજબ સજા થાય ૪. ઈં. લા. રી. (કલકતા)પ્ર. ૩૬૬ ઝાડ કાપી લઈ જવામા આવેતો ચોરી અને ખોગડ એવાં બે તહોમત આવે ર મુ હા. રો. પ્ર. ૩૦ર કોઈ હીંદુ અશાતરી તેના ધણીના કબજામાંથી તેની રજામંદી વગર પોતાના પલાની ચીજ લઈ જાય તો તેને તેમજ તે કરત કરવા જેમણે મદદ કરી તેમને પણ સજા થાય નહીં ૮. મુ. હા. રી. પરશાટા૨૧ (ફોજદારી)મુસલમાની કાયદા પરમાણે જે મીલકત ધણીની પોતાની લેખવામાં આવી છે તે મીલકત તેની અસતરી લઈ જાય તો તેણે આ કલમ પરમાણે ચોરનો ગુનહો કરયો [illegible] ૬ મુ. હા. રી. પર૯ ૧૯ (ફોજદારી), ઝાડને કાપાં હોય પણુ તે લઈજ.

હાય તાપણુ તે ચોરી થાય છે ૫ મ. હા રી. એ ૩૬. જે
જનાવરનુ માલીકત હોય તે મીલકત બદદયાનતથી લઈ જવામા આવી ન હોય
તો ગુનહો ઠરાવ્યો હોય તો તે ઉરવાજબી છે ૫ મુ. હા૦ રી૦ એ૦ ૩૭ જે જનાવરો વગ
ડામાં રખડતાં ફરતાં હોય જેમકે સાવજ દીપડી. હરણુ તેની ચોરી થઇ શકે નહીં આરય
પ્ર. ૩૫૧. આવા જાનવરોને જમીનનો માલીક અથવા કોઈ પારકો ધણી માગે તો પછી
એ જમીન ઉપરથી લઈ જનાર સખસ ઉપર ચોરીનું તહોમત આવે આરય પ્ર. ૩૫૧
જંગલી જાનવરોને પણુ પાંજરા વીગેરેમાં રાખી કબજો હોય એવું કર્યું હોય તો પછી
તે ચોરી જનાર ઊપર ચોરીનું તહોમત આવે તેમજ તળાવમા મ છલા હોય તે પણુ
ધણીના કબજામાં છે એવું ગણાયછે અને તે ચોરી જનાર ઊપર પણુ ચોરીનું તહેમત
આવે આરય. પ્ર. ૩૫૧. માલ ધણીના ઘરથી છેટે જગીયો હોય તો કુકડી તેના ઈડા
શેવતી હોય તે ઇંડા શેવાઈ બચા થાય ત્યારે જંગલી કુકડા તરીકે તેને જંગલમાં છુટા
મુકી દેવાનો માલીકનો ઈરાદો હતો પણુ જ્યાં સુધી કુકડી ઈંડાં શેવતી હોય ત્યાં સુધી
તે માલીકનો કબજો છે અને તેથી તે ચોરી જનાર ઉપર ચોરીનું તહોમત આવે છે.
આરય પ્ર. ૩૫૧ આ દેસમા કેટલાક લોકો ધોળાં ખબુતર પાળે છે અને તેઓને માટ
લામાં કે ખુલી પેટીમાં રાખવાનું ઠરાવેલુ હોય છે તયાંથી તે ચોરી જવામાં આવે તો તે
ચોરીનો ગુનહો થાય છે આરય પરગટ ૩૫૧, કોઈ ચોર રકાબી ચોરવાં માટે પેટીમાં
થી તે રકાબી બહાર કાઢે એટલામાં તે પકડાઈ જાય તો તેણે તે રકાબી ખશેડી કહેવાય
આરય. પરગટ ૩૮૧ ગાડામાં કંઈ માલ ચોરવાને ઈરાદે ઠાઠા તરફ ખસેડી લાવવામાં આ
વે તો તેણે ચોરી કરી કહેવાય. આરય. પરસટ. ૩૮૧ એક ચોરે ફરીઆદીના ડગલાના
માંહેલા ભાગમાંથી એક બુક ચોરી લેવા માટે બહાર ખેંચી આસરે એક ઈંચ બાહાર
કઢી ત્યાં ફરીઆદીનો હાથ અકસમાત તે પાકીટ ઉપર પડયો અને તેથી બુક પાકીટમાં
પાછી પડી ગઇ તેમા ઠરાવવામા આવ્યુ કે તહોમતદારે તે બુક ખશેડી માટે તે તહોમ
તદાર ગણાય આરય પરશટ ૩૮૨ એક કાગળ વેચનાવાળો સખસ એક કાગળની ચોરી
કરવાને ઈરાદે કાગળ વેચવાની કાથળીમાથી એક કાગળ પોતાના ડગલાના ખીસામાં મુકે
તો તેણે તે કાગળ ખશેડયો કહેવાય આરય. પ ૩૮૨

૩૭૯ જે માણસ ચોરી કરે તેને તરણ વરસની મુદત સુધીની બેમાંના ગમે તે પ
ચોરીની શીક્ષા | રકારની કેદની અથવા દંડની અથવા એ બનેની શીક્ષા
કરવામાં આવશે,

ટીકા.

૩૭૮, ૩૭૯, ૩૮૦. ૩૮૧ કલમો યા કલમ ૩૮૨. મુજબ કોઈ ગુનાના
હેલ તહોમતને શારૂ પીનલકોડમા ઠરાવેલી શીક્ષાને બદલે ગુનેગાર ફટકાની સીક્ષાને લા
યક છે બાદ્શ વખતના ગુનને શારૂ ફટકા તથા ઠરાવેલી શીક્ષા બનેને લાયક છે શને
૧૮૬૪ નો આકટ ૬ કલમ ૨-૩ જે માલકતની ચોરી થઈ કહેવાતી હોય તે મીલકત તે

ના મૌલીક અથવા કબજેદારના કબજામાં જારી હોવી જેઇએ એટલા માટે જ્યાં એક બળદના મૌલીકે તેના બળદનું મુડદુ ડાટયા પછી કેદીઓએ તે ખોદી કાઢયું તીયા એમ ઠરાવવામાં આવ્યું કે એ ચોરી થઇ શકતી નથી કારણકે એ કહેલી ચોરીની વસતુમાં તેના માલીકે પોતાનું માલીકપણું તથા કબજો બીલકુલ છોડી દીધો હતો (મદરાસ હાઇ કોરટના ફેંસલા વાલીયમ ૪ અપેનડીક્ષ પાને ૩૦ જ્યા સીધિવી ચીજ કંઇ માલ વીનાની હોય તીયાં એમ કલમ ૯૫ મુજબ કંઈ ગુનો થતો નથી મુંબાઇ હાઈકોરટ રીપોરટસ કરમીનલ કેસીસ વા. ૧ પા ૩૫ પણ જ્યા એટલીજ વાત હોય કે એ મીલકતમાં કેદીએ કાંઈ હકનો દાવો કરયો હતો તે પાકો સબબ નથી "જો એ મીલકત એવી રીતે ફરીઆદીના કબજામાં હોય કે કેદીના સામા તેને કબજામા રાખવાનો હક હોય એટલે કે એ કેદી ફરીઆદીની રજામંદી શીવાય એ મીલકત લઈ શકે નહી એવુ હોય તીયારે જો કેદી એ મીલકત ખાઈ જવાના ઇરાદાથી તે બદદાનતથી કબજો કરી બેઠા હોય તો તે ચોરી થાય" રાણી વીરૂધ અમોઇ ચોથી મદરાસ સેસન શને ૧૮૬૨) અને વળી આ એથી પણ ઓછો બચાવ થઇ શકશે કે તહોમતવાળો એક ચીજની કીમત માગતો હતો કે જે ચીજ પાછળથી તીજા શખસને વેચી હતી અને તે પછી તીજા સખસના કબજામાં ગઈ હતી [રાણી વીરૂધ છેલન ચીફ જશટીસ શકાટલાંડ ચોથી મદરાસ સેસન ૧૮૬૨ અગર કેદીનુ તેનો પસે કંઈ લહેણું હતુ તેને પેટે લીધી હતી (રેવનીયુ શીવીલ એંડ ક્રીમીનલ રીપોરટ કેલકતા ક્રીમીનલ રૂલીંગ વા૦ ૧ પાનુ ૬૦ જે ગામના પોલીશ પટેલને અધીકાર મળાયો હોય તે સને ૧૮૬૭ ના આકટ ૮ કલમ ૧૫ મુજબ એ રૂપીઆના માલની ચોરી બદલ રૂ૫) દંડ અગર ૮૪ કલાક સુધી કેદની શજા કરી શકેછે. ચોરીનો ગુનો મુબઇમાં થયો હશે તો સને ૧૮૪૧ ના આકટ ૩ ની કલમ ૪—૫ મુજબ પોલીસ માજીસતરેટ સજા કરી શકેછે. જે ગામમાં માલ ગયો હશે તે ગામ લોક પાસેથી નુકશાન ભરી લેવા સરક્યુલર નંબર ૪૩૭ તા૦ ૨ શપટેમબર સને ૧૮૫૦ પોલીસ ફારમ ૪૭ કીંવા ગુનેગર પકડી આપએ નહી કે ચોર મા ગએલા માલની કીંમતના આધારે સને ૧૮૨૭ ના કાયદા બારની કલમ ૩૭ મુજબ દંડ કરી ફરીઆદીને અપાવો શકાય છે એ પરમણે મુબઇમા થયુ હશે તો સને ૧૮૫૬ નો એકટ ૧૩ હરાજીમા ઝાડ રાખનારે હરાજી મંજુર થઇ રજા મળયા વગર ઝાડ કાપીયાં તે બદલ અકલકોટના સબ માજીગતરેટે ચોરી તથા બીગાડનુ તહોમત રાખી સજા કરી તે હાઈકોરટે બહાલ રાખી તા૦ ૨૭ મી જુન મને સને ૧૮૬૬ વા. ૨ ભગ ૨ પાને ૪૧૬. પીનલકોડ કલમ ૪૪૫ ના ખુલાસાથી ઓટલો ઘરની સાથે વળગેલોછે તેથી ઓટલા ઉપરની ચોરી ઘરની અંદરની ચોરી સમજવી. હાઇકોરટનો ફેંસલો તા૦ ૨૬ અગસટ સને ૧૮૬૨ નંબર ૯૦૫.

એક સખસનો બળદ મરી જવાથી તેને દાટી આવ્યો તહોમતદાર તે ખોદી ... વયો એવું જણાથી તેની ઉપર આ કલમ પરમાણે ચોરીનું તહોમત લાવવામાં ... તેમા ઠરાવવામાં આવયું કે બળદનો માલીક તેનું મુડદુ ડાટી આવયો તયારથી

નો કબજો છોડયો ગણવો જોઈએ અને તેથી ચોરીનું તહોમત આ
(મિ. રી. પ્ર. ૩૦ એક સખસ છાકટો થઈ રસતામાં પડયો હોય તેનાં કપડાં
ચોરી જશે એવી દયા ખાઈ તેનાં કપડાં વીગેરે કાંઈ લઈ લે અને પછી ની
પછાં આપે તો તેણે ચોરી કરી ગણાય નહી. (મ. હૈ, અ. રી. પ્ર. ૧૬૮.

